
# અધ્યાત્મ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો પુણ્યસ્મૃતિ અંક



વર્ષ : ૫ અંક : ૭-૮ એપ્રિલ-મે : ૧૯૮૪ કિંમત : ૩-૦૦

# અંત સમે

અંતસમે ગંગાજમનાજલ તુલસીદલને ના ચાહું,
કોઇ કાને રામનામને ફૂંકે એવું ના ચાહું;
ગીતા કે કો શાસ્ત્રપાઠ વંચાવે કોઇ અંતસમે,
એ અભિલાષા છે ના મારી, વિનતી કરવી એ ન ગમે.

અંતકાલની ચિન્તા છે ના, થવું હોય તે થાય ભલે,
મારી તો ઇચ્છા છે એકજ, દેહાભિમાન છેક જલે,

જીવન સારું પૂર્ણ તમારા પ્રેમમહીં આસક્ત બને,
પવિત્ર થાયે, સત્ય મેળવે, સિદ્ધ ને વળી મુક્ત બને.

... ... ...

આ દેશમાં જે ઋષિ વીતરાગી,
થઇ ગયા પૂરણ ધન્ય ભાગી,
હરોળ તે સર્વ તણી સુહાવું,
પ્રેમી તમારો જગને કહાવું

કરે સદાય યત્ન શરીર,
શમે પારકાની કે પીર.

**શ્રી યોગેશ્વરજી**

નોંધ : વર્ષો પહેલાં લખેલ આ ગીત પ્રમાણેનું જ જીવન પૂ. શ્રી જીવી ગયા એમ નથી લાગતું શું ? —તંત્રી

પ. પૂ. ગુરુદેવનાં ચરણોનાં અંતિમદર્શન
[ એ ચરણોને આપણે હવે સ્થૂલરીતે કદી સ્પર્શી શકીશું નહિ. ]



ચરણ કમળમાં પ્રેમથી, વારંવાર પ્રણામ,
રહ્યો ભવસાગર તર્યા, વિઘ્નો થશે તમામ. — મા સર્વેશ્વરી

## સદાયે તૈયાર

ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.
ફાળવેલું મને જે તે કાર્ય પૂર્ણ થયું
એમ લાગે તમોને કે સ્થાન રિક્ત રહ્યું,
ભલેને મુજને અહીંના પદાર્થો પર પ્યાર,
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.
તમોને અન્યત્ર દીસે જરૂર મહારી
અનિવાર્ય જણાય મારી પ્રીતની બારી.
મધભરેલી વીર્યવંતી શાંતિદા વાણી,
આપણો તો સર્વસ્થળમાં રહેવાનો પ્યાર,
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.
તમારે માટે જ જીવન સમર્પ્યું મારું,
તમોને લાગ્યું, ગણ્યુ છે મેંય નિત પ્યારું;
વગાડી સ્વર્ગીય મારી સુધાસભર સિતાર
હવે એના કયાંક ચાહો બજાવવાને તાર,
મને પણ આસક્તિ ના, ના લાગવાની વાર;
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.
તમે પણ થાકયાં ન હો ના પરિતૃપ્ત થયાં.
માણવો આનંદ હો હજુયે વધારે વાર
તો ગમે તે સ્થળે તેમ જ હો ગમે તે કાળ,
રહેવાને તમારે માટેય છું તૈયાર.
ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૭-૮ છૂટક નકલ ૩-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.
**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ' અધ્યાત્મ ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અંતિમવાણી | યોગેશ્વરજી | ૩ |
| પૂ. શ્રીનું આખરી સંભારણું | નારાયણભાઈ જાની | ૧૧ |
| મહાત્મા યોગેશ્વરજી ખરેખર ગયા ! | બાબુભાઇ વ્હોરા | ૧૭ |
| મહાત્મા શ્રી યોગેશ્વરજી | ડૉ. અશ્વિનભાઈ ડી. પટેલ | ૨૧ |
| પરમ પૂજ્ય યોગેશ્વરજીને ભાવાંજલિ | રમણલાલ ચ. શાહ | ૨૯ |
| પ. પૂ. શ્રી યોગેશ્વરજીને–શ્રદ્ધા–અર્ઘ્ય | ભાઇલાલભાઇ બાટબાર | ૩૨ |
| " જીનકે સાથ કિયા હૈ પ્રેમ, ઉનકો... | જ્યોત્સના બી. ત્રિવેદી | ૩૭ |
| સંસ્કૃતિના જ્યોતિર્ધર પૂજ્ય શ્રી યોગેશ્વરજીને | ચંપકભાઇ શાહ | ૪૦ |
| એક પ્રેરક પ્રસંગ | વિજય એન. પુરોહિત | ૪૩ |
| અવ્યક્તેથી અવ્યક્તે | ડૉ. રણજિત પટેલ | ૪૬ |
| ધરતીની મિરાંત | પ્રભાબહેન પજવાણી | ૪૮ |
| ભાવાંજલિઓ | — | [૧]થી[૮] |
| ગુરુચરણ–સુખધામ | સૂર્યકાંત ભટ્ટ | ૪૯ |
| વિદેશથી આવેલ શોકસંદેશાઓ | — | ૫૦ |
| યોગેશ્વરજી બ્રહ્મલીન | જન્મભૂમિ પ્રવાસી, ફુલછાબ | ૫૨ |
| યોગેશ્વરજીનો દેહવિલય | સૌરાષ્ટ્ર સમાચાર | ૫૬ |
| A Saint Passes | Indian Express | ૫૮ |
| महात्मा योगेश्वरजो नही रहे | दैनिक युगपक्ष | ૫૯ |
| ભાવનગરની ભાવાંજલિ | નાનુરામભાઇ દુધરેજિયા | ૬૦ |
| પૂ. યોગેશ્વરજીને મુંબઈના ભક્તોની અંજલિઓ | — | ૬૬ |
| અમદાવાદના ભક્તોની ભાવભરી અંજલિઓ | — | ૭૧ |
| સ્મરણાંજલિઓ | — | ૭૪ |
| સંદેશાઓ સંક્ષિપ્તમાં | — | ૭૫ |
| મહાત્મા યોગેશ્વરજીને રાજકોટની અંજલિ | — | ૮૩ |
| ભાઈલાલમાંથી શ્રી ભગવાન | પ્રો. જયકૃષ્ણ ત્રિવેદી | ૮૪ |
| પૂ. ગુરુદેવ વ્યાપક બ્રહ્મમાં લીન | ડૉ. રાજેન્દ્ર ભટ્ટ | ૮૭ |
| યોગીને અંજલિ કેવી ? | ગોરધનભાઈ અમીન | ૮૮ |
| મહાત્મા શ્રી યોગેશ્વરજી–એક સંસ્મરણ | બાબુભાઇ મહેતા | ૯૦ |
| પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ | — | ૯૫ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારે

—મા સર્વેશ્વરી

વર્ષ : ૫ એપ્રીલ–મે–૧૯૮૪ અંક : ૭–૮


# પ. પૂ મહાત્મા શ્રી યોગેશ્વરજીની અંતિમવાણી

वसीविभूषित करान् नवनीरदाभात्
पीताम्बरा-दरुण-बिम्बकलाधरोष्ठात्
पुर्णेन्दुसुन्दरमुखादरविंदनेत्रात्
कृष्णात् परं किमपि तत्त्वमहं न जाने ॥

શ્રીમન્ નારાયણ...નારાયણ...નારાયણ...

[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ કાંદીવલીના લક્ષ્મીનારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવત ઉપરના પ્રવચનના પ્રારંભદિને જે પુણ્ય-સલિલા વાણી વહાવતાં અંતિમ શ્વાસ લીધો, તે સમગ્ર પ્રવચન અધ્યાત્મના વાંચકો સમક્ષ અક્ષરસઃ અત્રે રજુ કરેલ છે. એ વાંચતાં શું એવું નથી લાગતું કે પૂ. શ્રી પોતાની જીવનલીલા સંકેલી લેવાની, એમાં ઉદ્‌ઘોષણા કરી રહ્યા હોય ! પોતાની સમગ્ર સાધનાના નિચોડરૂપ ને જીવનની અંતિમ લીલાના સંદેશરૂપ એ પ્રવચન જણાતાં તે અત્રે રજુ કર્યું છે. —તંત્રી]

પ્રવાસી પોતાના ઘરમાંથી પ્રવાસ કરવાને માટે નીકળે, જુદી જુદી જાતના પ્રવાસનાં સ્થળોનાં દર્શન કરે, એના પ્રવાસની પૂર્ણાહુતિ ત્યારે જ થાય જ્યારે તે પાછો પોતાના મૂળ ઘરમાં આવે.

જ્યાં સુધી પોતાના મૂળ ઘરમાં પ્રવેશ ના કરે ત્યાં સુધી પ્રવાસની પરિસમાપ્તિ થાય નહિ. તીર્થો અનેક પ્રકારનાં હોય. સરિતાના, પર્વતોના સુંદર પ્રદેશો હોય. પ્રવાસીનું મન પ્રસન્નતા અનુભવે. પરંતુ સંતોષ તો ત્યારે જ અનુભવે જ્યારે તે પોતાના ઘરમાં પાછો ફરે. પક્ષી પ્રભાતના પ્રથમ પ્રહારમાં પોતાના માળાને ત્યાગીને બહાર વનના વિહારે નીકળે. દિનભર વનની અંદર વિહાર કરે, પરંતુ સંધ્યા સમય આવે એટલે વળી પાછું પોતાના માળામાં આવે. રાત્રિ તો પોતાના માળામાં જ નિર્ગમન કરે. સરિતાઓનાં પાણી સમુદ્રમાં ભેગાં થાય, વળી પાછાં સમુદ્રની દિશામાં અભિસરણ કરે સમુદ્રની અંદર સમાઇ જાય ત્યારે જ તેમને સંતોષ વળે. પદાર્થ જ્યાંથી નીકળે છે ત્યાં વળી પાછો જ્યારે પહોંચે છે ત્યારે તેનો પ્રવાસ પૂરો થાય છે.

આઈઝેક ન્યૂટને એક દૃશ્ય જોયું. એની પહેલાં બધા જ જોતા હતા. ન્યૂટને પણ જોયું. મહાન વૈજ્ઞાનિક હતા. એ જ વૃક્ષ પરનું ફળ નીચે જમીન પર પડયું. નાની સરખી વાત હતી. કોઇ નવી વાત પણ ન હતી કેટલાય માણસો આ પ્રકારની વાતને જોતા હતા ન્યૂટને પણ આ વસ્તુને જોઈ. પરંતુ જોયા પછી તેને વિચાર થયો, જિજ્ઞાસા થઈ કે આ ફળ નીચે કેમ પડયું ? વૃક્ષ ઉપરનું ફળ નીચે પડયું તેને બદલે ઉપર ગયું હોત તો ? વચ્ચે જ અટકી પડયું હોત તો ! નીચે કેમ આ ફળ ગયું ! જિજ્ઞાસાવૃત્તિ હતી. સંશોધનશીલતા હતી, એટલે ન્યૂટનને આ પ્રશ્ન ઉદ્દભવ્યો અને પ્રશ્ન ઉદ્દભવ્યો એટલે ન્યૂટને બેસી રહેવાને બદલે પ્રયોગશાળામાં પ્રવેશીને પ્રયોગ કરવા માડયા. પ્રયોગ કરતાં કરતાં ન્યૂટને પુરવાર કર્યું કે આ પદાર્થોનો સ્વભાવ છે. સ્વ–ભાવ છે

પદાર્થો જ્યાંથી પેદા થાય છે ત્યાં પાછા જાય છે. પદાર્થો જ્યાં સુધી પોતાના મૂળભૂત સ્થાનમાં પહોચતા નથી ત્યાં સુધી તો પ્રવાસ પૂર્ણ થતો જ નથી. બીજ જમીનમાંથી ઉત્પન્ન થઇને તૈયાર



થઈને અંકુરના રૂપમાં પરિણમેલું. અંકુરમાંથી છોડ થયેલું. છોડમાંથી વૃક્ષ થયેલું. વૃક્ષમાંથી શાખા અને પ્રશાખાઓની સૃષ્ટિ, એમાંથી વળી પુષ્પો પ્રગટયાં, ફળ થયાં. હવે તે ફળ જે બીજનું જ પરિણામ હતું તે નીચે પોતાની મૂળ માતા જે હતી–જનની–તે ધરતી માતા, ત્યાંજ જાય ત્યારે તેને સંતોષ સાંપડે. ત્યારે એનું આ સંક્રમણ–રેટેશન અંગ્રેજીમાં જેને કહે છે, તે પૂરું થયું. ત્યાં સુધી ન ન જાય તો પરિસમાપ્તિ ન થઇ. એ ત્યાં નીચે જાય જ–એ સહજ ક્રમ છે.

ન્યૂટને ગુરુત્વાકર્ષણના નિયમની શોધ કરી. ગુરુત્વાકર્ષણના નિયમને અનુસરીને બધા જ પદાર્થો આકર્ષણ અનુભવે. પોતે જ્યાંથી આવ્યા હોય ત્યાં જવાને માટે પ્રયત્નો આદરે. આ ચાલ્યા જ કરતું હોય. જાણ્યે કે અજાણ્યે પદાર્થો ત્યાં પહોચે જ. તોજ તેનો પ્રવાસ પરિસમાપ્તિ પર પહોંચતો હોય. ન્યૂટને કહ્યું કે મેં તો આ નિયમને જોયો. મેં કાંઇ નિયમને પેદા કર્યો નથી. હું કાંઈ કર્તા નથી. હું તો દૃષ્ટા છું. હું સી—જોવું જે જુએ તે સીઅર–જોનારા. આ નિયમ તો મારા પહેલાના જમાનામાંથી કાર્ય કરતો હતો. બધાં જ ફળો પૃથ્વી પર જ પડતાં હતાં. પરંતુ મારી પહેલાના માણસો તેનો વિચાર કરતા ન હતા. મેં વિચાર કર્યો. એની પાછળ કયો નિયમ કામ કરી રહ્યો છે તે મેં તપાસ્યું. અને મને સમજાયું કે જમીનમાંથી પેદા થયેલું વૃક્ષ, એમાંથી પેદા થયેલું પુષ્પ અને ફળ જમીનમાં જ્યાં સુધી જાય નહીં ત્યાં સુધી પોતાના પ્રવાસને પૂરું કરી શકતું નથી.

ઘણી સારી વાત ન્યૂટને કરી. થીયરી ઓફ ગ્રેવીટી અને પછીથી પ્રોફેસર આઇનસ્ટાઈન થયા. મહાન વૈજ્ઞાનિક. એમણે વળી થીયરી ઓફ રીલેટીવીટી–સાક્ષેપવાદના સિદ્ધાંતની સ્થાપના કરી. ઉપર ને નીચે ને મધ્યમાં આ બધા તો મનના ખેલ છે. મન આપણું બનાવે છે દેશ અને કાળના અંતરો, મન દ્વારા તેયાર થાય છે.

ખરેખર તો અનંતકાળમાં કશું ઉપર નથી, કશું નીચે નથી કોઈ પૂર્વ દિશા નથી, કોઈ પશ્ચિમ દિશા નથી. દિશાઓનાં નામો માનવોએ આપેલાં-પોતાની વ્યાવહારિક સગવડને ખાતર.

અનંતકાળનું ચક્ર ચાલ્યાં જ કરે છે. અનંતકાળથી કાર્ય કર્યાં જ કરે છે, આપણા ઋષિઓએ પ્રાચીનકાળમાં આજ વાત કરી કે જેવી રીતે પક્ષી પોતાના માળાને પરિત્યાગીને વનનો વિહાર કરવા આગળ ચાલે છે, પરન્તુ પોતાના માળામાં પાછું પહોચે નહીં ત્યાં સુધી તેનો પ્રવાસ સફળ ન થાય. અથવા પ્રવાસી પણ પોતાના અસલ વતનમાં-ઘરમાં જ્યાં સુધી પહોંચે નહીં, ત્યાં સુધી પોતાના પ્રવાસની પરિસમાપ્તિ સમજે નહીં. સરિતાઓ સમુદ્રમાંજ સમાય; અને સરિતા અથવા સાગરમાથી બંધાયેલા વર્ષા-ઋતુનાં વાદળાંઓ વળી પાછાં વરસાદને વરસાવી જ્યાંથી પેદા થયાં હોય તેજ સાગરમા સમાય.

આ બધું ચાલ્યા જ કરે છે. કુદરતના નિયમને આધીન. અને તેવીજ રીતે ન્યૂટન કહે છે તેમ બીજ વૃક્ષમાંથી બનેલું, વળી વૃક્ષરૂપે આવે, ફૂલ વળી પાછું ધરતીમાં જાય. આ બધું ચાલ્યા જ કરે છે. ઋષિઓએ કહ્યું કે એવી રીતે આ જીવ એ સચ્ચિદાનંદ સ્વરૂપનો-પરમાત્માનો અંશ. પરમાત્મા એ એનું અસલ વતન-માદરેવતન, જેને મધરલેન્ડ આપણે કહીએ છીએ, મધરલેન્ડ કે ફાધરલેન્ડ કહો કે પેરેન્ટશીયલ લેન્ડ કહો,-મા બાપ બેયને સાથે રાખો તો પણ એનો એક એવો પ્રદેશ છે, જ્યાંથી આ જીવ નીકળી પોતાની શક્તિને પામે છે ને જીવન પ્રાપ્ત કરે છે. વેદ કહે છે 'यतो वा इमानि भूतानि जायन्ते' જેમાંથી આ બધાજ ભૂતાનિ જાયન્તે-જીવો પેદા થાય છે; येन जातानि जीवन्ति અને પેદા થયા પછીથી યેન જે પરમાત્માની પરાત્પર શક્તિની મદદથી-જીવનથી, ધારણ-પોષણ પ્રાપ્ત કરે છે, જીવન પ્રાપ્ત કરે છે; येन प्रयन्ति, अभिसरन्ति, बिशन्ति અને પછી તેમની તરફ પ્રયાણ કરતા



કરતા છેવટે વિલીન બની જાય. સરિતા જેમ સમુદ્રમાં સમાઇ જાય તેમ. આ બધાજ જીવો પરમાત્માની અંદર પોતાના અસલ મૂળ ભૂત સચ્ચિદાનંદ સ્વરૂપની અંદર સમાય જાય છે.

તે પરમાત્માની પરમશક્તિ तद् बह्मेति व्यजानात् तद् विजिज्ञास्व. ઉપનિષદ્‌ના ઋષિઓએ કહ્યું કે તેને વિજિજ્ઞાસસ્વ-આ પરમાત્માને ઓળખો. तद् बह्मेति व्यजनात् એને જ પરમાત્મા કહેવામાં આવે છે.

પરમાત્મા જે સૌના આધાર છે, સૌના મૂળ છે, અને એમાંથી નીકળેલા અનંત જીવો છેવટે જ્યાં સુધી તે પરમાત્મા તરફ અભિમુખ બને નહીં, તે પરમાત્મામાં સમાશે નહીં, તે પરમાત્માને પામશે નહીં, ત્યાં સુધી આ જન્મમરણની શૃંખલા ચાલુ જ રહ્યા કરવાની. કોઈ પણ જીવ આ જે સર્કલ ચાલે છે-લાઇફ ડેથનું-જન્મ ને મરણનું જે ચક્ર ચાલે છે. ગીતા એને સંસૃતિ ચક્ર કહે છે, તે સંસારના ચક્રમાંથી કોઈ પણ જીવ છૂટી નીકળી શકે નહીં. કોઇ પણ જીવ શાંતિ પામી શકે નહીં. કોઇપણ જીવ સંપૂર્ણ સંતોષનો અનુભવ પણ કરી શકે નહીં. પ્રત્યેક જીવે છેવટે ત્યાં પહોંચવાનું છે. પોતાના ગંતવ્ય સ્થાનમાં પોતાના ઉદ્‌ભવ સ્થાનમાં, જ્યાંથી જીવ નીકળી ને જીવન પ્રાપ્ત કરે છે ત્યાં જવાનું છે.

કોઇ જાણીને જાય છે, કોઇ અજાણ્યે જાય છે. કોઇ જલ્દી જાય છે, કોઇ જન્મો લગાડીને જાય છે. કોઇ રસપૂર્વક જાય છે, કોઇને બળજબરી જવું પડે છે. પણ છેવટે જવાનું તો ત્યાં જ છે. અને જ્યાં સુધી જીવ ત્યાં નહીં જાય, પરમાત્મા પ્રત્યે અભિમુખ નહીં બને ત્યાં સુધી તે શાંતિની પ્રાપ્તિ કરી શકશે નહીં.

આપણાં બધાં જ શાસ્ત્રો આ વાતને એકી સ્વરે કહે છે. કથાઓ આપણે સાંભળીએ છીએ, ભાગવતની કથાઓ સાંભળીએ છીએ, સપ્તાહો સાંભળીએ પરંતુ સપ્તાહો ને કથાઓ ના સાંભળીને અને કેવળ શબ્દનો જ વિચાર કરીએ, શબ્દનો જ અર્થ

સમજી લઈએ, તો પણ આપણે માટે ઘણું થઈ જાય.

આ શાસ્ત્રો આપણને શું કહેવા માંગે છે? ભાગવત. ભાગવત સંસ્કૃતમાં ભગવદ્ શબ્દ છે. ભગવદ્ એટલે શું? ભગવાન અને એના ઉપરથી ભાગવત્ શબ્દ થાય. જેનો અર્થ એવો થાય કે ભગવાનના. ભગવાનના તે ભાગવત કહેવાય. આ આખોયે ભાગવદ ગ્રંથ જે છે તે ભાગવત ગ્રંથ જો આપણે બંધ કરી દઈએ અને એના ઉપરનું જે નામ છે–ભાગવત શ્રીમદ ભાગવદ્ તેનો જ વિચાર કરીએ, તો પણ આપણને સમજાઈ જાય કે ભાગવતના બધા જ સ્કંદો છેવટે આપણને કહેવા શું માંગે છે? એ જ કહેવા માંગે છે કે હે જીવ, તું ભાગવત–ભગવાનનો થા. તું ભગવાનનો થયો નથી, એટલે આ બધી ઉપાધિ છે. તું માયાનો થઈ ગયો, માયામાં આસક્ત બની ગયો, માયાની મમતા કરીને બેસી ગયો, જે તારું નથી શરીર તેને તારું સમજી બેઠો. જે ઘર તારું નથી, કુટુંબીઓ, સ્વજનો તારાં નથી, તેને તારાં સમજી બેઠો.અને પોતાનો જે સ્વ છે તે સદ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા જેનો તું અંશ છે, જે તારા મૂલાધાર છે તેનું તું વિસ્મરણ કરીને સંસારની અંદર ફરે છે. જો તારે શાંતિની સંપ્રાપ્તિ કરવી હોય, જીવનને કૃતાર્થ કરવું હોય, તો હવે તું ફરીથી જ્યાંથી ભૂલ્યો છે ત્યાંથી ફરી ગણ અને ભાગવત–ભગવાનનો થઈ જા. તો કથાને હવે આગળ સાંભળવાની આવશ્યકતા છે?

આપણે આગળ સાંભળવાની આવશ્યકતા એટલા માટે પડે છે કારણકે આપણે મર્મને સમજતા નથી. તો મર્મને સમજાવવાને માટે વારંવાર એ વાતનું [રીપીટેશન] પુનરાવર્તન કરવું પડે. વારંવાર જેમ હથોડાઓ મારવા પડે છે લુહાર હથોડાઓ મારે ને વારંવાર હથોડાઓ માર્યા પછી તે લોઢાને ઠીક કરે તેમ આપણું જે મન લોઢા કરતાં પણ વધારે કાટવાળું છે, તેને સરખું કરવા માટે એકાદ ભાગવદ સપ્તાહ કાંઈ પરિપૂર્ણ થાય તેમ નથી.



હજારો ભાગવદ્ સપ્તાહો આપણે સાંભળવી પડે. અને તે છતાં પણ કેટલીકવાર કાટમાળ આપણા મનની અંદર જે હોય તે દૂર ન થાય લાખો જપ કરવા પડે, દેવદર્શન આખા જનમ સુધી આપણે કરવાં પડે, તીર્થોમાં જવું પડે, શાસ્ત્રાર્થ ને શાસ્ત્રગ્રંથોનું અધ્યયન, વાંચન, મનન, ચિંતન બધું કરવું પડે. તે છતાં પણ મનજીરામ માને નહીં. ઠેકાણે ના આવે એમ બને.

અને કેટલીકવાર થોડા વખતમાં જ ઠેકાણે આવી જાય મન. બરાબર સમજી જાય કે ઠીક છે હવે સમજાઈ ગયું. આ પ્રમાણે આપણે કરવું જ જોઈએ. તો જ્યાં સુધી નિશ્ચયાત્મિકા બુદ્ધિ ન થાય, ત્યાં સુધી કથાનું શ્રવણ ચાલું જ રાખવું પડે. ત્યાં સુધી શાસ્ત્રનું અધ્યયન અને શ્રવણ કરવું જ પડે.

પરંતુ તેમનો સાર તો આજ છે. ભાગવત ભગવાનનો થઈ જા. હે જીવ, તું ભગવાનનો બની જા. તો પીડા ને કલેશ તથા અશાંતિમાથી તને મુકિત મળશે, અને પછી જે જે જીવો ભગવાનના થઈ ગયા છે તેમનાં વર્ણનો શરૂ થાય છે. શ્રીમદ્ ભાગવતમાં કારણકે માણુસ પૂછે છે ભગવાનના થવામાં કંઈ ફાયદો ખરો? ભગવાનના થવાથી કંઈ લાભ છે? એટલે શ્રીમદ્ભાગવદ્ બતાવે છે કે તમે જ હવે વિચાર કરી લેજો. અમે તો જે ભગવાનના થયેલા તેવા માનવોનાં રેખાચિત્રો તમારી સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ. હવે તમે જ વિચાર કરી લો. નીરક્ષીર વિવેક દ્વારા કે આ પ્રમાણે ભગવાનનું શરણ લઈને ભગવાનના થનારા જે જીવો છે, તે દુઃખ મુક્ત થયા કે ન થયા? તેમને સુખ શાંતિ સાંપડી અથવા ન સાંપડી? વિચાર કરી લો તમે.

શુકદેવજીનું પાત્ર શ્રીમદ્ભાગવતના આરંભમાં જ આવી જાય, અને પછી મહર્ષિ વ્યાસ આવી જાય અને એની સાથે સાથે પછીથી પરિક્ષિતનું પાત્ર આવે. શમિક મુનિનું પાત્ર આવે. શૃંગીઋષિનું પાત્ર આવે. વળી શ્રીમદ્ ભાગવદ આગળ ચાલે એટલે સનત-

કુમારો ચાર સનકાદિકુમારો–સનક, સનંદન, સનાતન સનતકુમાર; ચાર બ્રહ્મકુમારો, અખંડ બ્રહ્મનિષ્ઠાની અંદર મગ્ન રહેનારાઓ તેમનું ચરિત્ર નિરૂપણ આવે. અને વળી પાછું શ્રીમદ્ ભાગવત આગળ ચાલે એટલે પાંચજ વરસના ભક્તશિરોમણિ ધ્રુવજી અને અને પછીથી આઠ વરસના પ્રહલાદજી અને પછીથી જેમ જેમ ભાગવદ આગળ ચાલે તેમ તેમ મહર્ષિ કપિલ, માતા દેવહૂતિ, મહાત્મા કર્દમ, આ બધાં ચરિત્રો ચાલ્યાં જ કરે છે. અને ભાગવદ્ આગળ ચાલતું જાય તેમ ભક્તિમાર્ગની અનન્ય ઉપાસિકાઓ જેમને આપણે ગોપીઓ કહી શકીએ. પરમાત્માની પરમકૃપાપાત્ર તેવી ગોપિકાઓ દશમ સ્કંદની અંદર આવે તેમનાં ચિત્રો આપણી નજર સામે પ્રસ્તુત કરવામાં આવે. જેથી આપણે સમજી શકીએ કે પરમાત્માની પ્રેમભક્તિ દ્વારા માનવજીવન કેવું બની શકે, અને પછીથી ભાગવદ્ આગળ ચાલે એટલે એકાદશ સ્કંદની અંદર નવ યોગેશ્વરોની કથા, ઉદ્ધવજી તથા ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની કથા અને વળી શ્રીમદ્ભાગવદ્ આગળ ચાલે તે બારમાં છેલ્લા સ્કંદમાં પ્રવેશે એટલે મહર્ષિ માર્કંડેય જેમણે પરમાત્માની પરમ અનુકંપાને પ્રાપ્ત કરી હતી તે મહર્ષિ માર્કંડેયની કથાનું નિરૂપણ અને પછીથી પરિક્ષિતને મોક્ષ મળી જાય છે. તક્ષકનો ભય ચાલ્યો જાય છે. પરિક્ષિતનો ને આ જે બધા ભગવાનના થઈ ગયા હતા તેમના જીવનનાં વૃતાંતો શ્રીમદ્ ભાગવતમાં આવે એટલા માટે ભાગવત નામ છે.

અને ભાગવત કહે છે કે જુઓ, એમને કેટલો આનંદ થઈ ગયો ! કેટલું સુખ થઈ ગયું કેટલી શાંતિ મળી અને તમે તે સુખ ને શાંતિની તલાશ હજી કરો છો ? તે ભગવાનના થઈ ગયા, તમે થયા નથી. માટે તમારે હૈયાની હોળી હંમેશાની છે. આમની હોળી કાયમને માટે ટાઢી પડી ગઇ ને એમના જીવનમાં દિવાળી રોજની

( અનુસંધાન પાના ૧૬ ઉપર )



# પૂ. શ્રીનું આખરી સંભારણું

નારાયણભાઈ જાની

તા. ૨૫ ફેબ્રુઆરિ '૮૪ના રોજ અમે પૂ.શ્રીનાં પાતંજલ યોગદર્શન ઉપરનાં પ્રવચનો સાંભળવા માટે અમદાવાદ ગયાં. આ પ્રવચનો ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં પાંચ દિવસ માટે હતાં. ગણતરી એવી હતી કે પૂ.શ્રી ને પૂ.માનાં દર્શન થશે ને એકાદ બે પ્રવચનો સાંભળી પાછાં આવી જઈશું. પરંતુ પૂ.શ્રીએ આગ્રહ કરી પાંચ દિવસ રોકયાં. એ એમનું છેલ્લું મિલન બની રહ્યું.

તા. ૨૬ના રોજ બપોરની બેઠકમાં પૂ.શ્રીને મળવા ગયો. ત્યારે પૂ.શ્રીએ અધ્યાત્મ વિષે ચર્ચા કાઢી કહ્યું. 'નારણભાઇ, અધ્યાત્મને આપણે શ્રદ્ધાંજલિનું માસિક બનાવવા માંગતા નથી. એટલે એમાં શ્રદ્ધાંજલિઓ–અતિ આવશ્યક સિવાય મૂકવી નહિ. બાકી આ સંસાર એવો છે કે એમાં લોકો જન્મવાના અને મરવાના. આપણે બધાંને શ્રદ્ધાંજલિઓ આપવી એવું થોડું જરૂરી છે? પૂ.શ્રીનું આ સૂચન ડીસે. ૮૩ના અંકમાં લખાયેલ શ્રદ્ધાંજલિઓના અનુસંધાનમાં હતું.

મેં કહ્યું, "પ્રભુ, જે જીવો આપના પ્રત્યે પ્રેમ ને શ્રદ્ધા રાખતા હોય, એવા જીવો માટે બે શબ્દો લખું તો એ જીવોને શાન્તિ મળે છે કે કેમ, તે ખબર નથી. પણ એમનાં સગાઓને તો જરૂર શાંતિ મળતી હશે. આમ છતાં, હવે પછી એ અંગે જરૂર ધ્યાન રાખીશ."

ત્યારે મને કયાં કલ્પના હતી કે પ.પૂશ્રી વિષેજ મારે એક મહિનામાંજ એઓશ્રીને ભાવાંજલિ લખવી પડશે ?

બીજી વાત પ્રભુએ એ કહી કે અધ્યાત્મમાં અત્યાર

સુધી મારા ઘણા ફોટા મૂકયા. હવે ફોટા ન મૂકો તો ચાલે.

મેં કહ્યું, "આપના સૂચન પ્રમાણે દર મહિને નહિ મૂકું પરંતુ આપનો કે પૂ માનો જન્મદિન હોય, કે પૂ. માતાજી જ્યોતિર્મંયીનો સંવત્સરી દિન" હોય ત્યારે મૂકુ તો ચાલશે-ને ? તેઓએ તે માટે સંમતિ આપી.

ભૌતિક સ્વરૂપે તેઓ હવે વધુ વખત આપણી વચ્ચે નથી રહેવાના એવી કલ્પના તો મને ત્યારે કયાંથી આવે ? પરંતુ પૂ શ્રીના એ સૂચન પાછળ મા જગદંબા કંઇ સૂચવી રહી હતી, તેનો ખ્યાલ તો આ અબૂધ જીવને પછી આવ્યો.

વળી જાન્યુ. ૮૪માં હું મુંબઇ ગયેલો. તેનો ઉલ્લેખ કરી પૂ શ્રીએ કહ્યું: તમે મુંબઈ વહેલા જઇ આવ્યા. હમણાં -માર્ચમાં આવ્યા હોત તો વધુ લાભ મળત પછી ઉમેર્યું: "કાંદીવલી અવાય તો આવજો". આ વાત તો તેઓએ સરળ અને સહજ ભાવે કહી. પરંતુ તેની પાછળ કોઇ ગર્ભિત સંકેત હતો તેનો મને ખ્યાલ શી રીતે આવે ?

તા ૧૬મીએ મારાં પત્નીએ મને કહ્યુ પણ ખરૂં કે તમને મહાત્માજી કહેતા હતા તો મુંબઇ જાઓ. મરશે થોડા પૈસા ખર્ચ થશે તો ફરી આવો લહાવો નહિ મળે. પણ હું થોડી પ્રવૃત્તિવાળો સંસારી જીવ એટલે એપ્રિલમાં અમદાવાદ-માં પૂ.શ્રીને મળીશ એમ કહી મન મનાવ્યું. પરંતુ ત્યારે કયાં ખબર હતી કે પૂ.શ્રી સાથેનું એ મિલન પ્રભુને મંજૂર નહિ હોય !

પૂ.શ્રીના લીલા સંવરણના સમાચારો સાંભળતાંજ દિગ્મૂઢ બની જવાયું. શરીરમાંથી ચેતના ચાલી જતી લાગી પણ ઘણીવાર વાસ્તવિકતા કલ્પના કરતાંય વધુ કઠોર હોય છે. એનો અનુભવ જીવનમાં પ્રથમવાર થયો.

પૂ.શ્રીનો ભૌતિક દેહને અમદાવાદના સાબરમતી તીરે



અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. ત્યારે થયું "ઓ પ્રભુ, તે કેવી કઠોરતા સરજી કે જેમના દેહના સ્પર્શથી અમે જીવન-ધન્યતા અનુભવતા, એજ પરમ પવિત્ર તપઃપૂત દેહને કાષ્ઠોમાં અમે જલાવી રહ્યા છીએ ! કેટલી તપશ્ચર્યા ને અનુભૂતિઓ આ પાર્થિવ દેહે અનુભવી છે અને કેટકેટલા સત્યના સંશોધકો ને સાધકમાર્ગના યાત્રીઓને એમણે પ્રેરણાનાં પીયૂષો પાયાં છે, તેને અમે જલાવી રહ્યા છીએ ! હવે અમારા પ્રશ્નો-ના જવાબો કોણ આપશે ? સાધનાના અનેક પ્રશ્નો માટે એ તો જીવંત Encyclopiedia હતા. હવે એમની ખોટ કોણ પૂરશે ? એમને વળાવીને આવતાં એમનીજ લખેલી પેલી પંકિતઓ મનમાં ઊઠી;

"અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા" પણ પ્રભુ...અમને લાગ્યું...

"અમે અમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા". અમે જીવંત પાછા ફરી રહ્યા હતા. પરંતુ અમારું ચેતન ને શકિત તો જાણે અમે એ ચિતામાં જલાવીને આવ્યા ! હવે એ પાછાં શી રીતે આવે !

પ્રભુએ, કોઇપણ અણસાર આપ્યા સિવાય એમની જીવન લીલા એકજ મિનિટમાં સંકેલી લીધી. તેઓ કહેતા કે 'ભાઈ, આ નશ્વર કાયાની માયા શી !' જાણે એ પરમ સત્ય સમ-જાવવા માટેજ. એમણે એમની કાયાને પ્રવચન કરતાં કરતાં જ પરમ પરમાત્માની પરાત્પર શકિતને સોંપી દીધી ! જીવન-માં જે કહેતા તે પ્રત્યક્ષ આચરી બતાવ્યું.

અંત સમે તેને કરે યાદ પ્રેમથી જે,
મનને જોડે તે મહીં, પામે પ્રભુને તે.

ભગવાન કૃષ્ણચંદ્રના એ વચનો પ્રમાણે પૂ. શ્રી તો પ્રભુ સ્વરૂપને પામી ગયા. (ગી. અધ્યા. ૮-શ્લોક ૧૦)

પૂ. શ્રીના જવાથી મારી જેમ અનેક જીવોના જીવનમાં ન પૂરાય તેવો એક ખાલીપો ઊભો થઇ ગયો. જીવનમાં બધુંજ છે, પણ પૂ.શ્રી નથી. એટલે જાણે કે જીવનમાં નથી રહ્યો રસ કે નથી રહ્યો આનંદ, અને છતાંય જીવવું પડે છે, એ કેવી કરૂણદશા છે!

એમના જવાથી સૂનું થઇ ગયું એ સાબરમતી તીરેનું સરોઠા ગામ, એ સકલ એપાર્ટમેન્ટનું સત્યપથ ને મા સરસ્વતી જેમની ઉપાસના એમણે સદાય પ્રેમ ને ઉત્સાહપૂર્વક કરી, મા ગુર્જરીને અનેક શાશ્વત ગ્રંથોની ભેટ ધરી. અને મા સર્વેશ્વરી ને એમના-સાધકો આધાર વિનાના થઈ ગયા. એ સહુના એ નાથ હતા—હવે સહુ અનાથ બની ગયા જેમના જીવનનું ચેન ને શાંતિ હાલ પૂરતાં તો હરાઈ ગયાં!!

પૂ. શ્રીએ જીવનમાં ઘણું બધું મને આપ્યું છે. જીવનનાં પચાસ વર્ષો સુધી હું એમનો એકધારો પ્રેમ પામ્યો છું એટલેજ મારૂં દુઃખ મારી વ્યથા સવિશેષ છે હું તો માનતો હતો કે આ પૃથ્વી પરથી અમે વિદાય થઇશું ત્યારે પણ પૂ. શ્રી તો રહેવાના જ. પરંતુ એ અમારી માન્યતા હતી; પ્રભુની ઇચ્છા ન હતી, એટલે જ આવું બન્યું. એને અમારે સ્વીકારવી જ રહી.

હું માનું છું કે પ્રેમમાં અગાધ શકિત છે. એ શકિતના બળે કરીને જ પ્રભુ, આપે મા જગદંબાને સાક્ષાત કર્યાં હતાં. અમારી પાસે પણ એવા પ્રેમની થોડી પૂંજી છે. એ શું આપને અમારાથી દૂર કેટલો વખત રાખી શકશે? આપે જ ગાયું છે કે;

"પ્રેમ કેરે દોર બાંધ્યા, તમને મેં રણછોડ."

તો પ્રભુ, અમે પણ અમારા પ્રેમના દોરથી આપને અવશ્ય ખેંચી શકીશું, એવી અમારી શ્રદ્ધા છે. આપ અમારાથી



કેટલો વખત દૂર રહી શકશો?

પૂ. શ્રીએ નવે. ૧૯૭૯ની હૃદયની બિમારી પછી ઘણી ઝડપથી ઘણાં કામો કર્યાં. એમાં અમારા જેવાઓ માટે પ. પૂ. મા શ્રીસર્વેશ્વરીનું આગમન મહામંગલમય બન્યું. પૂ. શ્રી એમને 'મા'જ કહેતા અને તે અમો સહુ પ્રેમી સાધકોના પણ 'મા' બન્યાં. આજે અમારા સહુનું એ આશ્રયસ્થાન છે. એમના જેવું તપ અને તિતિક્ષા, સમર્પણ ને સેવા તો અમારામાં નથી, પરંતુ એ પરમ કરુણામયી છે. એટલે અમારા સહુના જીવનમાં ઉત્સાહ ને ચેતના રેડવાનું કાર્ય પ્રભુશ્રી એમની મારફત કરશે એવો વિશ્વાસ છે.

જરા તટસ્થભાવે વિચારતાં લાગે છે કે પૂ. શ્રીની જે જે ભાવનાઓ હતી-દેશ, દુનિયાં ને દુઃખીઓને કામ આવવાની, તે મહાકાર્ય માટે એમનું પાર્થિવ તનું મા જગદંબાને સક્ષમ નહિ લાગ્યું હોય. એટલેજ એમને બોલાવી લીધા, જેથી તેઓ સૂક્ષ્મ સ્વરૂપે વધુ વ્યાપક ફલક ઉપર સહુની સેવા કરી શકે.

પૂ. મા સર્વેશ્વરીએ અમદાવાદની તા. ૨૫-૩-૮૪ની સભામાં કહ્યુ કે પૂ. શ્રીનો ભૌતિક દેહવિલય તા. ૧૮/૩ના રોજ થયો, એ એમના સૂક્ષ્મ સ્વરૂપનો પ્રાકટયદીન લાગે છે! એ સાચું લાગે છે.

પૂ.મા કહે છેઃ સત્યપથમાં રહેતાં મને નથી લાગતું કે હું એકલી હોઉં. પૂ.શ્રી નું સૂક્ષ્મ સાન્નિધ્ય હું અનુભવું છું! એટલે અમારી પણ એજ પ્રાર્થના છે કેઃ પૂ.મા, આપની જેમ અમે પણ એમનું સૂક્ષ્મ સાન્નિધ્ય અનુભવી પ્રેરણા પામી શકીએ, એવા આશીર્વાદ આપો,

"પ્રિય વાંચકો, આપણે સહુ શ્રી યોગેશ્વર પરિવારના ભાઇ બહેનો છીએ. એમનું પ્રેમતત્ત્વ આપણ સહુના પરસ્પર જોડાણનો તંતુ છે. તે દિનપ્રતિદિન મજબૂત બનતો રહે

અને પૂ. શ્રીની ભાવના પ્રમાણેનાં કામો કરવાની પ્રેરણા, શક્તિ ને બુદ્ધિ આપણને મળતી રહે. આપણે સહુ એક રહીએ અને ઈશ્વર તેમજ સંતોમાંની શ્રદ્ધાને કદી ન ગુમાવીએ.

અધ્યાત્મને માર્ગે–'પ્રકાશના પંથે' આપણે સહુ ઉત્તરોત્તર પ્રગતિ કરીએ ને અધ્યાત્મ માસિક, મા જ્યોતિર્મયી વિશ્રામગૃહ ને પૂ.શ્રીનાં જે જે કાર્યો આરંભેલાં છે તેને સંપૂર્ણ શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરી–એમના પ્રત્યેનું આપણું ઋણ–અદા કરીએ. આપણું એ તર્પણ બની રહો.

—※—

( અંતીમવાણી અનુસંધાન ૧૦નું ચાલું )

થઈ ગઈ હતી. રોજનું બેસતું વર્ષ હતું. રોજનો આનંદ હતો.

તમારું બેસતુ વરસ તો કારતક સુદ એકમને દિવસે જ એક જ વાર વરસમાં આવે. આમનું બેસતું વરસ રોજ ચાલ્યા જ કરતું હોય. રોજ દિવાળી-દેવદિવાળી ચાલ્યા જ કરે. એવાં આમનાં જીવન બની ગયાં હતાં.

ભાગવત એમ પણ કહે છે કે ભગવાનના જે ગુણો, ભગવાનનું જે રહસ્ય, ભગવાનનો જે મહિમા એનું પણ નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે, એટલે ભાગવત.

એની અંદર બહુ સુંદર રીતે બતાવવામાં આવ્યું છે કે જીવ પરમાત્માનો જ્યાં સુધી નથી બનતો, પરમાત્માનો પરમ કૃપાપાત્ર થતો નથી, ત્યાં સુધી સુખ અને શાંતિની સંપ્રાપ્તિ કરીને પોતાના જીવનનું કલ્યાણ કરી શકતો નથી. ભાગવતનો આ સાર. રામચરિત્ર માનસનો સાર. ભગવાનનું જે ચરિત્ર, તે ચરિત્રનું નિરૂપણ રામ ચરિત માનસમાં પણ કરવામાં આવ્યું છે.



# મહાત્મા યોગેશ્વરજી ખરેખર ગયા!

—બાબુભાઈ વ્હોરા

હજુ મનમાં ખાત્રી નથી થતી કે મહાત્મા યોગેશ્વરજી તેમનો સ્થૂળ દેહ છોડીને ગયા છે. હવે તો પળે પળે તેમની યાદ અને તસ્વીર ખડી થાય છે. શરીરમાંથી શક્તિ ચાલી ગઈ છે. ધ્યાન કેન્દ્રોમાં સવારમાં રોજ જતાં શકિતહીન બની ગયો તેવું અનુભવી રહ્યો છું. આમ છતાં તેઓશ્રીનું કામ ચલાવવાનું જ છે, એમ મનમાં થયાં કરે છે.

મારા જીવન સાથે તેઓ એવા ઓતઃપ્રોત થઇ ગયા હતા કે તેમના કામમાં અને સાન્નિધ્યમાં આખો દિવસ વ્યતીત થતો. આ ઉપરાંત તેમનું સાન્નિધ્ય એવું હતું કે તેઓ લોહચૂંબકની માફક મને ખેંચતા અને તેમને છોડી જવાનું મન ન થતું.

હું સંપર્કમાં કેવી રીતે આવ્યો તે એક આકસ્મિક ઘટના છે. ૧૯૭૬માં સમર્થેશ્વર મહાદેવના પ્રવચનમાં મને બોલાવી મારૂં સરનામું માગ્યું અને પ્રવચન ગોઠવવા મને આદેશ આપ્યો. ત્યારથી જ અમારો સંબંધ શરૂ થયો. ભગવાનની કેવી અકળ લીલા કે સામેથી મને ગુરુની ઉપલબ્ધિ થઈ અને મારા સમસ્ત જીવનનું પરિવર્તન થઇ રહ્યું.

પુજ્ય યોગેશ્વરજીના જીવનનું ધ્યેય એક જ હતું જે કોઈ સાધક તેમના સંપર્કમાં આવતા તેની ભૂમિકા જાણી તે પ્રમાણે પરિવર્તન કરાવવામાં માર્ગદર્શન આપતા અને સાધનાને માર્ગે આગળ લઈ જતા. ભલે લાખોની સંખ્યામાં સાધકો પરિવર્તન નહીં પામ્યા હોય, પણ ભારત તથા પરદેશોમાં હજારો

સાધકોએ પોતાના જીવનને સાચે માર્ગે લઈ જવા પ્રયત્ન કરી રહ્યા છે. આમ મારું મૂલ્યાંકન છે.

અત્યારના હડહડતા કળયુગમાં આપણું અને સમાજ જીવનનું પ્રતિબિંબ કેવું છે! ચારે બાજુ ભ્રષ્ટાચાર, અનીતિ, ચારિત્ર્યહીનતા અને મનુષ્ય મનુષ્ય તરીકે જીવતો નથી અને ભૌતિક માયામાં ફસાયેલો રહે છે. આવા જ સદ્ગુરુ હજારો મનુષ્યોને આપતપંથે જતા અટકાવી શકે. આ કામગીરી કંઇ નાનીસૂની નથી, કારણકે અત્યારે સંપ્રદાયો કે ધર્મના નામે ઘણા ગુરુઓ વ્યાપી રહ્યા છે, ત્યાં આવા સાચા ગુરુની ખરી આવશ્યકતા હોય તો જ સન્માર્ગે સાધક જઈ શકે.

જેમ શ્રી રમણ મહર્ષિએ પોતાના મૌન દ્વારા અનેક સાધકોને જીવન જીવવાનો સંદેશો પહોંચાડયો હતો તેમ યોગેશ્વરજીએ પોતે પવિત્ર, આધ્યાત્મિક જીવન જીવી લોકોને સાધના તથા સ્પંદનો દ્વારા સંદેશાઓ આપ્યા છે.

એમના જીવન દરમ્યાન એમના ગુણો આપણને જોવા મળ્યા. નિયમિતતા, અપરિગ્રહ વૃત્તિ, સાદાઇ, પવિત્ર વ્યવહાર, ચોકસાઈ, પ્રેમ, પ્રભાવશાળી વ્યકિતત્વ વિ. તેઓ પોતાના રોજના ચોવીસ કલાકમાં ચાર પાંચ કલાક સિવાય બધો સમય ઈશ્વર સાધના, લેખન, વ્યાયામ, મંત્ર જપ, ધ્યાન, પ્રાર્થના વગેરેમાંજ વીતાવતા.

જનતાના અંતરમાં ફેલાયેલા અજ્ઞાનના અંધકારને દૂર કરવા તેમનો આ અવનિ ઉપર આવિર્ભાવ થયો. તેમણે જગતને એવી જ્યોતિ આપી જે કદી બૂઝાય નહીં. આવા આત્મા પૃથ્વી ઉપર શા માટે આવે છે? કોઇ સેવાભાવી સંસ્થા સ્થાપવા કે પ્રવચનો દ્વારા જ્ઞાન ફેલાવવા? શું સંપ્રદાયો



સ્થાપવા કે શિષ્યો, પ્રશંસકો અને અનુયાયીનું નિર્માણ કરવા?

ના. આ એમનું જીવન કાર્ય ન હતું. આવા સંતો અવનિમાં એક આદર્શ કાર્ય માટે આવે છે. જગાડવા.! સૂતેલા માનવ અંતરને જાગ્રત કરવા, જીવન વિકાસની કેડી બતાવવા, અણુપ્રાણીત કરવા અને તે કેડીએ કરુણાપૂર્વક આગળ ધપાવવા. સૌથી પહેલાં તેઓ તપે છે, શક્તિ પ્રાપ્ત કરે છે, યોગ્યતાનું નિર્માણ કરે છે અને પછી પુરુષાર્થને પરિણામે પ્રાપ્ત થયેલો ખજાનો બીજાને માટે ખુલ્લો મૂકે છે અને તેમનું જીવન, વર્તન, દર્શન અને સંભાષણ શાસ્ત્રો બને છે.

આ બધું સાચું પણ આપણે એમના સાધકોએ તેઓ સ્થૂળ દેહે ગયા પછી શું કરવું તે વિચારવું તે તેમના પ્રત્યે શ્રદ્ધાંજલિ ગણાશે. તેમણે આપેલા સંદેશાનું પ્રસારણ કેવી રીતે કરવું તેનો વિચાર સામુહિક રીતે કરવો તે વધારે યોગ્ય ગણાશે.

ધ્યાન કેન્દ્રોનો ફેલાવો, તેમના સાહિત્યનું વ્યવસ્થિત વેચાણ, અધ્યાત્મ માસિકને મદદ, લાઇબ્રેરી ટેપ પ્રવચનો દ્વારા તેમની હાજરીની યાદગીરી, શિબિરો, (વાર્ષિક) અંબાજી વિશ્રામગૃહની અભિવૃદ્ધિ અને સાચવણ, સ્મારક તથા ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ તથા વિધવાબહેન તેમજ પછડાએલાઓને મદદ, દવાખાનું વગેરે પ્રવૃત્તિઓનો વિચાર થઇ શકે અને દરેક સ્થાને વ્યવસ્થિત રીતે આ પ્રવૃત્તિઓ આકાર લે છે કે નહીં તેનું નિરીક્ષણ દરેક જીલ્લાના મથકે ધ્યાનકેન્દ્રના સંચાલકોએ વિચાર કરી તૈયાર થઈ જવાની આવશ્યકતા રહેશે.

પૂજ્ય મા સર્વેશ્વરી જેઓમાં પૂ. મહાત્માજી એ શકિત કંડારી છે તેમના માર્ગદર્શન અને પ્રેરણાથી આપણે ચોક્કસ

આગળ વધી બધી આધ્યાત્મિક પ્રવૃત્તિઓને આગળ વધારી શકીશું.

રામકૃષ્ણ પરમહંસ ગયા પછી તેમના શિષ્યોએ સો વર્ષ સુધી તેમનો જીવન સંદેશ મૂર્તિમંત રાખ્યો છે. આપણી પાસે તેમના જેવા કાબેલ તથા સર્વ સમર્પણ કરેલા સાધકો નથી છતાં શ્રી **યોગેશ્વરજી મીશન** શરૂ કરી ધપાવવા આપણે યથાશકિત પુરુષાર્થ કરી આપણાથી શકય હોય તેટલી પ્રગતિ કરવાની છે.

પ્રભુ પાસે એટલુ પ્રાર્થી શકાય કે તેઓ આપણને સૂક્ષ્મ-દેહે આ ભગીરથ કાર્યમાં સદાય સહાય કરતા રહે.

૧૦૩

(ભજન તાલ કવ્વાલી)

મનવા ઉલટી તારી રીત
કરી છે પરદેશીની પ્રીત.

ક્ષણભંગુર આ કાયા તારી તેની કેવી પ્રતીત
ક્ષણમાં કરે વિસર્જન એનું કાળ પામતાં જીત–
સ્વારથના સંબંધી જગમાં સુતદારા ને મીત
જીવ એકલો ચાલે આગળ ગાતાં વિરહનું ગીત–
આ સંસાર સ્વપ્નની રચના, તું સમજે વિપરીત
એક પલકનો નથી ભરોસો, નાશ પામતો નીત–
હરિને યાદ કરીલે નેશદિન મનની કરતાં જીત
બ્રહ્માનંદ પરમપદ મળશે પવિત્ર બનતાં ચિત્ત–



# મહાત્મા શ્રી યોગેશ્વરજી

ડૉ. અશ્વિનભાઈ ડી. પટેલ.

## (જેવા મેં જાણ્યા–જોયા–કંઇક સેવ્યા તેવા)

આજે તેઓશ્રી પરમ શાન્ત થઈ ગયા છે; અને છતાં સંસારી ભાષામાં એ મરી ગયા છે એમ હું માનતો નથી, માની શકતો નથી. એ હકીકત છે કે સ્મશાનમાં એમને ચિતા પર સ્થાપી. સર્વ પ્રથમસ્વરચિત કાવ્યમાં 'પ્રાર્થનાંજલિ' અર્પી; એ કલાકને અંતે પણ એમના દેહની માટી ભસ્મીભૂત થતી નહોતી તેથી વાંસ લઇ એને ઠમઠોળી પણ ... પણ... મને કહેવા દો. સિત્તેરે પહોંચવા આવેલી મારી ઉંમર દરમિયાન ઘણાંનાં ચિતાસ્થિત કઠણ અવશેષોને નિઃશેષ કરવા આઘાપાછા કર્યા છે; અરે કેટલાકને તો કુહાડા વડે કાપી છૂંદી જલાવવા પડ્યા છે; પણ અહીં તો મને અજબગજબનો અવનવો અનુભવ થયો. માણસ મરી જાય એટલે શરીરના પંચમહાભૂત તત્ત્વોનું decomposition (વિકલન–વિઘટન) થવા માંડે અને થોડા સમયમાં જ લોહીનું પાણી થઈ જાય; પણ ચોવીસ-સત્તાવીસ કલાકને અંતે જેમ-ના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો એ દેહની માટી ને ઢંઢોળવી-ઢંઢોળવી પડી ત્યારે ય એમાંથી લોહીની ધારાઓ છૂટતી જોઇ હું વિચારમાં પડી ગયેલ. આ ચમત્કાર નહિ તો શું ? યોગેશ્વરજી જીવતાં સમાધિ લઈ કોઇ કોઈ વિરલ મહાપુરૂષની જેમ સાક્ષાત ઈશ્વરમાં ભળી ગયા. નહિ તો થવું જોઇતું લોહીનું વિકલન-વિઘટન થયા વગર રહેજ નહિ.

એકબીજો ચમત્કાર—'સકલ એપાર્ટમેન્ટ' માંથી એમની

શબવાહિની ટ્રક ઊપડી ત્યારે અમે વીસેક ભાઈબહેનો ટ્રકમાં હતાં. આગળ પાછળ સેંકડો સાધકો–ભાવિકો હતા. હું "શ્રીરામ જયરામ જયજયરામ" સતત ઝિલ્યાં કરતો હતો. 'સત્યપથ'ના એમના સ્થાનકેથી ટ્રક એપાર્ટમેન્ટના ઝાંપા બહાર નીકળી ત્યાં સુધી ચંદનબિન્દુઓની વૃષ્ટિ થતી અમે બે ત્રણ જણે અનુભવી. અમારા સફેદ કપડાં પર પીળા છાંટા અમે જોયા. કુતૂહલથી મેં આજુબાજુની અટારીઓમાં જોયું. કોઇ ચંદનના છાંટા નાંખતું તો નથી ને? બેસતી વસંતે ફૂટતાં ઝાડની કૂંપળોમાંથી તો જલબિન્દુ વછૂટતાં નથી ને? પણ ત્યાં તો નાના નાના છોડ આ નવા એપાર્ટમેન્ટમાં વાવેલા હતા. કોઇ ચાર છ ફૂટથી ઊંચો છોડ કે ઝાડ નહોતું. શ્રી યોગેશ્વરજીની આખરી વિદાયને અંતરિક્ષમાંથી દેવદેવીઓ ચંદનવૃષ્ટિ કરીને બિરદાવી રહ્યાં હતાં. કેટલી કેવી ભવ્ય વિદાય!

સાતેક વર્ષ પહેલાં અમદાવાદમાં અકસ્માત્ પ્રવચન સ્થળની બાજુમાંથી પસાર થતાં તેઓશ્રીની અમૃતવાણી કાન પર અથડાયેલી. બેચાર વાકયો......" સાંભળવા બેસું " એવું મન પણ થયેલું પણ એ વખતે સમયના અભાવે ના છૂટકે ચાલ્યા જવું પડેલું; પણ પછી તો કામેશ્વર મહાદેવ, અંકુર રોડના પ્રાંગણમાં યોગાસન પ્રાણાયામ દ્વારા યોગશિક્ષણ વર્ગમાં ગયેલો. વર્ષોથી યોગાસન પ્રાણાયામ કરતા એવા મને ખાસ આકર્ષણ નહિ થયેલ; પણ એમનાં પ્રવચન એકવાર સમર્થેશ્વર મહાદેવમાં સાંભળ્યાં અને મને એ પ્રવચનોનું ઘેલું લાગ્યું. ત્યાર પછી ભકિતયોગ, પાતંજલ યોગસૂત્રો, તુલસીકૃત રામાયણ વગેરે કેટલાક વિષયો ઉપર તત્ત્વજ્ઞાન ભરપૂર એઓશ્રીની અમૃતા વાણી સાંભળી એમનો મનોમન



હું જાણે કે ભકત બની ગયો. જો કે એમને વિધિસર ગુરુ તો બનાવ્યા નથી એમાં કદાચ મારો અહમ્ આડો આવ્યો હશે.

ગુજરાત અને મહારાષ્ટ્રના તથા ઉત્તરમાંથી આવતા અનેક સંતો, કથાકારો, પ્રવચનકારો, વકતાઓને મેં સાંભળ્યા છે, એમનાં પુસ્તકોયે વાંચ્યાં છે પણ તેમ કરતાં વિષય–વસ્તુની પ્રતીતિ નહોતી કરી શકાતી તે શ્રીયોગેશ્વરજીને સાંભળવાથી થયેલી જાણી છે. એમના પ્રત્યેનું એક વિશેષ આકર્ષણ એમની અણિશુદ્ધભાષાની. એમના જેવો પૂર્ણશુદ્ધ ગુજરાતી ભાષા બોલનાર હજી સુધી મેં કોઇ જોયો–જાણ્યો નથી. કોઈ મોટો પ્રોફેસર, વિદ્વાન કે પંડિત પણ એમની ગુજરાતી ભાષા સંસ્કૃતપ્રચૂર અને અણિવ્યાકરણશુદ્ધ. અને છતાં કોઇ પણ કક્ષાના શ્રોતાઓને વિષય સરળ કરી આપી હૃદયમાં હળવેકથી ઊતરી જાય એવી એમની વાણી, એવું એમનું ગુજરાતી મૌખિક ગદ્ય. દાખલા દલીલ દષ્ટાંત સાથે વિવેકપૂર્વક મુદ્દાને તર્કસંગત રીતે એક ઋષિની જેમ એમના વડે કરાતી વિષય ચર્ચા કિશોર વયથી માંડી કોઇ પણ ઉંમરના શ્રોતાને રસતરબોળ કરતી અને જ્ઞાતવ્ય વસ્તુને હૃદ્ય બનાવી અંતરતમમાં રસાઇ જાય ત્યારે છોડતી. હિન્દીસંસ્કૃત ભાષાઓ ઉપર પણ એમનો અનન્ય કાબૂ હતો. પણ કોલેજનું શિક્ષણ નહિવત લીધું હોવા છતાં આફ્રિકા, ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા વગેરે પરદેશોમાં તેઓ જતા ત્યાં ક્ષતિરહિત સરળ અંગ્રેજીમાં પ્રવચનો આપતા, જેથી જુદી જુદી રાષ્ટ્રીયતાવાળા શ્રોતાજનોને અનુપમ સંતોષ થતો. એમની ત્યાંનાં પ્રવચનોની કેસેટો આની સાક્ષી પૂરે છે. અભ્યાસ કર્યા વગર પણ આ ભાષાસિદ્ધિ મા સરસ્વતીની એમના ઉપર પૂરી કૃપા હતી તે બતાવે છે. એમની યોગસિદ્ધિ દ્વારા આવી ભાષાસિદ્ધિ એમને સહજ હાંસલ થયેલી એવું માન્યા વગર રહી શકાતું નથી.

શ્રીરામકૃષ્ણ પરમહંસના ગુજરાતમાં થયેલ અવતાર સમાન શ્રી યોગેશ્વરજી પરબ્રહ્મના પરમ ઉપાસક હોઇ એમના સમાન તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણિધાન આત્મનિવેદનાત્મક ભક્તિનું ઉદાહરણ આપણને પુરુ પાડી ગયા. તપદ્વારા શરીરશુદ્ધિ, સ્વાધ્યાયદ્વારા વાક્ (વાણી) અને ભક્તિદ્વારા ચિત્તશુદ્ધિ એમણે સાધી હતી. શિવાજી મહારાજના ગુરુ સમર્થ રામદાસની જેમ ભલે બાર વર્ષ સુધી સવારથી સાંજ ગળાડૂબ પાણીમાં ઊભા રહી એમણે સાધના ન કરી પણ ૨૦-૨૨ વર્ષ સુધી હિમાલયની હાડ થીજાવી નાખે એવી બરફીલી ઠંડીમાં અઘોર તપશ્ચર્યા કરી પોતે સિદ્ધ પુરુષ બન્યા. એમાંનાં કેટલાંય વર્ષ તો એમનાં જ્યોતિર્મયી પૂજ્ય માતાજીની સાથે રહી તપ કર્યું. આ બાબતમાં તો ઇતિહાસમાં એમનો જોટો નહિ મળે.

આમ કાયિક, વાચિક અને ચૈતસિક (માનસિક) એમણે જે સિદ્ધિશુદ્ધિ પ્રાપ્ત કર્યા તેનો વિચાર કરતાં અવાચક્ થઈ જવાય છે. કોઇ એમ કહે કે કાયિક (શારીરિક) સિદ્ધિ હાંસલ કરી તો સાઇઠ વર્ષ પણ કેમ ન જીવ્યા ? ત્રણ ચાર વર્ષ પર એમને આટલો જ ભારે હાર્ટએટેક અમદાવાદમાં આવેલો. એમની એક વાર સેવા કરતાં કરતાં વિવેકાનંદ હોસ્પિટલમાં એમના પગ તપાસતાં ઘૂંટણ પાસેની બે પગની નસો દબાવી અંગૂઠા ખેંચતાં એમની છાતીનું દર્દ કંઇક હળવું થયેલું ત્યારે મને કહેલું ભગવતી શક્તિ સ્વરૂપા માએ મને કહ્યું કે હજી તારે જીવવાનું છે; ઇશ્વરનું કામ હજી થોડા વર્ષ તારે કરવાનું છે. આથી આ વખતે મારા જીવન વિશે કોઇએ ચિન્તા કરવાની નથી. પણ પરમેશ્વરની આયોજનામાં કોઇ કંઇ આઘું પાછું કરી શકે નહિ; અને આ વખતે કોઇને પણ કંઇ



કહ્યા વગર પોતે શાન્ત સૌમ્ય રીતે બધાની વિદાય લઇ લીધી. એથી બધાને તાજ્જુબ થાય છે. એમની નોંધોમાંથી પણ કોઈ એવો અણસાર મળતો નથી એ એમની સ્થિતપ્રજ્ઞ જીવનમુક્તતા બતાવે છે.

શ્રી યોગેશ્વરજીના વ્યક્તિત્વનું આ એક મહદ્ભવ્ય પાસું હતું. એમની ચિંતનશીલ શાંતસૌમ્ય મુખાકૃતિ, અને છતાં સત્સંગ સમયે એટલા જ વિનોદી ! આ બાબતમાં એમને કોઇ ડંખ નહિ, પૂર્વગ્રહ નહિ. શુદ્ધ સત્યલક્ષી કટુતારહિત મહાત્મા ગાંધીજીની સાથે સરખાવી શકાય જેના ગુણાનુગાન કરતાં તેઓ થાકતા નહિ. કોઇના પ્રત્યે એમને કોઈ ડંખ નહિ, પૂર્વગ્રહ નહિ. શુદ્ધ સત્યલક્ષી કટુતા રહિત એમની દૃષ્ટિ. ન કોઇ રાગદ્વેષ. દરેક માટે શુદ્ધ શાન્ત નિરામય મનોભાવના. એમનાં દર્શન કરીને પ્રથમ દૃષ્ટિએ જ મનમાં શાતા થાય; ભાવકનું મન શાન્તિ અનુભવે. વગર બોલ્યે, મનમાં પ્રશ્ન લઇને ગયા હોઈએ, એનો ઉકેલ આપણને વાત વાતમાં મળી જાય. એમની વાણી પણ એવી જ મીઠી ને શાતાદાયી. એમની શબ્દ સિદ્ધિ મારે મન વસી ગયેલી. બીજા કોઇ ભલે એમને મોટા સાહિત્યકાર ન માને પણ એમની સાહિત્ય સિદ્ધિ જોઇને મારી થિસીસ "પ્રીતમ એક અધ્યયન" અને "સ્વામી પ્રીતમદાસ વિચરિતશ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ" એ બન્નેપુસ્તકોની સુંદર આલોચના તેમની પાસેથી મેળવીને મેં ધન્યતા અનુભવેલી. પ્રીતમદાસના લગભગ બે હજાર પદોનામારા ચાલુ સંપાદન કાર્યમાં એમણે મને હંમેશાં ઉત્સાહ, ઉત્તેજન ને પ્રેરણા આપ્યા કરેલ; પણ એ બે પદસંગ્રહોની આલોચના કરવા તેઓ રહ્યા નહિ એ મારું કમનસીબ છે !

દેહદમનની સાથે ઇન્દ્રિયદમન કરીને તેઓ સિદ્ધાવસ્થાએ પહોંચેલ. ચિત્તવૃત્તિ નિરોધ અને મનોનિગ્રહ કરી તેઓ

જિતેન્દ્રિય બનેલા. સ્વામી પ્રીતમદાસની એક સાખીમાં વર્ણવેલ એવા ઇન્દ્રિયજિત પોતે હતા :

"સોળ વરસની સુંદરી, નખશિખ સજ્યા શણગાર;
કહે પ્રીતમ ભેળાં રહે, ન મળે વિષયવિકાર"

આ પૂર્ણજ્ઞાન દશા છે. જેનાથી આત્મશુદ્ધિ સધાય. કામક્રોધાદિ ષડ્રિપુઓનો નાશ થઇ જાય; મનના તરંગો ને ચિત્તની વૃત્તિઓ ઉપરામ પામે. જીવાત્મા દ્વન્દ્વાતીત બની જાય. આ બાબતમાં શ્રીયોગેશ્વરજી એકનાથ મહારાજના જેવા લાગતા. નદીએથી સ્નાન કરીને આવતાં એક દુષ્ટ મ્લેચ્છ એકનાથ બુવા ઉપર થૂંક્યો. પાછા વળી એકનાથ ફરી નાહી આવ્યા. આવી રીતે એ મ્લેચ્છે પૂરા સો વખત કર્યું અને સો વાર એકનાથ ફરીફરીને નદીમાં ડૂબકી મારી આવ્યા. કેવી અહિંસક સહિષ્ણુતા અને સ્થિતપ્રજ્ઞતા ! યોગેશ્વરજી પણ જીવનમાં કોઇ વાર કોઇની ઉપર પણ જરાય ખિન્ન થયા હોય તેવું જાણ્યું નથી એમની પ્રશાન્ત પ્રકૃતિએ કદી અસહિષ્ણુ બનવાનું જાણ્યુ નહોતું. એમની મનોરચના જ એવી એમણે બનાવી સાધેલી.

શ્રીયોગેશ્વરજી ઘણા સંતો કરતાં કંઇને કંઇ વિશિષ્ટતા ધરાવતા હતા. પૂ. શ્રી ડોંગરેજી મહારાજનું ચુસ્ત સનાતનીપણું એમનામાં નહોતું. ભાગવત વિદ્યાપીઠવાલા પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીનું સંસ્થા કે આશ્રમ સ્થાપવાનું માનસ પણ તેઓ ધરાવતા નહોતા. એક વાર વાતવાતમાં અમદાવાદમાં પૂ. શ્રી ચિન્મયાનંદજી કે પૂ. શ્રી આઠવલેજીની માફક ક્યાંક જગ્યા લઇ એવું સ્થાનક ઊભું કરવાનો આગ્રહ કરતાં તેઓએ કહેલું, "એવું સ્થાનક ઊભું કરવામાં હું માનતો નથી. આપણી હયાતી બાદ એ સ્થાનક સચવાયું કે નહિ એ કોણ



જાણે છે ? આપણું શરીર જો પૂર્ણશુદ્ધ હોય તો ઇશ્વરનું અદ્‌ભુત સ્થાન નથી ? એમાં ઇશ્વરની પ્રતિષ્ઠા થયેલી હોવા છતાં આપણે એને કેટલું બગાડી મૂકીએ છીએ ? તો પછી ઇંટમટોડાંનું સ્થાન બગાડી મૂકતાં વાર લાગે ? આ શરીરથી ઇશ્વરનાં જે કોઇ સારાં કામ થઇ શકે તે જીવીએ ત્યાં સુધી, છેલ્લો શ્વાસ લઇએ ત્યાં સુધી કરીએ. એના જેવું રૂડું બીજું શું હોઇ શકે ? અને છેલ્લા શ્વાસ સુધી ઇશ્વરનું કામ કરતા કરતાં તેઓ શાંત થઇ ગયા !

શ્રીયોગેશ્વરજીમાં, અધ્યાત્મ જ્ઞાન, તત્ત્વજ્ઞાન અનુપમ કોટિનાં હોવા સાથે, સત્યપરક વૈજ્ઞાનિક દૃષ્ટિ પણ ભારોભાર હતી. તેઓ સૌમ્ય સુધારક હતા. અને એથી જ એમનામાં દંતાલી (પેટલાદ) ના ભકિતનિકેતન આશ્રમવાળા ક્રાન્તિકારી સંન્યાસી પૂ. શ્રી સચ્ચિદાનંદ સ્વામી જેવાતીખા સુધારકની પરિવર્તનવિવર્તિની પ્રકોપ ભાષા નહોતી. એમની સૌમ્ય દૃષ્ટિની જેમ સૌમ્યભાષા હતી. એમના વ્યકિતત્વનાં અનેક વિશિષ્ટ પાસાં હતાં જે ચિર અવિસ્મરણીય રહેશે.

તેઓશ્રીના સાધક વર્ગમાંના એક હોવાનો દાવો હું કરતો નથી, કરી શકું નહિ અને છતાં અધ્યાત્મચિંતનની બાબતમાં એમનું માર્ગદર્શન એમના ઉતારે જઇને તથા ગઈ સાલ મકાન રાખ્યા પછી એમના રહેઠાણે જઇને હું આગળ પાછળ મેળવી લેતો. મારા તરફ એમને કોઈ વિશિષ્ટ લાગણી હતી એવું ગૌરવ હું લઇ શકું. તેઓશ્રી બહુ ઓછી વ્યકિતઓને ત્યાં પધરામણી કરતા જો કે મને ત્રણેક વર્ષ પહેલાં એવી પધરામણીનો લાભ આપી કૃતકૃત્ય કરેલ. આરતી ઉતારી પધરામણી પ્રસંગે અમે એઓશ્રીને ઓઢાડેલ 'શાલ' એમણે મારા નાના દીકરાને ઓઢાડી દીધેલ. મારા કુટુંબીજનોને

આગ્રહથી એમના ચરણે ધરેલ યત્કિંચિતમાંથી માત્ર અગિયાર રૂપિયા તેઓશ્રીએ રાખેલ. પૂ. મા સર્વેશ્વરીએ તો એય રાખેલ નહિ. કેવી નિઃસ્પૃહતા!

अति सर्वत्र वर्जयेत् । એવી શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન અતિશય દેહદમન દ્વારા કરાયેલ કઠોર તપશ્ચર્યા કરતાં કદાચ કરાયું હોય જેથી એમની કંચન વર્ણી કાયા વહેલી વીલાઈ ગઈ, એમ કહેવાનો આપણુ સંસારીઓને શો અધિકાર હોય? આખરે તો ઈશ્વરે આયોજેલું–વિધાતાએ આલેખેલું અને નિયતિએ ધારેલું જ થાય છે. અને એ રીતે શ્રીયોગેશ્વરજી આજે સ્થૂળ દેહે કરીને આપણી પાસે નથી પણ સૂક્ષ્મ કે લક્ષણ દેહે કરીને આપણી વચ્ચે જ છે. દૃષ્ટિ હોય તો આપણને તેઓ દર્શન દે. એમની શીખ પ્રમાણે ધર્માચરણ કરીએ. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને પૂર્ણાત્પૂર્ણ પરમ ચિર શાંતિ બક્ષે એ જ પ્રાર્થના!

### ભાવાંજલિના સંદેશા સંક્ષિપ્તમાં

પૂ. શ્રી તો સીમિત ક્ષેત્રમાંથી બહાર નીકળી અસીમ ક્ષેત્રમાં–આપણા સહુમાં વ્યાપી રહ્યા છે. પૂ. મા, તમે તબીયત સંભાળશો. અમારી આશાઓ હવે આપનામાં કેન્દ્રિત થયેલી છે.

પુરુષોત્તમદાસ ગાંધી, રાજકોટ



# પરમ પૂજ્ય યોગેશ્વરજીને ભાવાંજલિ

રમણુલાલ ચ. શાહ

પરમ પૂજ્ય યોગેશ્વરજીનો સ્વર્ગવાસ! એક મુક્ત આત્માની ચિર–વિદાય! શું આ સાચું હશે? હૃદય માનવા તૈયાર નહોતું. વડોદરામાં યોજાયેલ ધ્યાન–શિબિરમાં એમને સ્ફૂર્તિથી અને ચપળતાથી આસન કરતા જોયા હોય એ સત્સંગી એમની ચિર–વિદાયના સમાચાર કેમ માની શકે?! પણ જ્યારે આ સમાચાર સાચા નીકળ્યા. ત્યારે દિલને પ્રચંડ આઘાત લાગ્યો. આ પવિત્ર આત્માને ભગવાને પોતાની પાસે આટલા બધા વહેલા કેમ બોલાવી લીધા હશે?! Those whom God loves must die early–અંગ્રેજી ભાષાની આ ઉક્તિ પરમ પૂજ્ય યોગેશ્વરજીની બાબતમાં સાચી પડી હોય એમ લાગે છે.

અને એમની ચિર–વિદાય પણ કેવી! ભગવાનના ગુણાનુવાદ કરતાં કરતાં આ ફાની દુનિયાનો હંમેશ માટે ત્યાગ! અને તે પણ કાંદીવલી (મુંબઇ) ના લક્ષ્મીનારાયણના મંદિરના પટાંગણમાં ઊભી કરેલી વ્યાસપીઠ ઉપર જ! આવું ધન્ય મૃત્યુ તો પરમ કૃપાળુ પરમાત્માના પરમ લાડીલાને જ મળે.

ફરજ બજાવતાં બજાવતાં મૃત્યુ પામનાર વ્યક્તિ માટે અંગ્રેજીમાં કહેવાય છે કે He died in harness એ જ રીતે પરમ પૂજ્ય યોગેશ્વરજી માટે આપણે કહી શકીએ કે He also died in harness.

પરમ પૂજ્ય યોગેશ્વરજીનું જીવન નિઃસ્પૃહી, નિષ્કામી,

નિખાલસ અને નિરભિમાની હતું. સાદું જીવન અને ઉચ્ચ ચિંતન–Simple Living and high thinking એ એમના જીવનનો મુખ્ય મંત્ર હતો. તેઓ સિદ્ધ યોગી હતા. તેમને પરમાત્માનો સાક્ષાત્કાર થયેલો. તેઓ ત્રિકાળ જ્ઞાની હતા. મધુરતા, સચોટતા અને સરળતા એ તેમની વાણીનાં મુખ્ય લક્ષણો હતાં. તેમની વાણીમાં સ્વાનુભૂતિનો રણકો સંભળાતો હતો. તેમની વાણી અસ્ખલિત વહે જતી હતી. વેદો, ઉપનિષદો, પુરાણો વગેરે ધર્મગ્રંથોનું જ્ઞાન તેમણે પચાવ્યું હતું. તેથી, તેઓશ્રીનાં પ્રવચનો સતત વહે જતાં–તેમાં કોઇ ખટકો કે ખચકો આવતો જ નહિ. એમની વાણી, જાણે કોઈ પણ જાતના પરિશ્રમ વગર, સ્વાભાવિકપણે જ વહે જતી હતી–જાણે કે ટેપ કરેલું પ્રવચન જ ચાલતું હોય એવુ જ લાગતું.

ધર્મ અને તત્ત્વજ્ઞાનના શુષ્ક વિષયો પર આટલી બધી **સરળતા** અને **સાહજિકતાથી** પ્રવચન આપવાનું કામ મહા દુષ્કર છે. આ દુષ્કર કામ પણ પરમાત્માના અનુગ્રહથી એમને માટે **સહજ** અને **સરળ** બની ગયું હતું.

ટુંકમાં કહીએ તો, તેઓશ્રી સમર્પિત આત્મા– એટલે કે Devoted and dedicated soul હતા.

ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી આ ત્રણે ભાષાઓ પર એમનો સુંદર કાબૂ હતો.

એક સિદ્ધહસ્ત લેખક અને કવિ તરીકે પણ એમણે સારી ખ્યાતિ સંપાદન કરી છે. તુલસીકૃત રામાયણના ગુજરાતી કવિતામાં ભાવાનુવાદે એમની કીર્તિમાં ઓર વધારો કર્યો છે.



આવા મહાન ચિંતક, સિદ્ધ હસ્ત લેખક, પ્રખર વકતા, સરળ સંત, અને સ્થિત પ્રજ્ઞ યોગીના સ્વર્ગવાસથી આપણને ન પૂરી શકાય એવી મહાન ખોટ પડી છે.

પ્રભુ, એમના આત્માને ચિર શાંતિ બક્ષે એ જ અભ્યર્થના.

## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મને વાંચકો તરફથી છેલ્લે મળેલ સદ્‌ભાવ ભરી ભેટની વિગતો નીચે પ્રમાણે છે. ભેટ મોકલનાર ભાઇ–બહેનોને અભિનંદન.

૩૦ શ્રી ભૂપેન્દ્ર સુરતિયા, નાંદ
૩૦ ,, ભૂપેન્દ્ર સુરતિયા, ભરૂચ બંગલાના વાસ્તુવિધિ તથા ઉદ્‌ઘાટન પ્રસંગે
૫૧ ,, મહેન્દ્ર ભકત,
૫૧ ,, મનોરમાબેન તરફથી પુત્ર રાજેશની ધોરણ ૧૨માં તથા હેમંત ધો. ૧૦માં સફળ થવાથી
૨૫૧ ,, ઈશ્વરભાઇ સીતારામભાઈ, ભક્ત રે. સુસા. શુભસંકલ્પ સિદ્ધિ નિમિત્તે
૧૫ ,, રાજેન્દ્રભાઈ ભટ્ટ, બારડોલી
૫ £ શ્રી કુંવરજીભાઇ રાબડીયા, બોલ્ટન યુ. કે. તરફથી

# પ. પૂ. શ્રી યોગેશ્વરજીને-શ્રદ્ધા-અર્ઘ્ય

ભાઇલાલભાઈ છાટબાર

પ્રકાશપૂર્ણ સાધનાજીવનનાં પૂર્ણત્વના સીમાચિહ્નસમા મહાત્મ્યપૂર્ણ મંગળમય જીવનને શ્રદ્ધાઅર્ઘ્ય અર્પણ કરતી વખતે આમ સહેજે કહી શકાય કે—'પ્રભુ, આપે અમને ઘણું ઘણું આપ્યું છે. આટલા વર્ષોમાં, અમે આપના પ્રેમ અને કરુણાના અક્ષયપાત્રમાંથી ઘણું ઘણું પામ્યા છીએ.'

અનેક મનનીય ગ્રંથો દ્વારા બહુવિધ સાધના માર્ગોની દિશામાં આપે પ્રકાશ પ્રગટાવ્યો છે. યોગ અને જ્ઞાનની સાધનામાં સંપૂર્ણતાને વરી, આપ મા ભગવતી-પરમશકિતના સાક્ષાત્કારી ભક્ત બની રહેલા.

આપના જીવનમાં આમ ભકિત, જ્ઞાન અને યોગનો સુભગ સમન્વય અને પરમ પુનિત સંગમ જોવા મળેલો. કર્મનિષ્ઠા સ્વયં જન્મ લઇ શરીર ધારણ કરે અને પૃથ્વી પર અવતરે તો એ આપનું ગુરુપદ પામી ધન્યતા અનુભવે એવા અપ્રતિમ કર્મનિષ્ઠ સારાય જીવન દરમ્યાન આપ રહ્યા.

ભારતના મહર્ષિઓએ જે કાંઇ અમુલખ વારસો આપ્યો છે, તે વારસાને આપે સાચવીને સમૃદ્ધ કર્યો. આ બહુમૂલ્ય વારસો દેશકાળથી પર અને ચિરંજીવ છે, એવી અમને સૌને આપે પ્રતીતિ કરાવી.

પ્રાચીન કાળના મહર્ષિઓ પોતાના દર્શનમાં-ભૂત, વર્ત-માન અને ભવિષ્યથી તેઓ પર હતાઅને છતાંય તેઓ સર્વ-કાળથી સંકૂલિત અને સંબંધિતસર્વ હતા, એવી—એમની અનુભૂતિ જોવા-જાણવા મળે છે. તે ઋષિદર્શનની અક્ષરશઃ



અનુભૂતિ, આપના વિચાર, વાણી અને વ્યવહારના માધુર્ય દ્વારા અમારામાં સંક્રાંત થતી હોય એમ અમે આપના સાંનિ-ધ્યની પળે પળે અનુભવી રહેતા.

આપની દિનચર્યા અને વિચારધારાનું નિરીક્ષણ કરવાનું—આપના અમારી વચ્ચેના વિચરણના આ વર્ષોમાં-અમને મળેલું. આપ કોઇ સંપ્રદાય વિશેષ સાથે સંબંધિત નહિ અને એકેય સંપ્રદાયના નહિ-અને છતાં જાણે કે બધા સંપ્રદાયના હો, એવાં દર્શન અમને હરહંમેશ થતાં રહેલાં.

આપની દૃષ્ટિ વિશાળ, ઉદાર અને સાર્વભૌમ હતી-જાણે કે સમસ્ત બ્રહ્માંડને આપે પોતાના હ્રદયમાં સમાવી લીધું હોય. આપની દૃષ્ટિ વીતેલા યુગો અને કાળને કયાંય ટપી જતી અને અનાગત-ભવિષ્યના યુગો અને કાળની ભીતરમાં પહોંચી-ને દેશકાળનું અતિક્રમણ કરી, દેશકાળની પારના પ્રદેશો ને ઘટનાઓને પણ જોઇ શકતી. લોકાંતરપ્રવાસ આપને માટે સહજ હતો તથા લોકલોકાંતર સાથે આપને સંપર્ક રહ્યા કરતો, એમ અતિનિકટના સૌ કોઇ અંતેવાસીઓને સુવિદિત છે.

એકાંગીપણું, દૃષ્ટિસંકુચિતતા અને વ્યવહારસંકિર્ણતા અમારામાંથી દૂર થાય એવો બોધ આપના સાંનિધ્યમાં અમને પળે પળે સાંપડી રહેલો.

અમારા સૌના જીવનમાં આપનું સૌથી મોટું પ્રદાન એ છે કે અમારા સૌમાં પણ વિશાળ, ઉદાર અને સર્વદેશીય દૃષ્ટિ વિકસિત બની રહી;—અને તે અમારી પ્રત્યેકની મહા-મૂલી આધ્યાત્મિક સંપત્તિ છે.

આપની વિચારસૃષ્ટિમાંથી નિર્માણ પામેલી સર્જનસૃષ્ટિની

સૂક્ષ્મતા અજોડ અને અપરિમેય છે. આપના સર્જનોનું પઠન કરતાં જે ઊંડા સુતીવ્ર આનંદની અનુભૂતિ થાય છે, તેની અમિટ છાપ હૃદય ઉપર કાયમ અંકિત બની રહે છે.

આપે સુંદર, પ્રાણવાન અને સર્વસિદ્ધિને વરેલી—સુષમા-પૂર્ણ માતૃભાષામાં અંકિત થયેલી—અમર કૃતિઓ આપી છે. એ રીતે આપે ભારતને અને સંસારને ગુજરાતીભાષાનો તથા તેની ભાવસંપત્તિનો સર્વશ્રેષ્ઠ પરિચય કરાવ્યો છે.

આપનું સાંનિધ્ય સેવતાં અમને જાણે કે પોતાની જાત-નો પણ એક નવો પરિચય પામવાનું મળતું. આપે એટલી બધી અખૂટ સંપત્તિ અમારા હાથમાં પહોંચાડી દીધી છે કે તેને માટે કૃતજ્ઞતા દર્શાવવા કોઈપણ ભાષાશબ્દો અધૂરા પડે તેમ છે. તે શબ્દાતીત છે.

આપનું અમૃતમય સાંનિધ્ય અમને સૌને નાનામોટા સમયગાળા પૂરતું સાંપડતું રહેતું. હવે તો આપના મનનીય ગ્રંથો તથા કાવ્યસમૃદ્ધિ અમારી પાસે છે અને મનની ભીતર-માં સાથોસાથ છે પરમશ્રદ્ધાપૂર્ણ ભક્તિભાવ. આ બધાં સર્જનો—આપની અને અમારી વચ્ચે—ચેતનાનું અનુસંધાન જાળવી રાખનાર—સેતુરૂપ બનીને ચિરમિલનનું કામ નિરંતન કરતાં રહેશે.

કયા પુસ્તકમાં કયી વાત છે કે કયો સંદેશો છે, તે બધી વાત તો અલગ અલગ રીતે મહત્ત્વની છે જ. પરંતુ સવિશેષ મહત્ત્વની વાત એ છે કે અમારા મનપ્રાણમાં પ્રબળ શ્રદ્ધા બંધાયેલી રહે છે કે આથી વધારે સુંદર અને ચઢિયાતી પરિપૂર્ણ સૃષ્ટિ હોઈ શકે નહિ. સાધનાના શ્રેયપથમાં આ પ્રબળ શ્રદ્ધા જ અમારી પૂંજી—મહામૂલી સંપત્તિ બની રહેશે.



આપ જેવી સર્વાંગસુંદર પ્રતિભા અને વિરાટ વિભૂતિનો પૃથ્વીના પટે આવિર્ભાવ થયો તેથી મન, બુદ્ધિ અને પ્રાણમાં જ નહિ, પરંતુ અંતરના અંતરતમમાં સંવેદન જાગે છે કે આપણા રાષ્ટ્રનું ભાવિ અતિ ઉજ્જવળ છે.

ભાગ્યવિધાતા દૈવના આશીર્વાદે આપની વિરાટ હસ્તીએ માત્ર ભારતની ભૂમિને જ નહિ પરંતુ સમસ્ત પૃથ્વીને ધન્ય કરી દીધી. સૌભાગ્યની આ પ્રાપ્તિને, સુચારુરૂપે સુપ્રકાશિત કરી દઈને, અનાગત–ભવિષ્યને માટે મૂકી જવાનો સુઅવસર અમને સહુ અનુગામીઓને સાંપડ્યો છે; અને હવે પછી આવનારી પેઢીઓને આપનો સુયોગ્ય પરિચય તથા અમને મળેલી વારસાસંપત્તિમાં સમાન હિસ્સો મળી રહે તે માટે, કાંઈક સંગીન કાર્ય કરતા જવાનો સુયોગ પ્રાપ્ત થયો છે.

આપની સાધના અને સર્જનો સાથે જ કેવળ અમારો પરિચય નથી. અમે તો આપને નજરોનજર તેમજ અતિ નિકટતાથી નિહાળ્યા છે, આપને શ્રીમુખે મધુર વાતોનું શ્રવણ કર્યું છે અને આપના આસનને ચોફરતા ઘેરી વળીને બેસવાનું સૌભાગ્ય અમને સાંપડ્યું છે. આપની પાસેથી જીવન પાથેય અમને પ્રાપ્ત થયું છે અને આપના પ્રેમ તથા કરુણાના સાગરે અમારા જીવનને નવપલ્લવિત અને વિકાસો-ન્મુખ બનાવી તેમાં પ્રકાશ રેલાવ્યો છે.

સર્વસ્વનું ન્યોછાવર કરનાર આપને આપવું એ આપવું નહોતું. આપવું એ પ્રાપ્ત કરવું અને પામવું બની રહેલું. અમે સૌ આપના છીએ.

ગંગાસાગરનાં મોજાંઓ હોય છે. મોજાંઓથી કદાપિ ગંગાસાગર બની શકે નહિ. સાગરનાં તરંગો સાગરને પામે

એટલે 'પરમ' ને પામે. અમે પણ હવે આપને સૂક્ષ્મચેતના સ્વરૂપે પામતાં પામતાં 'પરમ' ને પામીએ અને ભાગ્યવાન બની રહીએ એવી અમારા અંતઃકરણની અભીપ્સા છે.

"**મા**" ના આગમનથી ભાવિમાં જે સંગીન સત્કાર્ય (આ જન્મનું મિશનરી કાર્ય) કરવાનું છે તેની ભૂમિકા પૂરી થઇ છે. *

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીજીના શ્રીચરણોમાં સક્રિય બની રહી, આપે ભાખેલા તે '**સંગીન સત્કાર્ય**' ને સાકાર-મૂર્ત સ્વરૂપે સિદ્ધ કરવાનું મહાભાગ્ય અમને સાંપડે, એ અમારા જીવનની ધન્યતા બની રહેશે.

'**સત્યપથ**' માં (કે અન્ય અનુકૂળ સુવિધાયુકત કેન્દ્રમાં) પ્રતિવર્ષે **(૧) જન્મજયન્તી-પંદરમી ઓગસ્ટ (૨) ગુરુપૂર્ણિમા (૩) પ. પૂ. મા નો જન્મદિન તેરમી નવેમ્બર (૪) પ. પૂ. માનો દીક્ષાદિન વીસમી જાન્યુઆરી અને (૫) મહાસમાધિ દિન અઢારમી માર્ચ પાંચ** દિવસ સૌ સાધકો માટે દર્શન-વંદન માટે એકત્રિત થવાના બની રહે; અને આ પ્રકારે આપણા પ્રેમી-ચાહક ભકત પરિવારનું સંઘબળ ઉત્તરોત્તર મજબૂત અને સંગીન બને અને આપનો '**જીવન સંદેશો**' સર્વત્ર પહોંચાડવા સૌ કોઇ સંપૂર્ણપણે જાગ્રત તથા યથાશકિત પ્રવૃત્તિશીલ બની રહે, એવી તીવ્ર અભિલાષા પણ અમે અંતરતમમાં સેવીએ છીએ.

[ પ. પૂ. શ્રી યોગેશ્વરજીના તા. ૩૧-૮-'૭૯ શુક્રવારે કાબ્વે (ઝામ્બિયા)-થી મારા પર લખાયેલ કૃપાપત્રમાંથી ઉદ્ધૃત ]



# "જીનકે સાથ કિયા હૈ પ્રેમ, ઉનકો છોડ ચલો સપ્રેમ"

જયોત્સ્ના બી. ત્રિવેદી

"કાળને તો કહીએ શું ? જરીયે નવ ચૂકિયો,
પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકિયો"

ઓગસ્ટમાસ એ ભારતીય તવારીખમાં જેટલો રાજકીય દષ્ટિએ મહત્ત્વનો છે. તેટલો જ આધ્યાત્મિક જગતમાં પૂ. શ્રીના જન્મદિન નિમિત્તે મહત્ત્વનો છે. વિદ્યાર્થી આલમ અને સરકારી કચેરીઓનો માર્ચ માસ યોગેશ્વર પરિવાર માટે આ રીતે યાદગાર બની જશે તેવી સ્વપ્ને પણ કલ્પના નહોતી.

પૂ. શ્રીનું કાંદિવલી આગમન એ મુંબઈનાં પરાં-ખાસ કરીને-બોરીવલી અને કાંદિવલી માટે ઉત્સવનો પ્રસંગ હતો. આ ઉત્સવ આ રીતે ઉજવાશે તે કલ્પનાતીત બીના હતી.

૧૮મી માર્ચે પૂ. શ્રીએ તેમના વાલકેશ્વરના ઉતારાથી કાંદિવલી પ્રસ્થાન કર્યું. માર્ગમાં મહાલક્ષ્મીનું મંદિર અને જેને માટે તેમના દિલમાં અત્યંત ઉત્સાહ હતો તેવી શિબિર માટેનું સ્થળ કાનબાઈ સ્કુલ જુહુ સ્કીમમાં જોવા ગયા. ત્યાર-બાદ શ્રી બાબુભાઇ મહેતાને ત્યાં પ્રવચન કરવા લક્ષ્મીનારાયણ હોલમાં આવ્યા. એ અગાઉ એમણે શ્રી બાબુભાઈને કહ્યું "માગો, માગો, બધું જ મળશે." તેમની પુત્રીને S. S. C. પરીક્ષા માટે આર્શીર્વાદ લેવા હતા. તેમણે કહ્યું "આજે જ લઇલો, કાલે બહુ મોડુ થઇ જશે." આપણને આની પાછળનો ધ્વનિ કયાંથી સમજાય ?

પૂ. શ્રીએ લક્ષ્મીનારાયણ હોલમાં પ્રવચન કર્યું. પણ આજનું પ્રવચન શ્રીમદ્ ભાગવત પર હોવા છતાં જીવન પ્રવાસને અનુલક્ષીને હતું. ભાગવતના ભક્તિયોગ પર પૂ. શ્રી પ્રવચન આપતા હતા ત્યારે માત્ર દસ મિનિટમાંજ પૂ. શ્રીએ સરળ રીતે ભાગવતના બાર સ્કંધનો સાર કહી દીધો. પ્રવચન ચાલતું હતું એ દરમ્યાન જ વિચાર આવ્યો કે જે સપ્તાહ સાંભળતા આઠ આઠ દિવસ જાય તેને પૂ. શ્રી એ આટલા ટૂંકા ગાળામાં કેવી રીતે સમજાવી દીધું ! હમેશાં તેમનાં પ્રવચનો મંત્રમુગ્ધ કરનારાં જ હતાં. શ્રોતાઓ તલ્લીન થઈ ગયા હતા. ત્યાં પૂ. શ્રી ને હૃદય રોગનો હુમલો આવ્યો. પહેલાં થયું કે કંઈ સાધારણ માંદગી હશે. ભાવાવેશ તો પૂ. શ્રીને પ્રવચન આપતાં કયારેય ન થતો. પણ વાત છેક છેલ્લે પાટલે જશે તે તો અચિંતનીય જ હતું. આશા હતી કે પૂ. શ્રી અમદાવાદની જેમ ફરી પાછા બેઠા થશે પણ બધી જ આશાઓ ઠગારી નીવડી. પૂ. શ્રી. રાત્રે ૯–૪૫ વાગે આ પાર્થિવ શરીરનો ત્યાગ કરી ચાલી ગયા !

મૃત્યુ એ મંગળ છે. જીવન મરણનો ઝોલાનું અટક સ્થાન છે, બધી જ વાતો એ સમયે નિરર્થક લાગે છે. પૂ. શ્રી પ્રવચન આપતાં જ ઢળી પડયા અને માત્ર બે હીચકી ખાઇ દેહત્યાગ કર્યો. ન હતી દેહ ત્યાગ કરવાની વેદના કે ન હતી નિરર્થક શ્વાસ ખેંચ્યા કરવાની જિજીવિષા. ન હતી તાણો આવી કે સામાન્ય રીતે બને છે તેમ મળમૂત્ર વિસર્જન થયું. જે સ્વચ્છતાના એ આગ્રહી હતા, તે શરીર ધર્મ છોડતાં પણ એમણે પાળી બતાવ્યો.

પૂ. શ્રીના પાર્થિવ દેહને લગભગ ૨૦ કલાક મુંબઇમાં રાખવામાં આવ્યું. પણ ન હતું શબ ભયંકર લાગતું કે ન હતો



તેનો ડર લાગતો. શરીર ગરમ હતું, સામાન્ય રીતે ન હોય તેમ નોરમલ હતું. મૃત શરીરના જે ધર્મો સામાન્ય માનવીને નડે છે તે પૂ. શ્રીને આંશિક નડયા.

પ્રશ્ન એ થાય છે કે પૂ. શ્રીએ ઘણા મહાપુરુષોના મૃત્યુની આગાહીઓ કરેલી, મૃતાત્માઓ વિષેની માહિતી પણ આપેલી. તો આપણને અણસાર પણ કર્યાં વિના કેમ ચાલ્યા ગયા ? એમને જીવનમાં સંઘર્ષ બહુ ન ગમતો. વલણ એમનું હંમેશાં સમાધાનકારી જ હતું. તો તે સંઘર્ષ શું પૂ. શ્રીએ ટાળ્યો ? અથવા તો એમના કરુણાસભર હૃદયે આપણને ધોખો આપવાનું પસંદ ન કર્યું ! જે હોય તે, આજે આપણે પૂ. શ્રીના વિલિનીકરણથી નિર્ધન જરૂર થઇ ગયાં છીએ. છતાં આશાનું એક કિરણ 'મા' એ આપણા માટે મૂકતા ગયા છે.

બોલવું તેવું જ પાળવું, તે પૂ. શ્રીએ આપણને કરી બતાવ્યું છે. સામાન્ય રીતે કયાંય પણ જવાનું હોય તો જરાપણ ઉતાવળ નહી, ધડાધડ નહીં, તેવી જ શાંતિ પૂ. શ્રીએ મહા-પ્રસ્થાન સમયે પણ પાળી. શિસ્તબદ્ધતાના આગ્રહી તેઓ કયારેય કુદરતી નિયમની વિરૂદ્ધ જઈ ચમત્કારો કરવામાં માનતા ન હતા. એ પણ તેમણે પાળી બતાવ્યુ. સામાન્ય રીતે મહાત્માઓને અભિપ્રેત સેવા–એના એ પ્રખર વિરોધી હતા. તે પણ તેમણે ન કરાવી. દરેક માનવીએ કુદરતના નિયમને આધીન થવાનું જ છે, તે પણ પૂ. શ્રીએ જરાપણ ખચકાટ વગરના સ્વીકારથી આચરી બતાવ્યું.

આ બધાં જ પરિબળોમાં અંતે વિજય પૂ. શ્રીનો દેખાય છે. ત્યારે કહેવાઈ જાય છે કે જેમની સાથે પૂ. શ્રીએ ખૂબ ખૂબ પ્રેમ કર્યો તેમને સહુને હસતાં હસતાં મૂકીને ચાલ્યા ગયા !

❋

# સંસ્કૃતિના જ્યોતિર્ધર પૂજ્ય શ્રી યોગેશ્વરજીને

ચંપકભાઈ શાહ.

ભારતની આધ્યાત્મિક પ્રણાલિકામાં અનોખુ યોગદાન કરનાર ઋષિવરોની પ્રણાલિકાને સુધારાવાદીની રીતે આગળ ચલાવનાર સંસ્કૃતિના જ્યોતિર્ધર પૂજ્ય યોગેશ્વરજીનું આકસ્મિક મહાપ્રયાણ આધ્યાત્મિક ક્ષેત્રે વણપૂરાય એવી ખોટ પડનાર છે. તેઓએ ભારતીય સંસ્કાર મૂલ્યોને આત્મસાત્ કરી એવી રીતે પચાવ્યાં હતાં કે તેમને હાલતી ચાલતી વિદ્યાપીઠ કહેવામાં કશી અતિશયોકિત ન કહી શકાય. કોઈપણ પ્રશ્ન પછી તે રાજકીય–સામાજીક–ધાર્મિક કે આધ્યાત્મિક હોય તેનો તેઓ શાંતિથી અને સરળભાવે, કોઈપણ પૂર્વગ્રહ વિના ઉત્તર આપતા હતા. તેઓ સૌમ્ય પ્રકૃતિના અને શ્વેત વસ્ત્રધારી હતા. તેઓ ખાદીનાં વસ્ત્રો, ચંપલ તેમજ ઘડિયાળનો પટો પણ સફેદ એવો આગ્રહ સેવતા આમ તેમનું આંતર બાહ્ય જીવન નિષ્કલંક હતું.

તેઓ અપરિગ્રહ વ્રતનું ચુસ્ત રીતે પાલન કરતા હતા. નિરાડંબરી જીવનનો તેમનો રાહ દુષ્કર છતાં અનુકરણીય હતો તેમનાં પ્રવચનોમાંથી વેધક વાક્પ્રપાત સીધોજ હૃદય સોસરવો ઉત્તરી જઈ શ્રોતાવર્ગ પર પકડ જમાવે તેવો હતો. પૂ. યોગેશ્વરજી આધ્યાત્મિક ક્ષેત્રે વધવા છતા રાષ્ટ્રીય જીવનથી કદિ વિમુખ બન્યા ન હતા. ઇ. સ. ૧૯૪૨ થી ખાદી માટેનો આગ્રહ સેવ્યો હતો. પોતાના આધ્યાત્મિક પ્રવચનોમાં સરકારની નીતિરીતિ અંગેની ટીકાના કવચિત ચાબખા તેઓ



લગાવતા. દરેક પ્રવચનમાં પૂ. ગાંધીજી માટેનો તેમનો અહોભાવ સ્વયં સ્ફુરિત હતો. આમ તેઓ સાચા કર્મયોગી હતા.

પ્રવચનો ઉપરાંત દૈનિક જીવનમાં પણ યોગના તેઓ હિમાયતી હતા. નજરબાગમાં (વડોદરા) હજારો જનમેદની વચ્ચે પ્રાણાયામ તેમજ આસનોનું નિદર્શન તેમણે સંકોચ વિના સરળભાવે કર્યું હતું. નિર્માન મોહા જિતસંગ દોષા–ભગવદ્ગીતાની આ પંક્તિ મુજબ તેઓ કોઈ પણ માનપાનથી દૂર રહેતા હતા. માનવીની વાણી મુજબનું જ તેનું આચરણ હોય એ બાબત પર તેઓ સતત ભાર મૂકતા હતા.

આવા મહાન સંતને પૈસાનું પ્રલોભન આપનાર પણ ઘણા હતા. તેમની વિદેશ યાત્રા દરમ્યાન આફ્રિકા–કેનેડા, ઇંગ્લેન્ડ અને અમેરિકામાં તેમને કાયમી વસવાટ માટેની જગ્યા અને સંપત્તિ આપવાની ઘણાઓએ ઈચ્છા દર્શાવી હતી પરંતુ એ બધાને ઠોકરે મારી તેમણે જણાવ્યું હતું કે 'ડોલર અને પાઉન્ડ કરતાં મા ભારતીની ચરણરજ મારે મન વધુ કિમતી છે." આવી રીતે પૂજ્ય યોગેશ્વરજીએ સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થની જેમ ભારતીય સંસ્કૃતિનો ધ્વજ વિદેશમાં ફરકાવ્યો હતો.

તેમના સહવાસનો લાભ મને અનાયાસે પ્રાપ્ત થયો હતો. યોગેશ્વર સત્સંગ મંડળ તરફથી ધો. ૧૦ નિષ્શુલ્ક વર્ગો હું ચલાવતો હોઇ તેઓએ મારા આ કાર્યને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા હતા. મારે વિનમ્રપણે કબૂલવું જોઇએ કે તેમના સંપર્ક બાદ મારું જીવન કલેશ વિમુક્ત તેમજ ઉચ્ચતર બન્યું.

તેમના મહાપ્રયાણથી આધ્યાત્મિક ક્ષેત્રે પડેલી ખોટ લાંબા સુધી વણ પૂરાયેલી રહેશે. પરંતુ 'બહુરત્ના વસુંધરા' ઉક્ત અન્વયે એ ખોટ પૂરાશે એવી આશા છે. તેમના અનુગામી

મહાતપસ્વિની પૂજ્ય મા સર્વેશ્વરીએ તેમનું જીવન આગળ ધપાવવાનો દૃઢ નિશ્ચય કર્યો છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી તેમનાં સત્કાર્યો તેઓ આગળ ચલાવે અને તેમાં પૂજ્યશ્રી યોગેશ્વરજીના આશીર્વાદ મળતા રહે એજ અંતરતમમાંથી પ્રાર્થના.


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧




# એક પ્રેરક પ્રસંગ

વિજય એન. પુરોહિત

પ. પૂજ્ય શ્રી યોગેશ્વરજી કેવું જાગૃતિપૂર્વકનું જીવન જીવતા તેનો એક પ્રસંગ લખું છું. જેમાં બીજાને કેવા ભાવથી મળવા જવું જોઇયે તે જાણવા મળશે.

માઉન્ટ આબુમાં ૧૯૮૦ ના જુન મહિનાની એક સાંજે અમે પૂ. શ્રી સાથે ફરવા જતા હતા. પૂ. શ્રી નખી તળાવની દિશામાં અમારી આગળ એકલાજ પોતાની મસ્તીમાં ધીરે ધીરે ચાલી રહ્યા હતા. અને હું, ગોરધનભાઈ કલોલા, મીનાબેન વગેરે પ. પૂ. મા સાથે વાતો કરતા કરતા પૂ. શ્રીથી ૧૦ થી ૧૫ ડગલાંના અંતરે ચાલી રહ્યા હતા. એક (ચુડીદાર પાયજામો અને ઝભ્ભો પહેરેલ) ભાઈ ઝડપથી અમારી બાજુમાં થઇ ચાલતા થયા. અચાનક એ ભાઈ પાછા વળ્યા અને પ. પૂ. શ્રી યોગેશ્વરજીને વંદન કરી કાંઇક કહેવા લાગ્યા. તરતજ પ. પૂ. માએ મને કહ્યું : વિજયભાઇ જાઓ, સાંભળો શું વાત થાય છે ? મારાથી કહેવાઇ ગયું, "હશે કોઇ, એમની વાતમાં શું સાંભળવું. (મારોભાવ એવો કે મોટા માણસો વાતો કરે ત્યાં મારે શું કામ જવું ?) પૂ. મા ફરી બોલ્યાં, "કહું છું કે જાઓ, કાંઇક જાણવા મળશે." પૂ. માની વાત સ્વીકારીને હું ત્યાં ગયો. એ ભાઇ કહી રહ્યા હતા : આપનાં પ્રવચનો અમદાવાદમાં સાંભળેલા. ત્યારે પણ આપની આંખમાં ભગવાન રામકૃષ્ણદેવનાં દર્શન થયેલાં. અત્યારે પણ હું આપની પાસેથી પસાર થઈ રહ્યો હતો કે અચાનક મારી દ્રષ્ટિ આપ પર પડી અને આપની આંખમાં જોવાઈ ગયું, ત્યાંજ આપની આંખમાં રામકૃષ્ણદેવનાં ફરી દર્શન થયાં (એ ભાઈ શાંત અને ભાવા-

ત્મક ગંભીરતામાં હતા.) એટલે હું આપની પાસે ખેંચાઈ
આવ્યો. પૂ. શ્રી મૌન હતા. એ ભાઈએ પોતાનો પરિચય
આપ્યો ને કહ્યું કે હું અમદાવાદ યુનિવર્સિટીમાં પ્રોફેસર
છું. (નામ મને અત્યારે યાદ નથી.) આબુ આવવાનું કારણ
જણાવ્યું અને પછી બોલ્યા : "મારી આબુની યાત્રા સફળ
બની ગઈ." હવે પૂ. શ્રી શાંત રીતે સહજ બોલ્યા : "પ્રભુ-
ની કૃપા, પ્રભુ કોના પર કયારે અને કેવી રીતે કૃપા કરે છે
એ પ્રભુજ જાણે." એ ભાઈએ પોતે કરેલી દક્ષિણેશ્વર, કામાર-
પૂકુર અને જયરામ વાટીની યાત્રાના સુખદ અને રસમય
પ્રસંગો કહી સંભળાવ્યા. લગભગ પોણા કલાકે એ ભાઈ
છૂટા પડ્યા પછી પૂ. શ્રી બોલ્યા : "ખુણે, ખાંચરે કેવાં કેવાં
રત્નો છુપાયલાં પડ્યાં છે. મળે ત્યારેજ ખબર પડે. પ. પૂ.
મા મને સંબોધીને બોલ્યાં: જોયું કેવું સાંભળવા મળ્યું ? પૂ.
શ્રીને સંબોધીને બોલ્યાં "વિજય ભાઈને કહ્યું કે તમે જાઓ
અને શું વાત કરે છે તે સાંભળો. તો કહે શું સાંભળવું છે,
હશે ! પૂ. શ્રી ગંભીર બનીને બોલ્યા : "કોઈને પણ મળતાં
પહેલાં કયારેય સારી અથવા ખરાબ ધારણા ન બાંધવી કેમકે
આપણે સારી કલ્પના તેમના વિષે કરીને જઈયે અને તે
ખરાબ હોય તો આપણને દુઃખ થાય કે શું ધારતા હતા
અને શું નીકળ્યું. કયારેક નિંદક પણ બની જવાય, અને
આપણે ખરાબ ધારીએ ને તેની મુલાકાત ન લઈએ અને તે
સારા હોય તો આપણે એમનો લાભ ગુમાવી દઈયે છીએ.
તેથી મળતાં પહેલાં કોઈ પણ પ્રકારની ધારણા ન બાંધવી.
મળીયે, આપણા કામનું હોય તો ગ્રહણ કરીએ અને ન હોય
તો ભૂલી જઈએ, સમજ્યા." હું મારી મૂર્ખતા પ્રત્યે શરમીંદો
થયો ને બોલ્યો: "જી, મને આજે જ આ દ્રષ્ટિની પ્રાપ્તિ થઈ."



આ મહાપુરુષના જીવનમાંથી આપણે પ્રેરણા મેળવીને આપણા
જીવનને ધન્ય કરીએ. એમના આદર્શને જીવનમાં વણી
શકીએ એ માટે આપણા સૌના પર એમના આશીર્વાદ સદાય
વરસતા રહે એ માટે પ્રભુને પ્રાર્થના. ૐ

❋

## ભાવાંજલિના સંદેશા સંક્ષિપ્તમાં

પૂ. શ્રી યોગેશ્વરજીએ સાધકોને આજસુધી જે રીતે
સત્યપથ ઉપર દોર્યા, તેજ રીતે તેમના ઉપદેશો ને સાહિત્ય
તેમજ અંતરીક્ષમાંથી તેઓ પોતે પણ પ્રેરણા આપતા રહેશે.

પૂ. શ્રીને ભાવાંજલિ આપતો કાર્યક્રમ પણ સત્સંગ
ભવનમાં યોજ્યો હતો.

મહારાજશ્રી, સંતરામ મંદિર, નડિયાદ

સર્વશક્તિમાન પ્રભુ તમારાં બધાં જ વ્યાવહારિક કાર્યોમાં
પથ–પ્રદર્શક અને પ્રેરણા દેનાર બનશે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦

## અવ્યક્તેથી અવ્યક્તે......

મળ્યા પહેલાં નિહાળી મેં નિર્મળી નેનની પ્રભા,
આત્માની આરસી જેવી વિભૂતિવન્તની વિભા.

પછી વાચસ્પતિ-વાણી પુનિતા તપથી રસી,
તપસ્વી ! વિનયે-મ્હોરી આભિજાત્યે કસી-લસી.

સારલ્યે સમતા ભાળી, સૌજન્ય-સરિતા સરી,
યોગેશ્વર ! તમારામાં વૃત્તિઓ લીલયા વળી.

ઉત્તરોત્તર ગુણોનો રાશિ તો પ્રગટી રહ્યો,
ગુણાનુરાગી આ આત્મા કૃપાપાત્ર કશો થયો !

પછી 'પ્રકાશને પંથે,' પળ્યા તેની અનુભૂતિ,
ઉર્ધ્વગામી, સ્થિતપ્રજ્ઞ, મુમુક્ષુ-પ્રબલા ધૃતિ.

અષ્ટાંગ યોગનો મર્મ 'યોગેશ્વર યોગદર્શને',
પ્રસન્ન ભક્તનું હૈયું પદોમાં 'ભક્તિતર્પણે'.

આર્યસંસ્કૃતિના સાચ્ચા એલચી' ઉપનિષદે,
'રામાયણે' 'શિવસ્તોત્રે' 'ગીતા'-'ભાગવતે' બધે.

'બિન્દુ' માં શિશુ-વિષ્ણુ ને 'તર્પણે' માતૃતર્પણ,
અનિકેત, સદામુક્ત, ધન્ય સર્વ-સમર્પણ !

લોકસંગ્રહની વૃત્તિ આદિથી અન્ત શું લસી !
'ગાંધીગૌરવ' ને 'ગીતા' યુગપદ આપમાં વસી.

હોળી શા પ્રગટી આપે દઝાડ્યા કોઇને નથી,
શુદ્ધ ઘીના જેવા તમિસ્ર કાપતા મથી.



લેખિની, વાણીથી હીણું કશુંયે પ્રગટ્યું નથી,
કુરૂક્ષેત્ર અનેકોના બન્યા છો ધર્મ-સારથી.
માનસ-સરના હંસા ! ઉર્ધ્વગામી હિમાલયે !
અવ્યક્તેથી અવ્યક્તે બ્રહ્મલીન તમો થયે.

ડૉ. રણજિત પટેલ (અનામી)

## ભાવાંજલિના સંદેશા સંક્ષિપ્તમાં

પ. પૂ મહાત્મા શ્રી યોગેશ્વરજી બ્રહ્મલીન થયા તે નિમિત્તે થિયોસોફિકલ સોસાયટી અને શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રના આશ્રયે એની બેસન્ટ હોલમાં તા. ૨૪-૩-૮૪ના રોજ સાંજે પ્રો. ટી. જી. ભટ્ટના પ્રમુખપણા હેઠળ પૂ. શ્રીને સ્મરણાંજલિ અર્પવા એક ખાસ સભા યોજવામાં આવી હતી. તેમાં સુરત-ની જનતાએ પૂ. શ્રીને સ્મરણાંજલિ આપતો ઠરાવ રજુ કર્યો હતો.

તેમાં જણાવવામાં આવ્યું છે કે પૂ. શ્રીનું સમસ્ત જીવન બ્રહ્મની અભિવ્યક્તિરૂપ જ હતું. પૂ. શ્રી તેમના લેખન કાર્ય-વડે અમરજ છે. પૂ શ્રી તો એક મહામાનવ હતા. તેમના માટે ભકતજનો પ્રાર્થના સિવાય બીજું શું કરી શકે ?

—શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, સુરત.

## ધરતીની મિરાંત

(રાગ : મકરાણી કાદુનો)

સૃષ્ટિ સૂની આ સંતની વિદાયથી
સૂની બની આજે માનવ જાત રે
યોગેશ્વરજી જતાં
તિમિર છવાયો ચોર દિશામાં. ચારે...
સંત સાચી મિરાંતુ મારી ધરતીની
સુડી લૂંટાતા પામ્યા અમે આઘાત રે.
યોગેશ્વરજી જતાં.
ગાન ગીતાના જાણે સ્થંભી ગયા,
સ્થંભી ગયા મધુર કોઈ નિનાદ રે.
યોગેશ્વરજી જતાં.
આજે અર્જુન શોધે છે એનો સારથી
સમાજ દેતો સારથીને આજે સાદ રે.
યોગેશ્વરજી જતાં.
ગીતાના ગાનારને ક્યાં ઢુંઢવો ?
ક્યાં સુણાશે ફરી એ મધુર કંઠ રે ?
યોગેશ્વરજી જતાં.
"પ્રભા પાગલ" ના નયનો શોધે બાવરાં.
ક્યાં દેખાશે ફરી ધરાનો સંત રે ?
યોગેશ્વરજી જતાં.

(રચયિતા:-સૌ. પ્રભાબહેન પાગલ)
(પજવાણી) વડોદરા



## ભાવાંજલિઓ:-

પૂ. મહાત્માજીની સ્થૂળ હાજરી સિવાયની સભાનું આયોજન કલ્પનાતીત છે. સ્થૂળ દેહની સમાપ્તિ અને છતાં જીવનનું સાતત્ય એ આપણને શ્રદ્ધા ન રહે એવો વિશ્વનો ક્રમ છે.

જીવનમુક્ત થયા પછી પણ પૂ. યોગેશ્વરજી આપણી વચ્ચે અને આપણા માટે જીવ્યા. આપણે આધ્યાત્મિક માર્ગે કેટલા પગભર થયા છીએ, તે ચકાસવા માટે શું તેઓએ પોતાની જીવનલીલા અચાનક સંકેલી લીધી હશે ?

પૂ. યોગેશ્વરજી એક વિશાળ વટવૃક્ષ જેવા હતા. તેમની પાસેથી દરેક સાધકને તેની લાયકાત પ્રમાણે મળી રહેતું.

શિવનાં સત્ય અને સુંદર તત્વોને આપણા કદરૂપા જીવનમાં ઉમેરવા શ્રી યોગેશ્વરજીએ આજીવન યજ્ઞ કર્યો છે: તેનું ફળ અવશ્ય મળશેજ.

આદિ શંકરાચાર્ય, શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, વગેરે મહાપુરુષો આપણી સંસ્કૃતિના વિધાયક સમા આજેય જીવંત છે. પૂ શ્રી યોગેશ્વરજીનો જીવન સંદેશ પણ આપણા જીવનનો ધ્રુવ તારક બની રહેશે.

[અમદાવાદની સભામાં] જસ્ટીસ. શ્રી બી. કે. મહેતા.

*

આ ભરતભૂમિમાં જન્મીને કેટલાક પુણ્યશ્લોક આત્માઓએ આસપાસના વાતાવરણ, અડચણો, અગવડો, પ્રલોભનો કે એવાં કોઇ પરિબળોથી વિચલીત થયા સિવાય ઈશ્વરપ્રાપ્તિ માટે નીજી નિશ્ચયબળે સાધનાના માર્ગે પ્રયાણ કરી સિદ્ધિ મેળવી તે પૈકીના જ યોગેશ્વરજી એક હતા. નીજી મુદ્રા ઉપસાવનાર હતા.

કિશોરાવસ્થાથી શરૂ કરીને જીવનના છેલ્લા શ્વાસ સુધી 'પ્રકાશના પંથે' વિચરનાર યાત્રી બનીને. સાધના અને યોગદ્વારા શાંતિ ઝંખતા આપણા જેવા અનેક નાગરિકોને માટે યોગેશ્વરજીએ સરળ ને સુરેખ માર્ગ કંડારી આપ્યો છે.

સતત જાગૃતિ સાથેનાં પુરૂષાર્થથી કોઇ પણ ભાઇલાલ 'પ્રકાશના પંથે' એક પછી એક કદમ ઉપાડી યોગદ્વારા ઇશ્વર સાક્ષાત્કારની અનુભૂતિ કરી શકે છે, તે યોગેશ્વરજીએ કહી બતાવ્યું છે, લખી બતાવ્યું છે અને જીવી બતાવ્યું છે.

આપણામાંથી ઘણાને ઓછાવધતા પ્રમાણમાં એમનું સાન્નિધ્ય ને વાત્સલ્ય અનુભવવાનું બન્યું છે. તે આપણી એક નીજ ને સામુહિક એવી અનોખી અનામત છે, પ્રેરણા સ્રોત છે.

સ્થૂળરૂપે જે હવે કયારેય જોવા નહીં મળે તે યોગેશ્વરજી સુક્ષ્મરૂપે પ્રકાશના પંથે સંચરતા હરએક યાત્રીની સાથે હરહંમેશ અનુભવવા મળશે જ એ શ્રદ્ધા સાથે આપ સહુની વંદના સાથે મારા પણ ભાવપૂર્વક વંદન

દીપક પ્ર. મહેતા.

*

કોઈ પણ પ્રવાસ ઘરથી શરૂ થઇને, લક્ષ્યસ્થાને પહોંચીને, પાછા ઘરે આવીએ ત્યારે પૂરો થાય છે. જીવાત્માએ પોતાના ઘર પરમાત્મામાંથી પ્રવાસ શરૂ કર્યો છે, ને તે પાછો પરમધામમાં પહોંચે, ત્યારે પૂરો થયો કહેવાય. જીવન પ્રવાસના હેતુ, પરમાત્માના ધામમાં પહોંચી તેમનાં દર્શન કરવાં અને તેમની સાથે ઐક્ય સાધવું, તેમજ પ્રભુએ સર્જેલા જગતની નિષ્કામભાવે સેવા કરવી.



પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ આ બન્ને હેતુઓ આ જીવનમાં સિદ્ધ કર્યા એમ સ્પષ્ટ દેખાય છે. એટલેજ પોતાની જીવનલીલા સંકેલી લીધી, એમ નથી લાગતું શું ?

ભૂપતભાઈ દેસાઈ, પાટડી

*

અમારા જેવા આધ્યાત્મિક પંથે ડગલા ભરતાં બાળકોને ખૂબ જ જરૂર હતી. પરદેશ વસતા એવા પ્રભુપ્રેમીઓને એમનું માર્ગદર્શન મળી રહેતું.

જીવનમાં માતાપિતા ગુમાવીએ તો સંસારનું માર્ગદર્શન બીજા પાસેથી મળી રહેતું હોય છે. પરન્તુ સંતોનું કાર્ય કોણ કરી શકે ?

આધ્યાત્મિક પંથે વધતા સાધકોને માર્ગદર્શન ને પ્રેરણા પૂરી પાડવા માટે પ્રભુ આપને પ્રેરણા ને માર્ગદર્શન આપે.'

ગુલાબબેન ઈન્ડીપેન્ડન્સ. યુ. એસ. એ.

*

"હે પ્રભુ ! આ જીવને હવે તમારા સત્સંગની જરૂર છે. આવી રાહ જોવાતી હતી ત્યાં આ દુઃખદ સમાચાર જાણી મન રડી પડે છે. આપણા બધાને મૂકી ગુરુજી સ્થૂલ શરીર છોડી ગયા, કુદરતને આવું કેમ ગમ્યું ?

પૂ. મા, તમારી તબિયતની કાળજી રાખશો, હિંમત પણ ખૂબ ખૂબ રાખજો. સૌની સંભાળ હવે તમારે લેવાની હોઇ, તમારી તબિયત સાચવજો.

આ સંસારમાં નિઃસ્વાર્થભાવે કોઇ પ્રેમપૂર્વક લાગણી રાખી સુયોગ્ય માર્ગદર્શન આપી પ્રભુપંથે પ્રગતિ કરાવનાર જો કોઇ સ્વજન હોય તો તે મારે માટે ગુરુજી જ હતા.

કંચનબેન ભક્ત-શાન્તા આના

"હિંદુ ધર્મની બાબતમાં આખા ગુજરાતને પૂજ્ય યોગેશ્વરજીની ના પૂરાય તેવી ખોટ પડી."

ડૉ. નવનીત પટેલ

*

રાજુભાઈ પુરોહિત પરના પત્રમાં લખે છે, "તારી સ્થિતિ હું સમજી શકું છું. ગાંધીજી વિનોબા, જયપ્રકાશના મૃત્યુ વખતે તો હું રડ્યો હતો. બ્રહ્મજ્ઞાની આત્માના મૃત્યુનો શોક શો ? તારી પર આવી પડેલા દુઃખમાં અમને પણ સહભાગી ગણજે." નારાયણ દેસાઈ, વેડછી

*

"શ્રી અરવિંદ ઘોષના દેહવિલય પછી પૂ. માતાજીએ બધી આધ્યાત્મિક કાર્યની જવાબદારી સંભાળેલી. તે મુજબ પૂ ગુરૂદેવનું બાકી રહેલ કાર્ય ચાલુ રાખવાની જવાબદારી ઈશ્વરે આપની ઉપર નાંખી છે. અમને બધાંને માર્ગદર્શન અને પ્રેરણા આપે આપવાની છે. અમે બધા સૈનિક-સિપાહી બનીને આપનેસંપૂર્ણ સહકાર આપીશું."

-હિમ્મતભાઈ પરીખ, બિકાનેર

*

"માતાજી સર્વેશ્વરીજી કો મેરા હાર્દિક દુઃખ વ સંવેદના પ્રગટ કરે. સંત યોગેશ્વરજી કા આકસ્મિક નિધન સુનકર મુઝે બહુત દુઃખ હુઆ.

ઉનકે ઉપદેશ યાદ કરકે ઉન્હેં યાદ કરતે રહેંગે"

બાલકૃષ્ણ પરિહાર. જોધપુર.

*



પૂ.મા તમો તો સંસારના વિષયચક્રમાંથી મુક્ત થયેલાં જ છો. જેમના થકી આધ્યાત્મિક પ્રકાશ તમને સાંપડયો, જીવનની ગુરૂચાવી મળી-જીવનની સાચી દિશા મળી તેવા એ મહાત્માને અમે પણ નજીકથી સમજતા અને માણતા થયા. અમે પણ ગુરૂ તરીકે (તેમને) સમજ્યા છીએ. અમારો સંસારી લોકોની આપ પ્રકાશ રેખા બની રહો એજ પ્રાર્થના".

ધીરૂભાઈ, કપૂરા

*

પ્રભુ ગયા છે એવું લાગતું જ નથી. તેઓ શકિત સ્વરૂપે આપનામાં હાજરાહજુર છે. એ ગયા જ નથી એ તો તમારામાંજ પ્રગટ થયા છે એવું જ લાગે છે. મા, તમને અને પ્રભુને મેં કયારેય જુદા માન્યા નથી. પ્રભુમાર્ગે આગળ વધવા હવે તમારે જ શરણે છું.

ઈલાબેન, રૂપાદલા

*

૧૯૬૭માં સૌ પ્રથમ પૂ.મોટાના મૌન મંદિરનો લાભ લીધો. અને પૂજ્ય શ્રી મોટાને સદ્દગુરુ તરીકે સ્વીકાર્યા તેમ છતાં પૂજ્ય શ્રીને અવાર નવાર મળતો. મારા સદ્દગુરુમાં શ્રદ્ધાનો વધારો કરવાનું તો હંમેશા તેઓ કરતા જ રહ્યા. એથી જ મને તેમની ચેતનાનો સ્પર્શ થયા જ કરે છે. પૂજ્ય શ્રી સદ્દગુરુની ચેતનામાં વિલીન થયા એટલે પૂજ્ય મોટાને યાદ કરૂ કે પૂ.યોગેશ્વરજી ને એ બન્ને એકજ સ્વરૂપે ભાસે છે "

બાબુભાઈ રામી, હરિ ૐ આશ્રમ નડીઆદ

*

परम पू. श्री योगेश्वरजीका एकाएक अंतर्धान होना कल्पना से भी दूर था । मेरे जीवन में कोई ऐसा पुरुष नहीं आया जिनकी तरफ मेरा इतना आकर्षण हुआ हों । मैं प्रातः व रात्रि निद्रा में जाने से पूर्व वर्षो से उनके ही चरणो का ध्यान करता हूँ । आगेभी उनकी कृपा रहेगी । किन्तु शोक दूर करना भी उन्ही की कृपा पर होगा ।"

"आश्चर्य है, अभीतक मन कही भी नहीं लगता । उन्ही के जीवन का स्मरण बारबार होता है । मैं हमेशा यही सोचता था कि हम को पता नहीं कब तक हैं लेकिन वो तो बहुत समय तक संसारका कल्याण करते रहेंगे । मैं सोच नहीं सकता कि क्या लिखूँ ?

परम पूजनीय माँ सर्वेश्वरी को तो कुछ लिखने का साहस नहीं हो रहा, आप पूरा हाल लिखियेगा कि कैसे कैसे लीला हुई । माँ का हाल भी लिखना । सभी लोग व्यथित होंगे । हम सबका वास्तविक सहारा चला गया ।"

*ललिता प्रसाद देहरादून*

પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહની વ્યવસ્થા સંભાળવા પૂ. શ્રીએ મને પ્રેમપૂર્વક જણાવેલ મેં તેનો સ્વીકાર કરેલ. પરંતુ એમના જવાથી હવે મને ભારે આઘાત લાગ્યો છે. જાણે અમારૂં સર્વસ્વ લૂંટાઇ ગયું લાગે છે. પૂ. મા, હવે તમે અમારી આશા છો.

—બાલુભાઈ રામજીભાઈ પટેલ

એકાએક પોતાના લીલાતનુને સંકેલી લઇ આપણી વચ્ચે થી પૂજ્ય શ્રીએ વિદાય લીધી. એ આઘાતજનક સમાચાર અમારે માટે તો અસહ્ય હતા. દૂર દૂર અમેરિકામાં રાત્રે ૨૦-૩-૧૯૮૪ ને દિને આ સમાચાર પ્રથમવાર સાંભળી અમે તો અવાચક બની ગયા! અમારુ મન થોડા સમય માટે



તો બહેર મારી ગયું! અમારી આસપાસ ભયાનક શૂન્યાવશાક છવાઈ ગયો! જાણે રંક બની ગયા! માત્ર અમે નહીં, આખું જગત રંક બની ગયું હોય તેવું જણાવા લાગ્યું! જાણે કે અચાનક ધરતીકંપ થયો.

સમાચાર સાંભળ્યા પછીનો કલાક ખૂબ જ ગમગીન ગયો. ઠેરઠેરથી ફોન રણકી ઊઠ્યા. સમાચાર સાચા છે એમ માનવા કોઈ તૈયાર જ ન હતું! છતાં સહુએ સ્વીકાર કરવો પડ્યો! બધાંયે માર્ગદર્શન માગ્યું. સરળ ગીતાનો પાઠ, યોગેશ્વર બાવની અને ઈતર પ્રાર્થના કરી આપણે મનને શાંત બનાવીએ એવું મેં સૌને કહ્યું. વળી મહાત્માજીનું એક વાકય જેને આપણે હવે વચન માનીશું તે પણ યાદ કરાવ્યું. મહાત્માજી ઘણીવાર કહેતા કે પ્રેમથી મને યાદ કરશો તો હું તો હાજર થઈશ જ! પારમાર્થિક દૃષ્ટિએ વિચારીએ તો પણ પૂજ્ય શ્રી તો અહીં જ છે, હાજરાહજુર છે જ. શ્રદ્ધાભક્તિ પૂર્વકનું તેમનું સ્મરણજ પ્રતીતિ કરાવશે માટે તે આપણે સહુ કરીએ તેવો અમે નિર્ણય કર્યો.

મા, આપ પર મોટી જવાબદારી આવી પડેલી ગણાય. આપ તો જગદમ્બા છો જ. સમસ્ત યોગેશ્વર પરિવારનાં માર્ગદર્શક છો જ. આપ પ્રેરણા પૂરી પાડી સહુની શ્રેયયાત્રા-માં સહભાગી બનશો તો પૂજ્ય શ્રીનું સાચું તર્પણ થશે. તેમના કોઇ કાર્ય અધૂરાં ન હતા. તેઓ તો સ્પૃહારહિત હતા. તેઓ તો અનારંભી હતા. કાર્ય થાય તો યે શું ને ન થાય તોયે શું? તેવી સ્થિતપ્રજ્ઞની તેમની અવસ્થા હતી. મતલબ કે કાર્ય સાથે કોઇ લેપન રહેતું જ નહિ! હા, આપણે કાર્યોનો પ્રારંભ કરેલો. તે અંગે તેમનું માર્ગદર્શન પ્રાપ્ત પણ થતું. તેવાં અધૂરાં કાર્યોને પૂર્ણ કરવા આપ પ્રેરણા-

દાયી થશો તો યોગેશ્વર પરિવાર આનંદ અનુભવશે.

મા, હવે તમેજ અમારો આધાર !

ઇશ્વરભાઈ પ્ર. ભક્ત
કપુરા. (હાલ અમેરિકા)

છેલ્લે અહીં આવતાં મેં મહાત્માજીના આર્શીવાદ માગ્યા ત્યારે તેમણે મને કહ્યું, 'ઘણું જીવો, ચિંતા ન કરો, આનંદથી અમેરિકા ફરી આવો, પ્રભુ ઇચ્છા હશે તો ત્યાં મળીશું" એમ કહીને મને ગુલાબ આપેલું.

ભાઇ રમણભાઈ અમીને એક શુભ સંધ્યાએ અચાનક મહાત્માજીનાં દર્શન કરાવ્યાં, તે જ ક્ષણથી હું તેમનાં ચરણમાં જ રહ્યો છું. તેમની અંતરની આશીષની મને પ્રતીતિ થતી રહી છે અને તેઓ મને ઓળખી ગયા હોય તેમ મને માર્ગદર્શન આપતા. હું તેમના પ્રેમથી અને ઇશારાથી તે અનુભવતો.

પૂ.માને આશ્વાસનના બે શબ્દો કહેવાની આપણી યોગ્યતા નથી. તેઓ જ્ઞાની છે જ, પ્રભુની ઇચ્છા જાણનાર છે, આપણે તેમને શું આશ્વાસન આપનારા ? પ્રભુ જ તેમને આશ્વાસન આપે એવી પ્રભુને પ્રાર્થના.

રવિન્દ્રભાઇ પટેલ, સાનજોસ-યુ. એસ. એ.

ખૂબ આઘાત થયો. ધ્રૂસકે ધ્રૂસકે રડી પડાયું. પૂ. શ્રી શું હતા ને શું છે તે શબ્દોમાં કેમ વર્ણવી શકાય ? મને લાગે છે કે પ્રવચન કરતાં તેઓ પ્રભુ સાથે એટલા બધા તદ્રુપ બની ગયા કે તેમના તેજમાં લય પામી ગયા.

પૂ. મા, તમે તો તેમનામાં જીવ્યાં છો, તેમના મય છો હવે તેમનામય બની અધ્યાત્મ જગતને જે ખોટ પડી છે તે પ્રભુ બનીને પૂરજો.

કેતકીબેન–માળિયા હાટીના



## ગુરુ ચરણુ–સુખધામ

સુનો રે ભાઈ....ગુરુ ચરણુ સુખધામ (૨)

સાંદિપનીના ચરણો સેવે સ્નેહ થકી જદુરાય,
જગદીશ્વર, ગુરુ ચરણો સેવી બની ગયા કૃતકામ–સુનો રે.

જપ-તપ સેવા-જ્ઞાન–ધ્યાનનું મૂકીને અભિમાન,
સ્નેહથકી સેવે જે ચરણો ! પામે માયા પાર-સુનો રે.

સાત સમંદરના પેટાળે, અમુલખ મોતી અપાર.
ગુરુચરણે જઇ મસ્તક મૂકતાં થાય બધું સાકાર-સુનો રે.

દાન, ધ્યાન–જપ-તીરથ કરવાં નથી એમ આચાર.
શ્રદ્ધા યોગેશ્વર ચરણોમાં થાશે બેડો પાર–સુનો રે.

સૂર્યકાંત. લ. ભટ્ટ

# વિદેશથી આવેલ શોકસંદેશાઓ

**લોસ એંજેલીસ-અમેરિકાથી** ભાગ્યવાન અને ગૌરીએ શોક વ્યક્ત કરી "અમે કર્મયોગના તેમના અંતિમ સંદેશને સ્વીકારીએ છીએ" એમ કહી પૂ.શ્રીના અંતિમ ક્ષણ સુધી આચરાયેલા કર્મયોગને શ્રદ્ધાંજલિ અર્પી છે.

**પ્રિટોરિયાથી** પ્રિતમલાલ, જસવંતી, સુરેખા જોષી પોતાના તારમાં પૂ. શ્રીના શરીર ત્યાગને ન પુરાય એવી ખોટ ગણે છે.

**ટોરોન્ટો ધ્યાનકેંદ્રના** સર્વે સાધકો તરફથી શ્રી સુરેશભાઈ, વિમલા બહેન પોતાના તારમાં પૂ.મા અને પૂ. શ્રીના સૌ પ્રેમી-ભક્તોને દિલાસો આપે છે.

**શ્રી બકુભાઇ** પોતાના તારમાં જણાવે છે. "પૂ.શ્રી આપણી વચ્ચે નથી તે જાણી ખૂબ દુઃખ થાય છે. તેમની દિવ્ય ચેતના આપણને સતત પ્રેરણા આપતી રહો એ જ પ્રાર્થના."

વિદેશ સંચાર સેવા દ્વારા આવેલ **ડરબનથી** સુરત હિંદુ એસોશિયેશન, સંત યુનિટ સેવા સંઘ, મહાત્મા યોગેશ્વર ધ્યાનકેંદ્ર અને સ્વામી અપ્રિતાનંદ યોગસ્કૂલના સંદેશાઓમાં લખ્યું છેઃ "ઉંડા દુઃખ અને તીવ્ર આઘાત સાથે અમે યોગેશ્વરજીની મહાસમાધિનો સંદેશ જાણ્યો. તેઓ એક મહાન સંત હતા જેમનાં હૃદય, મન અને કાર્યો ઉમદા હતાં. પ્રભુ તેમના આત્માને કૃપાન્વિત કરે. અને આપણને સન્માર્ગે પ્રેરે."



**ડરબનથી** શ્રીરતિલાલ મિસ્ત્રી, શ્રીશાંતિલાલ પટેલ, શ્રીડાહ્યાભાઇ, શ્રીભીખાભાઇ, ઉકાભાઈ ભગત, પી.એચ. ધુપેલીયા અને તેઓના કુટુંબીજનો તરફથી આવેલ સંદેશાઓમાં લખ્યું છે : "સર્વે ભકતોને અને માનવજાતને મોટી ખોટ પડી છે."

**ક્વાલબર્ટ નાતાલથી** નાયક કુટુંબે ઘેરા શોકની અને ઊંડી સહાનુભૂતિની લાગણી પોતાના સંદેશમાં દર્શાવી છે.

**બિકાનેર થી** હિંમતલાલભાઇએ પોતાના તારમાં આઘાત જનક સમાચાર સાંભળી ખેદ વ્યકત કરી પૂ.મા સર્વેશ્વરીને સાંત્વન પાઠવ્યું છે.

**ફ્રેડર્ઝબર્ગ, આફ્રિકાથી મગનભાઇ પટેલ** પોતાના તારમાં લખે છે. ઊંડો અઘાત થયો. તેમના જવાથી આપણે એક દિવ્ય ગુરુને ગુમાવ્યા છે જેમનો સંદેશ આજે પણ અમે કૃતકૃત્યતાપૂર્વક યાદ કરીએ છીએ. તેમના સાઉથ આફ્રિકાના રોકાણ દરમ્યાન અમારાં દિલ જીતી લીધાં છે. આપના દુઃખમાં અમે સહભાગી છીએ. અમારા અંતરતમમાંથી સહાનુભૂતિ સ્વીકારશો."

આ ઉપરાંત વિદેશથી શ્રી આશાબહેન ભકત, શ્રી વિનોદ ભાઇ પટેલ, ન્યુજર્સી, લંડનથી અંબાલાલ ભાઈ મિસ્ત્રી, કેનેડાથી સુરેશભાઈ વિગેરેના ફોન દ્વારા સંદેશા આવ્યા છે.

લીટલ રોક અમેરિકાથી ભારતીબેન તથા જગદીશભાઇ તાર સંદેશામાં જણાવે છે કે "અન્યજનોની સહાનુભૂતિ આપને શાંતિ પહોંચાડો. ઈશ્વરમાં આપની શ્રદ્ધા ટકી રહો અને તે આઘાત સહન કરવાની શકિત આપો."

## હિમાલયના તપસ્વી અને સિદ્ધ સંત

# યોગેશ્વરજી બ્રહ્મલીન

### જન્મભૂમિ પ્રવાસી, તથા ફુલછાબ

તા. ૨૦-૩-૮૪

મુંબઇ, તા. ૧૮ : જેમના દેશ-વિદેશમાં અસંખ્ય અનુયાયીઓ અને ભક્તો છે એવા હિમાલયના આધ્યાત્મિક સંત અને યોગી પરમપૂજ્ય શ્રી યોગેશ્વર આજે ૬૩ વર્ષની વયે બ્રહ્મલીન થયા હતા.

કાંદીવલીમાં લક્ષ્મીનારાયણ મંદિરમાં આજથી તેમનાં ભાગવત વિષેનાં પ્રવચનોનો પ્રારંભ થયો ત્યારે શ્રોતાઓની અપાર ભીડ પ્રવચનોનો આનંદ ઉઠાવી રહી હતી ત્યારે સુમારે ૯-૪૫ વાગે તેમને હૃદયરોગનો ઉગ્ર હુમલો આવ્યો હતો અને તેઓ ઢળી પડયા હતા. લગભગ ૧૫ મિનિટમાં જ તેમણે પંચમહાભૂત દેહનો ત્યાગ કર્યો હતો.

જ્યારે તેમના ઉપર હૃદયરોગનો હુમલો થયો તે વેળા તેઓ કહી રહ્યા હતા કે "જીવ જ્યાંથી આવ્યો ત્યાં પાછો જાય છે. આપણો પ્રવાસ જ્યાંથી શરૂ ત્યાં જ પૂરો થશે."

પૂ. યોગેશ્વરજીએ આ અગાઉ માધવબાગમાં તા. ૭મીથી ૧૭મી સુધી રામાયણ ઉપર પ્રવચનો આપ્યાં હતાં.

કાલે સવારે અમદાવાદ-વડોદરાના તેમના ભક્તોના આવ્યા પછી અંતિમ યાત્રા વિષે નિર્ણય લેવાશે.

પૂ. યોગેશ્વરજીને સિદ્ધિપ્રાપ્ત હતી અને અંબામાતા સાથે સાક્ષી સંબંધ હતો. તેઓને થોડાં વર્ષો અગાઉ પણ



હૃદયરોગનો હુમલો આવ્યો હતો ત્યારે માતાજીએ એમને અભયવચન આપી કહ્યું હતું કે "હમણાં તમારે દેહ છોડવાનો નથી. હજી તમારે ઘણું કામ કરવાનું છે." અને ડોક્ટરોના આશ્ચર્ય વચ્ચે તેઓ જીવી ગયા હતા.

એ પછી માતાજીના આદેશથી તેઓએ દેશભરનાં પ્રવચનો પૂરાં કરી ઇંગ્લેન્ડ, અમેરિકા અને આફ્રિકાનો પ્રવાસ કર્યો હતો. ત્યાં તેઓ ગુજરાતી તેમજ ઇતર સત્સંગીઓમાં અત્યંત લોકપ્રિય થયા હતા.

મુંબઇ, તા૦ ૧૯ : પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો જન્મ અમદાવાદ અને ધોળકા વચ્ચે સરોડા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી મણિભાઇ ભટ્ટ અને માતાનું નામ જડાવબેન હતું. યોગેશ્વરજીએ પાછળથી માતાનું નામ જ્યોતિર્મયી રાખ્યું હતું.

તેઓ અભ્યાસાર્થે મુંબઇ આવી વસ્યા હતા. ત્યાર પછી આધ્યાત્મિક માર્ગે આગળ વધવા હિમાલયમાં વસ્યા. અનેક વર્ષો સુધી આકરી તપશ્ચર્યા કરી. જિંદગીનાં અનેક વર્ષો કઠોર સાધનામાં વિતાવ્યાં. તેમણે કોઇ પંથ સ્થાપ્યો નહતો તેમજ કોઈ શિષ્યો પણ બનાવ્યા નહતા. તે છતાં ધર્મનું શ્રેષ્ઠ અર્થઘટન કરીને તેનો પ્રચાર કરે છે અને પ્રજાને શ્રદ્ધા, ભક્તિ અને કલ્યાણનો રાહ ચીંધે છે.

તેમણે દેશની સ્વતંત્રતા માટે હિમાલયમાં રહીને વર્ષો સુધી પ્રાર્થનાઓ કરી હતી. દેશને માથે પ્રતિષ્ઠા અને બીજા કશાની પૂ. શ્રી યોગેશ્વરજી આવું સૂક્ષ્મદ્રષ્ટિયુક્ત જાગૃતિપૂર્વકનું જીવન જીવતા હતા.

પરવા કર્યા વિના પડદા પાછળ રહીને એમણે પાયાનું કામ કર્યું, તેથી સમજાય છે કે તેઓ એક મહાન રાષ્ટ્રભકત અને રાષ્ટ્ર વિધાયક પણ હતા.

તેમના પૂર્વજન્મના જ્ઞાનની વાતો વાંચીને ઘણાને આશ્ચર્ય થાય. તેમણે તો સત્યને વફાદાર રહીને વાત રજૂ કરી હતી. ઇ.સ. ૧૯૪૪ માં તેમને પૂર્વજન્મનું જ્ઞાન થયું હતું

તેમનો જન્મ ૧૯૨૧માં ૧૫મી ઓગસ્ટે થયો હતો. ભારતને આઝાદી મળી ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે. સ્વામી રામકૃષ્ણ પરમહંસે (જેમની સાથે યોગેશ્વરજીને તાદાત્મ્ય હતું.) સમાધિ લીધી તે દિવસ પણ પંદરમી ઓગસ્ટ હતો.

પૂજ્યશ્રી યોગેશ્વરજી બહુ જ ઊંચી કોટિના ગદ્ય લેખક અને કવિ હતા. સાહિત્ય પ્રત્યેની અભિરુચિ તેઓ મુંબઇમાં હાઇસ્કૂલમાં અને કોલેજમાં ભણતા હતા ત્યારે જ લાગેલી. તેમને જગતની ઉત્ક્રાંતિમાં અને અધ્યાત્મિક વિકાસમાં મૂળ રસ હતો.

તેમનો સાધનામય જીવનનો ઇતિહાસ રસિક તર્કબદ્ધ, બુદ્ધિસંગત અને ઉપકારક છે. આ ક્ષણભંગૂર સંસારમાં દિવ્ય દીવાદાંડીની ગરજ સારે છે. શ્રી 'યોગેશ્વર' નામ એમને સ્વયં 'મા જગદંબા' એ આપ્યું છે.

શ્રી યોગેશ્વરજી મુખ્યત્વે અધ્યાત્મિક યોગસાધના કરનાર મહાત્મા હોવા છતાં સમાજસુધારક, વિવેચક અને રાષ્ટ્રભકત હતા. દેશના પુનરૂત્થાન માટેની સતત ઝંખના તેમના હ્રદય-માં હતી.

શ્રી યોગેશ્વરજીનું હ્રદય શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવના હ્રદય જેવું ભકત હ્રદય. 'મા'ને પોકારતાં તેમની આંખોમાંથી



અશ્રુ વહેતાં. 'મા' (જગદંબા)નાં દર્શનની તાલાવેલી અને લગની એ જ એમની સાધનાની ગુરુ ચાવી હતી. પ્રાર્થનાએ એમના જીવનમાં મહાન ભાગ ભજવ્યો. પ્રાર્થનાનું બળ અમોઘ હતું. તેમના સંકલ્પ એવા હતા કે વિશ્વના વિકાસ-માં સહાયભૂત થવું અને માર્ગદર્શક બનવું. એમનાં પ્રવચનો સાંભળીને લોકો ગદ્‌ગદ્‌ અને ભાવવિભોર બની જતા. હતા. તેમની ભાષા સરળ, શિષ્ટ, સંસ્કારી અને મધુર હતી. તેઓ જગતનાં દર્દની ચિકિત્સા કરનાર આધ્યા-ત્મિક વૈદ્ય અથવા ડોકટર હતા.

ગુજરાતી સાહિત્યમાં એમની આત્મકથાનું પુસ્તક એ પૂ. યોગેશ્વરજીનું ભાષા ઉપરનું પ્રભુત્વ, શૈલી, મૌલિકતા બતાવે છે. એ 'પ્રકાશના પંથે'માં આલેખાયેલા દિવ્ય અનુભવોનું દર્શન પૂજ્ય શ્રી યોગેશ્વરજીને પ્રાપ્ત થયું હતું. ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી શંકર, શ્રી બુદ્ધ, શ્રી નારદજી, પવનપુત્ર શ્રી હનુમાન અને ભકત જલારામ જેવી દિવ્ય વિભુતિઓની અનુભૂતિઓથી તેઓ પાવન થયા હતા.

પૂજ્યશ્રી યોગેશ્વરજીની અનુભવવાણીથી ગુજરાત કે ભારત નહિ પણ અમેરિકા, કેનેડા, ઇંગ્લાંડ, ઝામ્બિયા (આફ્રિકા) જેવા દેશોનાં ભકતજનો મુગ્ધ બન્યા હતા. પૂજ્યશ્રીએ ભારતીય સંસ્કૃતિની વિજય પતાકા દેશવિદેશમાં ફેલાવી હતી. તેમનાં ૯૨ જેટલાં પુસ્તકો જેવાં કે ગીતા, રામાયણ ઉપનિ-ષદ, બ્રહ્મસૂત્ર, ભાગવત, યોગ તેમજ ધર્મને લગતાં અનેકને પ્રેરણા અને માર્ગદર્શન આપનારાં નીવડ્યાં હતાં. તેમનાં ભજનો, કાવ્યો, અને નવલિકાઓ ઘણાં જ લોકપ્રિય બન્યાં હતાં. ખરેખર તેમની સાદાઇ અને સરળતા ઊડીને આંખને વળગે તેવી હતી.

# યોગેશ્વરજીનો દેહવિલય

## સૌરાષ્ટ્ર સમાચાર

ભાવનગર તા. ૨૦-૩-૮૪

મહાત્મા શ્રી યોગેશ્વરજીના નામથી ગુજરાતમાં ભાગ્યે જ કોઈ અજાણ્યું હોવાનું. ભાવનગરને એમનો સવિશેષ પરિચય છે. દર વર્ષે એમની એક વ્યાખ્યાન માળાનો લાભ વર્ષોથી ભાવનગરને મળતો રહ્યો છે. ગઈ રાતના દસ પહેલાં થોડી મિનિટે મુંબઇ કાંદિવલી ખાતે આવેલા લક્ષ્મીનારાયણના મંદિરમાં તેઓ ૯થી૧૦ વચ્ચે પ્રવચન આપી રહ્યા હતા તે દરમ્યાન પ્રવચન પુરુ થવાને દસ-બાર મિનિટ બાકી હતી ત્યાં એકાએક હૃદયરોગનો હુમલો થતાં તેમનું દેહાવસાન થયું છે. એમના મુખમાંથી જે છેલ્લા શબ્દો બોલાયા તે આ હતાઃ "જીવ જ્યાંથી આવ્યો ત્યાં પાછો જતો હોય છે." તેઓશ્રી બહુશ્રુત હતા. ધર્મ અને અધ્યાત્મ ઉપર એમણે ૭૫થી વધુ પુસ્તકો લખ્યાં છે. એમની સાધના મહદ્‌અંશે હિમાલયમાં થઈ હતી. વર્ષનો થોડો ભાગ દર વર્ષે તેઓ મસુરી અને હિમાલયના અન્ય સ્થાનોમાં ચિંતનમનનમાં ગાળતા રહેલા.

છેલ્લાં થોડા વર્ષોમાં એમણે વિદેશોમાં જઈને ધર્મ, અધ્યાત્મ અને યોગનો પ્રચાર અને પ્રસાર કરેલો. જેમાં અફ્રિકા, અમેરિકા, કેનેડા બ્રિટન મુખ્ય હતાં. ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી ભાષા પર સારી પકડ હોવાથી દેશમાં અને દેશ બહાર તેઓ પોતાનો ભક્ત સમુદાય ઠીક-ઠીક પ્રમાણમાં ઊભો કરી શકયા હતા. એમની બોલવાની અને પ્રવચનની શૈલી સરળ સાથે સચોટ હોવાથી સાંભળનારા



પર ઊંડી છાપ પાડતી હતી. સાઠી વટાવી ગયેલા હોવા છતાં સતત ફરતા રહીને તેઓ પ્રવચનો આપતા રહેલા. એમણે છેલ્લે છેલ્લે તુલસીના રામચરિત માનસને ગુજરાતી કાવ્ય રચનામાં ઉતારીને એક નોંધપાત્ર કાર્ય કર્યું છે. આવા બુદ્ધ પુરુષને શાંતિ ઇચ્છનારા આપણે કોણ ? એમને પરમ શાંતિ હોય જ. એમની પુણ્યસ્મૃતિને વંદન કરીને વિરમીએ છીએ.

## ભાવાંજલિના સંદેશા સંક્ષિપ્તમાં

પૂ. શ્રીની જન્મભૂમિ સરોડામાં સમગ્ર ગ્રામજનોએ પોતાનાં દૈનિક કાર્યો બંધ રાખી, પંચાયત કચેરીએ ધૂન, ભજન અને પ્રાર્થનાનો કાર્યક્રમ રાખ્યો હતો. તા. ૨૯-૩-૮૪ ના રોજ પૂ. શ્રીના જન્મ સ્થળે ચોવીસ કલાકની અખંડ ધૂન પણ રાખી હતી. અમદાવાદના કેટલાક સાધક ભાઈબહેનોએ તેમાં હાજરી આપી હતી.

રણછોડભાઇ પટેલ
સરપંચ-સરોડા ગ્રામ પંચાયત

# A saint passes

**( Indian Express )** 26-3-84

The death last week of Sant Yogeshwarji has removed a great seer from Gujarat. Born in Gujarat and educated in Bombay, the Sant was dedicated to religion, to penance, to studies and to following the dictates of Ma Jagdamba. By fasting by prayers, by meditation, Sant Yogeshwarji attained the highest vision in which Lord Krishna, Sankara, Rama, Jagdamba and a host of others appeared to him.

An ardent student of the great scriptures, the Sant lectured easily on the Gita and the Hindu religion. He belonged to no creed, no sect. He preached the path of religion stressing the need for and importance of religion, of sacrifice, of detachment, of action even in this rather mundane world. Wherever he toured—be it, Gujarat, or Rajasthan, or the UK—the serene, selfless man, appealed to the people by his sincerity, understanding and practical wisdom.

He was also a great writer. All 1,200 pages of his autobiography, "Prakash ne Panthe", are full of divinity. His letters from Himalayas is an adorable and touching volume, for it was in the Himalayas, a little away from the



confluence of Alaknanda and Bhagirathi that he started his tapasya. Unfortunately, his "Gandhi Gaurava" has not been "appreciated by the Gujarati-reading public."

The departure of such a soul naturally leaves a void difficult to fill. Though Kalidas may say that death is natural and so do the shastras, to human beings on this earth. It is a great change which is difficult to explain. But the memory and teachings of men like Yogeshwarji will enable people to bear the loss with equanimity.

---

# महात्मा योगेश्वरजी नहीं रहे

( दैनिक युगपक्ष )

बीकानेर (कासं)। गुजरात के महान संत, मनीषी व आध्यात्मिक पुरुष योगेश्वरजी का देहांत हो गया है। इन दिनों वे बम्बई प्रवास पर थे। कांदीवली के लक्ष्मीनारायण मन्दिर में 18 से 26 मार्च तक उनका प्रवचन का कार्यक्रम था। इससे पहले माधव बाग में उनका प्रवचन कार्यक्रम समापन पर था।

ज्ञातव्य है कि महात्मा योगेश्वरजी जनवरी माह में राजस्थान प्रवास पर पहली बार पधारे थे। इस दौरान बीकानेर जोधपुर व जयपुर मे उनके रामायण और गीता पर प्रवचनों का कार्यक्रम हुआ था जिसे हजारों की संख्या में नर-नारिय ने सुना था।

# ભાવનગરની ભાવાંજલિ

સંકલનઃ- નાનુરામભાઇ દુધરેજિયા

[મહાત્મા યોગેશ્વરજી તા. ૧૮ રવિવારે રાતના ૯-૪૫ વાગે મુંબઈ-કાંદીવલી ખાતે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના હોલમાં ચાલુ પ્રવચને બ્રહ્મલીન થતાં તા. ૨૪ના રોજ સાંજના ૬-૩૦ વાગે જીલ્લા પંચાયતના સભાગૃહમાં ધર્મ, અધ્યાત્મ, યોગ અને સંસ્કૃતિ વિષયક ૭ ૮ સંસ્થાઓના સહકાર સાથે મહાત્મા યોગેશ્વરજી ધ્યાન કેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રાધ્યા. શ્રી જનાર્દન દવેના અધ્યક્ષપણા નીચે ગુણાનુવાદ સભાનું આયોજન કરાયેલ, જેમાં જુદા જુદા વકતાઓએ બ્રહ્મલીન મહાત્મા શ્રી યોગેશ્વરજી વિષે જે કહ્યું તેનો સારભાગ ટૂંકાવીને અત્રે રજુ કરેલ છે-સં]

## અકલ્પ્ય

ગયા મહિનાની ચોવીસમી તારીખે અમદાવાદ જવાનું થયેલ. ગુજરાત યુનિવર્સીટીના સેનેટહોલમાં પૂજ્ય શ્રી યોગેશ્વરજીના પાતંજલ યોગદર્શન પર પ્રવચનો હતાં. એ વખતે કલ્પના નહોતી કે એક મહિના પછી એમના ગુણાનુવાદની સભા મારે ભાવનગરમાં યોજવી પડશે.

હું એક દિવસ માટે ગયેલો. એમણે આગ્રહ કરીને મને પાંચ દિવસ રાખ્યો. પાંચમે દિવસે મેં પૂછ્યું હવે હું ભાવનગર જાઉં ? ૨૯ ફેબ્રુઆરીનો એ દિવસ હતો આવી વિદાય વખતે એ કહેતા ફરી પાછા મળીશું. મેં ચરણમાં વંદન કરી રજા માગી ત્યારે એટલું જ કહ્યું : રાતની બસમાં



ના જતા, સવારે જવું હોય તો જજો. હું થોડીવાર ઉભો રહ્યો કે હમણાં કહેશે : 'ફરી પાછા મળીશું" પણ એમના મુખમાંથી એ શબ્દો ના નીકળ્યા.

૧૮ મી રાત્રે મને લાઇટનીંગ કોલથી ખબર મળ્યા કે ગુરૂદેવનું અવસાન થઇ ગયું છે, કાંદીવલી લક્ષ્મીનારાયણ મંદિરના ગીતા હોલમાં શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં કરતાં. સાંભળીને બેભાન થઈ જવા જેવી હાલત હતી, ટેક્સી લઇને જવા વિચાર્યું પણ લાંબો પંથ. મેં જણાવ્યું કાલે પ્લેઇનમાં આવીશ.

૧૯ વહેલી સવારના ખબર મળ્યા કે મૃતદેહ સાંજના પાંચ વાગે અમદાવાદ લવાઇ રહ્યો છે. અમે ૨૦-૨૫ ભાઈ-બહેનો અમદાવાદ પહોંચી ગયાં.

મુંબઇમાં પૂ. મા સર્વેશ્વરી સાથે જ હતાં. એ કલ્પી નહિ શકેલ, એમણે માન્યું કદાચ સમાધિ હોય ! શ્રોતામાંથી ત્રણ-ચાર ડોકટરો ધસી આવ્યા. મસાજ કર્યું. વ્યર્થ. એમનું છેલ્લું વાકય હતું : 'જીવ જયાંથી આવે છે ત્યાં પાછો પહોંચે ત્યારે એને શાંતિ મળે છે' ઇશ્વર સાથે ઝગડવાનું મન થાય કે આ તારો કેવો વહેવાર ! તારા ગુણગાન ગાનારને આમ જરાય સંકેત વિના ઉપાડી લેવાય ! નારાયણભાઈ હ. જાની

## આત્મસાત જ્ઞાન

'પ્રકાશના પંથે' વાંચનારાઓએ જોયું હશે કે યોગેશ્વરજીનો અધ્યાત્મના પંથે કેવો પ્રવાસ હતો. તેની સતત ઝાંખી એમાં થયા કરે છે. પ્રતીતિમાંથી ઉદ્‌ભવેલ વાણીમાં જે રણકો આવે ઉછીનું જ્ઞાન અને આત્મસાતજ્ઞાન એ બન્નેનો ભેદ

હોય તે એમના પ્રવચનોમાં સ્પષ્ટ દેખાતો હતો. પોતાની માતૃભાષામાં ગહનમાં ગહન વિષય સરળમાં સરળ રીતે મૂકી શકાય એ એમણે કરી બતાવ્યું છે. સંતોની લીલા બહુ અકળ હોય છે: 'જે માર્ગે જીવ આવ્યો તે માર્ગે પાછો જાય' લહર લહરીમાં મળે, બિન્દુ સાગરમાં મળે એનો શોક હોય કે આનંદ ? મારા પર એમની મમતા હતી. જ્યારે મળુ ત્યારે એમના સાહિત્યની કંઇક પ્રસાદી ન મળી હોય એવું બન્યું નથી.

તખ્તસિંહ પરમાર

## સર્વપ્રિય

એમના છેલ્લા પરિચયે મને જે જાણવાનું મળ્યું તે ભૂલી શકતો નથી. તેઓશ્રી ગાયત્રી મેગ્નેટિક સેન્ટર જોવા પધારેલા. ઘણા સંતો આવીને જુએ છે પણ યોગેશ્વરજીની રીત અનેરી હતી. દરેક દરદીને પૂછ્યું શું હતું ? હવે કેમ છે ? અને સલાહ પણ આપી. ચારસો પાંચસો માણસો સાંભળવા એકત્ર થયેલા. એક ભાઇ કહે હું દિલ્હીથી આવ્યો છું. હું ગુજરાતી નહિ સમજી શકું. આપ હિન્દીમાં બોલો. યોગેશ્વરજીએ બધાને પૂછ્યું હું હિન્દીમાં બોલું ? સૌએ હા કહી અને તેઓ હિન્દીમાં બોલ્યા. અમારા દર્દીઓને થયું આવા સંતો આવતા હોય તો જલદી સાજા થઇ જવાય.

લાભશંકર વ્યાસ

## માના કૃપાપાત્ર

આપણા સૌના દિલમાં વસી રહેલા યોગેશ્વરજી આપણને છોડીને ચાલ્યા ગયા. પરમાત્માની ઇચ્છા વિના પાંદડું હાલતું નથી નહિતર ૬૩ વર્ષની વયે યોગેશ્વરજી જાય એવું બને ? સારી નોકરી મુંબઇમાં મળે તેમ હતી તે ન લીધી અને



હિમાલયમાં ગયા ત્યાં સાધના કરતાં કરતાં પણ ભારતની સ્વાધીનતા માટે શુભકામના કરતા રહ્યા.

પશ્ચિમમાં સમૃદ્ધિ છે, મનની શાંતિ નથી. એ શાંતિનો અનુભવ એમણે ત્યાં જઇને કરાવ્યો. મા ભગવતીની એમના પર પૂર્ણ કૃપા હતી. એમની આજ્ઞા મેળવીને જ તેઓ બધુ કરતા.

પ્રભાશંકર જોશી

## દર્શનલાભથી વંચિત

મને એમના દર્શન-શ્રવણનો લાભ મળ્યો છે. એમના બ્રહ્મલીન થયાના સમાચાર જાણ્યા ત્યારે આઘાત લાગ્યો. એક ઉચ્ચ આધ્યાત્મિક પ્રતિભા એકાએક બુઝાઇ ગઇ. આપણે ભાવનગરના લોકો જે એમના દર્શન માટે વર્ષોથી ટેવાયેલા હતા તે દર્શન લાભથી વંચિત થયા છીએ એમનું વાઙ્મય સ્વરૂપ નષ્ટ થયું નથી. તે આપણી પાસે છે. આપણે એમાંથી પ્રેરણા મેળવતા રહીએ.

પ્રહલાદરાય

## આપણું સદ્ભાગ્ય

મારો સંબંધ જાનીજીના કારણે થયેલો. યોગેશ્વરજી મને પ્રાર્થના માટે કહેતા કે પ્રાર્થના એ મોટું બળ છે. આપણને એમનો પરિચય થયો તે આપણું સદ્ભાગ્ય. એમની અને એમના ભક્તોની વચ્ચે ગાઢ સંબંધ હતો. આવા સંત પુરુષ મરે તો પણ મરતા નથી. એમનું લક્ષ આપણને સૌને ઇશ્વર તરફ વાળવાનું હતું.

મણિભાઇ શાહ

## ધાર્મિક જાગૃતિ

એમણે બતાવેલ રસ્તે આગળ વધીએ એ જ એમને સાચી

શ્રદ્ધાંજલિ છે. તેઓ સામાન્ય માનવી નહિ, માનવદેહમાં રહેલ સંત વિભૂતિ હતા.

પરમાત્મા સાથે સંબંધિત રહીને એ કાર્ય કરતા હતા. ઘણા માણસોને એમણે સારા માર્ગે વાળ્યા છે. સંસ્કૃતિનું પુનરૂત્થાન કર્યું છે. ધાર્મિક જાગૃતિ એમણે ફેલાવી છે, પ્રકાશના પંથે આગળ વધવા અને મુશ્કેલીથી ડગીએ નહિ એવું બળ તેઓ આપણને આપે.

–કે. ડી. ભટ

## શાશ્વત જન્મ

ભાવનગર ઉપર જે કેટલાક સંતોની કૃપા રહી તેમાંના એક યોગેશ્વરજી હતા. એમનો જન્મ એમનો અવતાર 'ઈટરનલ બર્થ' શાશ્વત જન્મ હતો. એટલે એમની ચેતના ભુમંડલમાં રહેવાની. જેઓ પોતાના મનને સ્વચ્છ અને સ્પંદન રહિત કરી શકશે તેઓ હવે પછી પણ એમનો સંસ્પર્શ પામી શકશે.

–નાનુરામ દુધરેજિયા

## માનવદેહે પ્રભુમય

ધર્મના તેઓ એન્સાઇકલોપીડિયા હતા એવું જે અહિં કહેવાયું તેનો અનુભવ આપણને એમના પ્રવચનોમાં થતો હતો. બ્રહ્મસૂત્ર, ઉપનિષદ અને ગીતા એ ત્રણે ગ્રંથોના યોગેશ્વરજી પ્રતિનિધિ હતા, એ ત્રણેય પર એમણે સુંદર પ્રવચનો આપ્યાં છે. તેઓ માનવદેહે જન્મ પામી પ્રભુમય બન્યા હતા. આપણે એક મહિના પછી એમને સાંભળીશું તે આશા હવે રહી નથી. એમની પાસે સમાજનું ઉત્તમ દર્શન હતું. એમના જીવનમાંથી આપણે ઘણું શીખી શકીએ તેવું છે.



–ગુલાબરાય સંઘવી

## મહાપુરૂષ

મહાપુરુષ વિષે ભર્તૃહરિએ સુંદર લખ્યું છેઃ એમનું મુખવદન 'પ્રસાદ સદન' મહાપુરુષોના મુખારવિંદ ઉપર હમેશાં પ્રસન્નતાની દિવ્ય દિપ્તિ ઝલકતી હોય છે. 'પ્રકાશના પંથે' માં એમના 'પ્રસાદ સદન' ના ઘણા પુરાવા મળી રહે છે. બીજા 'સદય' હૃદય'' મહાપુરૂષોનું હૃદય અનુકંપાવાળું અને અનુગ્રહ કરનારૂ હોય છે. યોગેશ્વરજીએ જ્યાં જ્યાં દુઃખ દર્દ અને યંત્રણાઓ જોઇ ત્યાં તેના નિવારણ માટે મંડ્યા રહેલા, દુઃખીને જુએ તો બોલાવે, વાતો કરે. એમના સાંનિધ્યમાં બે–ત્રણ મિનિટ બેસો તો ચિત્તને શાંતિની અનુભુતિ થાય. આપણા પ્રશ્નોનું સમાધાન મળી રહે. વાણી એમની પાછળ દોડતી હતી, યોગેશ્વરજી શાસ્ત્રો પાછળ નહોતા દોડતા શાસ્ત્રો એમની પાછળ દોડતાં હતાં. એમની વાણી પ્રસન્ન ગંભીર હતી અને એમનું કામ બીજાના હિત માટેનું હતું. યોગેશ્વરજીએ પોતાને માટે કશી પ્રાર્થના કરેલ નહિ.

–જનાર્દન દવે

# પૂ. યોગેશ્વરજીને મુંબઇના ભક્તોની ભાવભરી અંજલિઓ

મુંબઇ: "પૂ. યોગેશ્વરજીની આધ્યાત્મિક પ્રતિભા પ્રકટ થતી હોય એવા પ્રસંગોને એકઠા કરીને 'સ્મૃતિ વંદના' રૂપે પ્રકટ કરવામાં આવે તો તેથી તેમના દેશ-પરદેશના અનેક ભકતોને તેમની શકિતનો સાચો ખ્યાલ આવી શકે." એવું સૂચન અહીં ગઇ કાલે યોજાયેલ શ્રદ્ધાંજલિ સભાના અધ્યક્ષસ્થાનેથી અમૃતલાલ યાજ્ઞિકે કર્યું હતું.

તેમણે એ પણ સૂચવ્યું હતું કે આવા પ્રસંગોમાંથી ચમત્કારો-ને બકાત રાખવા જેથી પ્રસંગનું આધ્યાત્મિક સત્વ જળવાઇ રહે.

અંબાજીમાં પૂ. યોગેશ્વરનાં માતાજી જ્યોતિર્મયીની યાદમાં બંધાવવા ધારેલ અતિથિગૃહનું કાર્ય પણ પુરું કરવા શ્રી યાજ્ઞિકે સૂચવ્યું હતું.

સભામાં પૂ. યોગેશ્વરજીના સંપર્કમાં આવેલ વિવિધ વ્યકિતઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. મા સર્વેશ્વરી-નાં ભજનોની ટેપ સંભળાવેલ હતી. અંતે દસ મિનિટ મૌન ધ્યાન દ્વારા યોગેશ્વરજીની સ્મૃતિ કરાઇ હતી.

શ્રી યાજ્ઞિકે વધુમાં કહ્યું હતું કે આજે આપણે પૂ. યોગે-શ્વરજીની પુણ્ય સ્મૃતિનું પૂજન કરી પવિત્ર થવા એકત્રિત થયા છીએ.

પૂ. યોગેશ્વરજી સંસારથી મુકત છતાં સંન્યાસી નહોતા. તેઓ પોતાનાં માતાજી સાથે રહેતા. તેમને માતાજી સાથે



જોઈ શંકરાચાર્યની યાદ આવી હતી.

શ્રી યાજ્ઞિકે કહ્યું હતું કે હિમાલયની યાત્રા દેવપ્રયાગમાં એમની પુણ્ય સ્મૃતિથી જ મને ઘણું બળ મળ્યું હતું.

તેઓ કવિ અને સાહિત્યકાર હતા. તેમણે એનો આધ્યા-ત્મિક માર્ગે વિનિયોગ કર્યો હતો. તેઓ જીવન અને મૃત્યુથી પર હતા. એમનું કાર્ય વાતાવરણમાં ફેલાઇ ગયું છે. એમના આધ્યાત્મિક વારસાને જીવનમાં ઉતારીએ.

પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન વતી અંજલિ આપતાં કહ્યું હતું કે : "હું મસુરી ગયો ત્યારે મેં જોયું કે ત્યાં તેમનું ભારે માન હતું. તેમનો વૈરાગ્ય તીવ્ર હતો. દેશ પર-દેશમાં તેઓ સાદાઇ અને અપરિગ્રહથી રહેતા હતા."

વર્ષો અગાઉ તેઓ જન્મભૂમિના 'મધુ સંચય' વિભાગમાં સાધકોને પ્રશ્નોત્તરીમાં સુંદર માર્ગદર્શન આપતા. પ્રેમ કુટિર-માં રહી તેમણે પ્રવચનો આપ્યાં હતાં. તપ કરી સિદ્ધિ પ્રાપ્ત કરનાર યોગેશ્વરજી અજોડ હતા. મને ધ્યાનમાં તેમનાં દર્શન થતાં હતાં.

એમનામાં આડંબર કે દંભ ન હોતો. એવા સાચા સંત ચાલી ગયા. એમણે શીખવ્યું તે અમલમાં લાવવા પ્રયત્ન કરીએ.

શ્રી ભરતભાઇ ત્રિવેદી એ કહ્યું હતું કે યોગેશ્વરજી સાથે ઘણાં વર્ષોથી મારો સંપર્ક હતો.

યોગેશ્વરજી સમયની સાથે રહ્યા. આઝાદીની લડાઇમાં તેમણે સ્વાતંત્ર્ય-સૈનીકો સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ સંપર્ક રાખ્યો હતો.

એમણે કોઇ સંપ્રદાય ન સ્થાપતાં હિંદુ ધર્મની વાતો સરળતાથી રજુ કરી.

એમની સમયને ઓળખીને ચાલવાની એક વાત યાદ આવે છે. એક ગૃહસ્થે કહ્યું : 'મારો એકવીસ હાંડા દૂધ શંકરની પિંડી ઉપર ચઢાવવાનો સંકલ્પ છે.' યોગેશ્વરજીએ કહ્યું : તમે એક લોટી દૂધજ શંકરને ચઢાવો, બાકીનું દૂધ શાળાનાં બાળકોને પીવરાવી દો તો તમારો સંકલ્પ પૂરો થયેલો જણાશે."

શ્રી વિષુભાઇ જાનીએ દેવપ્રયાગમાં પોતે ૧૯૫૧માં તપસ્વી યોગેશ્વરજીને મળ્યા તેનું વર્ણન લાગણીશીલ સ્વરે કહ્યું હતું. તેમનો આશ્રમ કોઇ ઋષિના આશ્રમ જેટલો સ્વચ્છ અને પવિત્ર હતો. ત્યાં તેમણે બધા જ પરિચિતોના કુશળ સમાચાર પૂછ્યા હતા.

આવા માણસો મરતાજ નથી. તેઓ દેવલોક થયાજ નથી. તેઓ ચિરંજીવ છે.

શ્રી વિઠ્ઠલ પંડ્યાએ કહ્યું હતું કે પૂ. યોગેશ્વરજી ચમત્કારોમાં માનતા ન હતા. પણ એમનું જીવન જ ચમત્કાર રૂપ હતું. એક નાના ગામના અભણ ગરીબ ખેડૂતનો નબળો છોકરો ભણી રહ્યો હતો ત્યારે જ ૧૪ વર્ષની વયે ઇશ્વરની ખોજ તરફ વળ્યો.

લગ્ન કરવાની ના પાડી ત્યારે સગાં-વહાલાંએ મેણાં-ટોણાં ને ગાળાગાળી કરી છતાં તે પોતાના નિશ્ચયમાંથી ડગ્યા નહીં.

તેમણે અયાચકવ્રતથી તપસ્યા કરી. દેવપ્રયાગમાં દશરથાચલની ઉપર શિયાળામાં એકજ વસ્ત્ર ધારણ કરી તપસ્યા કરી. ઇશ્વર દર્શનનું ધ્યેય પૂરું કર્યું.



એમને શાળાના સમયથીજ ધાર્મિક સાહિત્ય તરફ રુચિ હતી. તેમણે ૯૦ જેટલા ગ્રંથોની રચના કરી છે.

તેઓ મારા તો મિત્ર, સખા, ગુરુ ને માર્ગદર્શક હતા. અમે સાથે ભણતા હતા.

એમના જેવા સરળ, સીધા, નિરાડંબરી પુરુષો અવતરે એવી પ્રાર્થના.

શ્રી બાબુભાઇ મહેતાએ કહ્યું હતું કે અમારે કાંદીવલીમાં મહાત્માજીનાં પ્રવચન રાખવાના હતા ત્યારે લક્ષ્મીનારાયણ મંદિરના હોલના ટ્રસ્ટીઓએ પૂછ્યું, "મહાત્માજી કયા પંથના છે ?" મેં કહ્યું : "વિશ્વ પંથના." એ પછી ટ્રસ્ટીઓએ ખુદ પ્રવચનોનું આયોજન કરવાનું માથે લીધું.

યોગેશ્વરજીએ મારા જુના મકાનમાં જેમ નિવાસ કર્યો હતો તેમજ પ્રવચનવેળા નવા મકાનમાં આવ્યા. તેમણે મારા ગુરુની સાથે મને અર્ધ જાગૃત દશામાં પણ ત્રણવાર દર્શન આપ્યા.

તેમણે તો વિદાયનો સંકેત આપ્યો હતો પણ અમે સમજી શક્યા નહીં. મારી નાની છોકરીની એસ. એસ. સી. ની પરીક્ષા બીજે દિવસે શરૂ થનાર હતી. મેં તેમને પરીક્ષા આપવા જતી વેળા બેબીને આશીર્વાદ દેવા વિનંતિ કરી ત્યાં તેમણે કહ્યું : "માગો, માગો આજે જ માગો. જે જોઇએ તે માગી લો, કાલે નહીં. કાલે બહુ મોડું થઇ ગયું હશે."

એમનાં આ વચન સાંભળી મેં શંકરાચાર્યની જેમ ભક્તિ માગી કહ્યું : "પ્રભુ, જેવો છું તેવો જ સ્વીકારી લેજો."

મારા જે રૂમમાં તેમનો વાસ હતો તે રૂમમાં તેમના

દેહને લઈ જવા પછીયે જાણે કે એમની હાજરી વરતાતી હતી. રૂમ તેજસ્વી લાગતો હતો; તેમના અસ્તિત્વનો જાણે કે કરંટ લાગતો હતો.

શ્રી. જે. વી. શાહે કહ્યું હતું કે પૂ. યોગેશ્વરજી સંતજ નહીં રાષ્ટ્ર વિધાયક મહાપુરુષ હતા. પ્રભુ તરફ અભિમુખ એવું તેમનું શાંત જીવન હતું. તેઓ કોઈની શેહમાં તણાયા નહીં. ન્યુયોર્કમાં પ્રવચન માટે મળેલા પાંચ હજાર ડોલર પાછા આપ્યા હતા.

ભાનુકુમાર નાયકે કહ્યું કે મહાત્માજીના આદેશથી મેં એમની આત્મકથાના પુસ્તકનું હિન્દી ભાષાંતર કર્યું. તે વારાણસીમાં છપાનાર છે. મેં પ્રકાશકને લખ્યું કે તમે કયારે છાપકામ હાથમાં લેવાના છો એ જલ્દી લખો તો હું મહાત્માજી હમણાં પ્રવચન કરવા અહીં આવ્યા છે તેમને જણાવી શકું. વિધિની વિચિત્રતા જુઓ પ્રકાશકનો પત્ર આજે જ આવ્યો કે પુસ્તકનું મુદ્રણ ઓગસ્ટ મહિનામાં હાથ ધરાશે. ત્યારે આ ખબર હું યોગેશ્વરજીને પહોંચાડી શકું તેમ નથી. પરંતુ જ્યારે પણ તે પુસ્તક છપાશે ત્યારે અનેકો માટે પ્રેરણારૂપ બનશે.

શ્રી. મણિભાઈ જોશીએ કહ્યું હતું કે પૂ. યોગેશ્વરજી સ્થૂળ દેહે આપણી વચ્ચે નથી, પણ સૂક્ષ્મરૂપે તો છેજ. આવા પુરુષો ત્યારે જ જન્મે જ્યારે દેશનું સદ્દભાગ્ય હોય.

તેઓ સમયના પાબંદ હતા. તેમણે કદીએ કોઈને પોતાનું પુસ્તક ખરીદવા કહ્યું નથી.

---



# અમદાવાદ

પૂ.શ્રીના લીલાસંવરણ પ્રસંગને અનુલક્ષીને અમદાવાદમાં મહાત્મા શ્રી યોગેશ્વરજી ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે રવિવાર તા. ૨૫-૩-૮૪ ના રોજ સાંજે ૬-૩૦ થી ૮-૦૦ એચ. કે આર્ટસ્ કોલેજના હોલમાં કાર્યક્રમ યોજાઈ ગયો.

શ્રી જયશ્રી બહેનના ભજન-ધૂન બાદ ટ્રસ્ટના પ્રમુખ શ્રી અમીન સાહિબ તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઈએ પૂ.શ્રીના ફોટાને હારતોરા કર્યા હતા.

શ્રી અમીન સાહેબે પૂ.શ્રી સાથેનો તેમનો સંબંધ યાદ કરતાં જણાવ્યું હતું કે, "આપણે તેમને શું શ્રદ્ધાંજલિ આપી શકવાના છીએ? તેતો મહામાનવ હતા. લોકો તેની સાથે સારી-ખરાબ ગમે તેવી રીતે વર્ત્યા છે છતાં તેઓ સ્વસ્થ જ રહ્યા છે. કોઈના પ્રત્યે દ્વેષભાવ કે કટુતા રાખી નથી. પ્રેમ જ વર્ષાવ્યો હતો."

શ્રી નારાયણ જાનીએ દેશ-વિદેશથી પત્ર-તાર-ફોન દ્વારા આવેલા સંદેશાઓનું વાંચન કર્યું હતું. પૂ.શ્રી સાથે તેમનું જીવન કેવું વણાઈ ગયું છે અને પૂ શ્રીએ તેમના જીવન-ઘડતરમાં કેવો વિશિષ્ઠ ભાગ ભજવ્યો છે તે યાદ કરી ખુબ પ્રેમ-શ્રદ્ધા અને ભકિતભાવ વડે તેઓ પ્રભુરૂપ જ હતા તેમ કહ્યું હતું.

ગુજરાત સરકારના ભૂતપૂર્વ મુખ્ય સચિવ શ્રી દલાલ સાહેબે પણ પૂ શ્રીનો તેમના પ્રત્યેનો પ્રેમભાવ યાદ કર્યો હતો અને પોતાના અનુભવો જણાવ્યા હતા. શ્રી વાસુદેવ મહેતાએ તા. ૧૮ ના રોજ આપેલ શ્રદ્ધાંજલિ દોહરાવી હતી

અને પોતાનો ભાવ વડોદરાના કવિ શ્રી અનામીના કાવ્યમાં કેવો આબાદ વ્યકત થઇ ગયો છે તેમ જણાવી તેમનું કાવ્ય 'અવ્યકતમાંથી અવ્યકત'માં વાંચી સંભળાવ્યું હતું. પી. એચ. ડી. થયેલા મહામંડલેશ્વર સ્વામી શ્રી હરિપ્રસાદજી એ પોતાનાં પ્રવચનમાં પૂ.શ્રીની ધ્યાન સાધના પદ્ધતિની વૈજ્ઞાનિકતા સમજાવી જણાવ્યું હતું કે તેમની ધ્યાન સાધના પદ્ધત્તિ સર્વોત્તમ છે. તેમની પાસેથી હું ઘણું શીખ્યો છું. વડોદરા કેન્દ્ર તરફથી શ્રી ચંપકલાલ શાહે પૂ.શ્રીની માતૃભક્તિ યાદ કરી, રાષ્ટ્ર વિધાયક મહાત્મા તરીકે પૂજ્ય શ્રીને ઓળખાવ્યા હતા. શ્રી અનંતરાય રાવળે પૂ.શ્રીના અમર સાહિત્ય સર્જનને યાદ કરી કહ્યું કે બહુ ઓછા સંતોને સાહિત્ય પ્રત્યે રૂચિ હોય છે. પૂ. યોગેશ્વરજીને પ્રાચીન તેમજ અર્વાચીન સાહિત્યનો જીવંત સંપર્ક હતો અને વર્તમાન સાહિત્ય જીવનના પ્રવાહથી તેઓ સતત પોતાની જાતને વાકેફ રાખતા હતા.

પૂ. મા સર્વેશ્વરીએ કોઇ દિવ્ય અનુભૂતિથી પ્રેરાઇને શાંત, સ્વસ્થ ચિત્તે દૃઢતાપૂર્વક સ્પષ્ટ રીતે કહ્યું, "પૂ.શ્રી આપણને છોડીને કયાંય ગયા નથી. સ્થૂળ દેહની મર્યાદાઓ ઓળંગી જઇને વધુ વ્યાપક અને સઘનરૂપે તેઓ પ્રગટ થયા છે તેથી એક રીતે જોઇએ તો ૧૮મી માર્ચ એ તેઓનો સૂક્ષ્મ સ્વરૂપનો પ્રાગટ્ય દિન ગણી શકાય." પૂજ્ય યોગેશ્વરજી પોતાના જીવનની પ્રત્યેક પળ જાગૃતિપૂર્વક જીવ્યા છે. સતત સમાજ ઉપયોગી કાર્યોમાં રત રહ્યા છે તેમ જણાવી કહ્યું હતું કે, "આપણે તેમના કાર્યને આગળ ધપાવવાનું છે."

વિશેષ અતિથિને નાતે ગુજરાત હાઇકોર્ટના જજ શ્રી એન. એચ. ભટ્ટએ ખુબ સુંદર, પ્રવાહી શૈલિમાં પૂ. શ્રીના જીવનના



વિવિધ પાસાંઓ પર પ્રકાશ પાડયો હતો. રોજીંદા જીવનની સામાન્ય બાબતોમાં તેમનો અસામાન્ય અભિગમ રહેતો તે વાત કહી. ગુજરાત હાઇકોર્ટના જજ શ્રી બી. કે. મહેતા એ પ્રમુખ સ્થાનેથી પૂ. શ્રીના લીલાસંવરણ પ્રસંગે પોતે તૈયાર કરેલ લખાણ વાંચી સંભળાવ્યું હતું. અને તેમાં જણાવ્યું હતું કે તેઓશ્રીના આશીર્વાદ આપણા પર ઉતરો–તેથી વિશેષ આપણે કશું કરી શકીએ તેમ નથી.

શ્રી. બાબુભાઇએ સમાપન કર્યું હતું.

## નવા નોંધાયેલ આજીવન સભ્યો

અધ્યાત્મ માસિકના આજીવન સભ્યોમાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે, તે વાંચકોનો સદ્ભાવ દર્શાવે છે. છેલ્લા એક માસમાં નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

૩૬૧ શ્રી નિર્મળાબેન સુ. ત્રિવેદી, મોરબી રૂા. ૨૫૧
૩૬૨ ,, ગુલાબદાસ ગંગારામ, અમદાવાદ રૂા. ૨૫૧
૩૬૩ ,, પ્રવિણભાઇ હીરાભાઇ દોશી, મુંબઇ રૂા. ૨૫૧
૩૬૪ ,, મિથિલેશ કેશવલાલ શાહ, સોલાપુર રૂા. ૨૫૧
૩૬૫ ,, મણિલાલ ધનેશ્વર જોષી, મુંબઇ રૂા. ૨૫૧
૩૬૫ શ્રીમતી ચંચળબેન ઇશ્વરલાલ પંચાલ,
મુંબઇ રૂા. ૨૫૧
૩૬૬ શ્રી અરૂણ નારાયણજી પાંધી, મુંબઇ રૂા. ૨૫૧

# સ્મરણાંજલિઓ

સુરત નગરના પૂ. શ્રી યોગેશ્વર-પ્રેમીજનોની આ સભા તેઓશ્રીના અચાનક બ્રહ્મલીન થવાના સમાચારથી ગહન શોક અને વિરહની ઉંડી લાગણી અનુભવે છે. પૂજ્ય શ્રી ૧૮-૩-૮૪ ને રવિવારે કાંદીવલી-મુંબઇ મુકામે પ્રવચનના પ્રથમ દિવસે જ મહાસમાધિસ્થ થયા જાણી સ્તબ્ધ ને શોકમાં મૂઢ બનેલ છે.

સુરતની જનતા અને વિશાળ ભકતજનો તેમના નિકટતમ સાથી મા સર્વેશ્વરી સાથે ઘેરા શોકમાં સહભાગી બને છે. સમસ્ત જીવન દરમ્યાન જ પ્રભુમય જીવન ગાળતા શ્રી યોગેશ્વરજી પરમાત્મતત્ત્વ સાથે તાદાત્મ્ય થયા ને લૌકિક રીતે પરમ મોક્ષ પામ્યા એ પ્રસંગે શોકાતુર થયેલ છે.

પૂજ્ય શ્રીનું સમસ્ત જીવન બ્રહ્મની અભિવ્યકિત જ હતું. તેમની ઇંગ્લેન્ડ, અમેરિકા તથા આફ્રિકાખંડની પુણ્યયાત્રાઓએ ભારતની પરંપરાગત ઉજ્જવલ સંતપ્રણાલિને ગૌરવવંતી બનાવી હતી. તેમના લેખનકાર્ય વડે અક્ષરદેહથી તેઓ અમર જ છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પ્રવચનો દ્વારા સમસ્ત ભૂમંડલને જ્ઞાનપ્રકાશથી ભરી દીધું છે. લેખન અને પ્રવચનથી અનેક આત્માઓનું આત્યંતિક કલ્યાણ થયેલ છે.

તેમની પ્રેરણા પ્રાપ્ત કરી ગુજરાત અને દેશવિદેશના અનેક શહેરોમાં નિયમિત ધ્યાનકેન્દ્રો કાર્યરત થયેલ છે. 'અધ્યાત્મ' માસિક વડે અને દસ જેટલી વાર્ષિક સાધના શિબિરો વડે અનેક મુમુક્ષુજનો અંતિમ પુરુષાર્થમાં યોજાયા છે. તેમના સાનિધ્યમાં પૂજ્ય મા સર્વેશ્વરીના ભજનો દ્વારા અમૂલ્ય આનંદબોધ પામ્યા છે.



પણ ઋણાનુબંધ તથા ભગવદેચ્છાની સર્વોપરિતા સિદ્ધ કરતા તેઓ પરમધામ પામ્યા છે. તેથી ભકતજનો પાસે પ્રાર્થના સિવાય આ મહામાનવ વિષે શું રહે ?

હરિ ૐ ૐ શાંતિઃ શાંતિ શાંતિઃ

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, સુરત સભાજનોવતી
(T. G. Bhatt)

*

# વડોદરા

શ્રી યોગેશ્વર સત્સંગ મંડળના ઉપક્રમે તા. ૨૪-૩-૮૪ ના રોજ પૂ.શ્રી યોગેશ્વરજીના પ્રેમી-ભક્તજનો અરૂણોદય હૉલ-અલકાપુરી મળ્યા હતા અને પૂ. શ્રી ના મહાપ્રયાણ નિમિત્તે પ્રેમાંજલિ અર્પતો કરાવ પસાર કર્યો હતો. આ ઠરાવમાં પૂ. યોગેશ્વરજીને ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર, એક આદર્શ કર્મયોગી અને રાષ્ટ્રવિધાયક ગણાવાયા હતા. આજ ઠરાવમાં એજ ભાવનાથી પૂજ્ય મા સર્વેશ્વરી તેમનું અધૂરું કાર્ય આગળ ધપાવે અને એ માટે પૂજ્ય શ્રીના આશીર્વાદ મળતા રહે એવી શ્રદ્ધા વ્યકત થઇ હતી. કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી રણજીતભાઇ પટેલ (ડો. અનામી) એ સંભાળ્યું હતું.

# સંદેશાઓ સંક્ષિપ્તમાં :

[પરમ વંદનીય પૂ. યોગેશ્વરજીના લીલા સંવરણ પ્રસંગે. અનેક ભાઈઓ બહેનો તેમજ સંસ્થાઓના સંદેશાઓ પ.પૂ. માશ્રી સર્વેશ્વરી, શ્રી બાબુભાઈ વોરા તેમજ તંત્રી-અધ્યાત્મને મળ્યા છે. આ બધાજ સંદેશાઓની નોંધ અધ્યાત્મમાં સમાવવી અશકય છે. એટલે જે ભાઈ બહેનોના સંદેશાઓનો અત્રે સમાવેશ ન થયો હોય તેઓ દુઃખ ન લગાડે, અમારી મર્યાદા સમજે ને ક્ષમા કરે એવી વિનંતી છે. [તંત્રી]

આવેલ સંદેશાઓમાંથી કેટલાક સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છેઃ-

પૂ.શ્રી યોગેશ્વરજી આજના સમાજ માટે માર્ગદર્શક, સુધારક, વિચારક, લેખક અને ચિંતક હતા; તેઓ મહાનતા મેળવી ગયા. પૂ-માતાજીને આશ્વાસન, ધીરજ આપશો.

ભૂપતભાઈ ઠાકર-ઉપાસક, ધાંગધ્રા.

*

સંતની ટૂંકામાં ટૂંકી વ્યાખ્યા આ છે; 'શાંતિ આપે તેને સંત કહીએ' આ અર્થમાં પૂ શ્રી. યોગેશ્વરજી સાચા સંત હતા.

આધિ વ્યાધિ ઉપાધિથી ગ્રસ્ત જીવને એમના સાન્નિધ્યમાં પરમ શાંતિનો અનુભવ થતો હતો. આંતરિક સ્વસ્થતા અને સમાધાનના આરીસા જેવી એમની નિર્મળ આંખો હતી, વાત્સલ્ય નિર્ઝરતી અને વિનય માધુર્યથી રસાળ બનેલી શામક એમની વાણી હતી. યોગેશ્વરજી એટલે જ જાણે જીવંત સૌજન્યમૂર્તિ.



જીવનની ક્ષણેક્ષણનો જાગૃતિપૂર્વક સદુપયોગ કરનાર અને અધ્યાત્મને લોકસંગ્રહની સેવામાં યોજનાર આ વિરલ સંતની સહુને ખોટ સાલશે.

એ તપસ્વી વાચસ્પતિનું સાહિત્ય એટલું બધું વિપુલ ને વૈવિધ્યયુક્ત છે. કોઈ Ph. D. કરે તો સારૂં કામ થાય.

ડૉ. રણજીત પટેલ-અનામી, વડોદરા.

*

તેમનો નશ્વર દેહ તો ગયો, પણ તેમની અમર વાણી અને સાહિત્ય-જેમાંથી અનેકોને પ્રેરણા મળી, તે હવે માત્ર પુસ્તકો મારફત લેવાની રહી.

પૂ. મા સર્વેશ્વરીને ખૂબ જ વ્યથા થતી હશે, પરંતુ તેઓની સાધના પૂ. મહાત્માજીના સાન્નિધ્યમાં આટલાં વર્ષો હતી, તે જ પ્રેરક બની રહેશે. સંભવ છે તેઓ પોતાની આગવી પ્રથા પૂ. મહાત્માજીના પ્રેરક બળથી બતાવી શકે... તેઓ તો મોક્ષ પામી ગયા. ડૉ. જે. એમ શાહ વડોદરા.

*

શું લાગ્યું એ યોગી તમને
મૃત્યુનું ગાન મીઠું ?
કે ગાવાને અભય થઈને
છોડી ચાલ્યા અમને શુ ?
શું તમે થાકયા ? જીવન વનની
કેડી મુશ્કેલ કાપી ?
કે જગદંબાને મળવા કાજે
છોડી ચાલ્યા અમને શું ?
ના, ના, કોદિ કદિ કદિ અરે
સંભવે એ કદિના.

મૃત્યુ એ તો જીવનવનની
એક સંધ્યા અનેરી.
મૃત્યુ એ તો નવજીવનની
એક મંડાણ યાત્રા

જયશ્રી આઈ. શાહ

*

કલ્પના પણ થીજી જાય તેવા આઘાતજનક સમાચાર વાંચ્યા. પુ શ્રી આધ્યાત્મિક અને યોગિક જીવનને ટોચ કક્ષાએ પહોંચાડીને સાધકગણ તથા દેશ-પરદેશમાં જ્ઞાન, ભક્તિ અને સદાચારીની દિવ્ય ચેતના રેલાવીને વિશાળ બ્રહ્મમાં લીન થઈ ગયા. પુ. શ્રી અંતરિક્ષમાં રહીને સન્માર્ગ-ની પ્રેરણા આપતા રહે એવી દર્દભરી પ્રાર્થના.

રમેશભાઈ નકુમ, માણાવદર

*

પુ. શ્રીના દેવલોકવાસથી પ્રત્યક્ષ જ્ઞાન અને માર્ગદર્શન-નો જે અલભ્ય લાભ સાધકોને મળતો, તે હવે દુર્લભ બન્યો છે. સાથે સાથે એમનું દર્શન પણ.

એમ. એસ. વોરા, સુરેન્દ્રનગર

*

પુ. શ્રી જતાં સમસ્ત ગુજરાત, ભારતવર્ષ અને સમસ્ત વિશ્વને એમની ખોટ વરતાશે.

આજે વિશ્વ અનેકવિધ સમસ્યાઓથી સંતપ્ત છે. ત્યારે અધ્યાત્મના શ્રેષ્ઠ પિયૂષનું પાન પૂ યોગેશ્વરજી સૌને કરાવતા. તેઓએ સૌને માનવજીવનને સાચી રીતે જીવી જાણવા-માણવા



ખૂબજ સરળ રીતે માર્ગદર્શન આપ્યુ છે.

મોહનભાઈ વેણીભાઈ ત્રિવેદી
રાજુલા સીટી

*

પૂજ્ય માએ કહ્યું કે, "પૂજ્ય શ્રી સ્થૂળ દેહની મર્યાદા ત્યાગીને વધારે વિસ્તૃતરૂપે પ્રગટ થયા છે. એટલે એક રીતે ૧૮મી માર્ચને તેઓનો સૂક્ષ્મ પ્રાગટ્ય દિન કહી શકાય. તેઓ આપણને છોડીને ક્યાંય ગયા નથી. વધુ સઘન રીતે બધામાં વ્યાપ્ત થયા છે."

**આ તેમની અનુભૂતિ છે**-તેમની સાથે હું સંપૂર્ણ-પણે સહમત છું. આથી વધારે કશું કહેવાનું લખવાનું બાકી રહેતું નથી.

—રાજુ પુરોહિત

*

પૂજ્ય યોગેશ્વરજીના બ્રહ્મલીન થયાના સમાચાર જાણી દુઃખ થયું. જોકે તેઓ તો એક વિભૂતિ હતા. એમને જવા આવવાનું રહેતું નથી. પૂ. યોગીજી મહારાજ તથા પ્રમુખ સ્વામીજી સાથે પણ તેઓ સ્નેહગ્રંથીથી જોડાયા હતા. એમના ગમનના સમાચાર સાંભળીને ખરેખર દુઃખ થયું.

એ દિવસે અત્રેથી ભગવાન સ્વામિનારાયણની પ્રસાદીનો હાર લઈને કાંદીવલી મોકલ્યા હતા.

પરમાત્મા આપણા સહુને આ વિયોગ સહન કરવાનું બળ આપે એ પ્રાર્થના.

શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસના જય સ્વામિનારાયણ

*

યોગેશ્વરજી કોઈ એક વિસ્તારના હતા, એવું કોઇ કહી શકે નહીં, આધ્યાત્મિક ઉન્નતિ માટે એમણે જે પ્રયત્ન કર્યો, એવો પ્રયત્ન બીજા કોઇએ પણ કર્યો હશે કે નહીં એ સંશોધનનો વિષય હોવા છતાં અમારા સૌ પર એમનો વિશેષ પ્રભાવ હતો.

કપૂરા ગામમાં વર્ષમાં એકાદ વાર આવતા, એમના મિલનનો લાભ આપતા. અમારી શાળાની મુલાકાત એમણે લીધી હતી, એક વૃક્ષ (કાજુ) અમારી શાળાના કમ્પાઉન્ડમાં એમણે રોપ્યું છે, જે હવે મોટું થયું છે.

માતા સર્વેશ્વરીજી અમારા ગામનાં છે. આમ યોગેશ્વરજી-ને અમે અમારા ગણતા હતા, અમને એમણે પ્રેરણાનાં પિયૂષ પાયાં છે.

અમારા આત્માના વિકાસ માટે એમણે સુંદર માર્ગદર્શન આપ્યું છે.

હવે એઓશ્રી સદેહે આપણી વચ્ચે નથી, છતાં એમની પ્રેરણા મળતી જ રહેશે. એમના વિચારો હવે વધુ વેગવાન બનશે.

એ સાચા સંત હતા, કયાંય કોઈ સંપ્રદાય, કોઈ વિધિ-વિધાન કે કોઇ ચોક્કસ મંદિર એમણે સ્થાપ્યાં નહીં, અને સાચા સંત તરીકેની સુવાસ પ્રસરાવી ગયા.

એમના આત્માને શાંતિ મળો, એમ કહેવાની હેસિયત આપણામાં નથી. પોતેજ છેલ્લા શબ્દો દ્વારા આપણે ને પ્રેરણા આપી ગયા, પરમાત્મા અને આત્મા વિષેનું છેલ્લું વાકય એમના વિચારોનો નિચોડ છે.



એમની કૃપા આપણા સૌ પર ઉતારો, એમનું કાર્ય કરવાનું બળ મળો, માતા સર્વેશ્વરીજીને નમસ્કાર.

છોટુભાઇ કે ભારતી
પ્રભા વિદ્યાલય, કપુરા.

*

આ દુઃખદ સમાચારથી અમોને તથા અમારી સંસ્થાના કર્મચારીઓને પારાવાર દુઃખ થયું છે. આપણા ભારત દેશે એક બહુશ્રુત જ્ઞાની મહાત્મા ગુમાવ્યા છે. તેની ખોટ લાંબા સમય સુધી સાલશે. આવા પરમ જ્ઞાની મહાત્માના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

પ્રમુખ
વડવા વ્યાયામ મંદિર, ભાવનગર

*

તા. ૧૮મી માર્ચ, ૧૯૮૪ ના દિવસે પરમ પૂજ્ય યોગેશ્વર-જીએ તેમની લીલા સંકેલીને સ્થૂળ દેહનો ત્યાગ કર્યો, તે સાથે ભારતના આધ્યાત્મિક ક્ષેત્રેથી એક પરમ તેજસ્વી નક્ષત્ર-નો લય થયો. તેઓ સૂક્ષ્મ રૂપે સાધક ભાઈબહેનોને પ્રેરણા પૂરી પાડતા રહેશે તેમાં શંકા નથી. તેમ છતાં મારા જેવા સામાન્ય કક્ષાના લોકો માટે તેમના સ્થૂળ દેહની ગેરહાજરીએ જાણે શૂન્યાવકાશ સર્જ્યો હોય તેમ લાગે છે. એ કરુણામૂર્તિના વાત્સલ્યથી ભરેલા મીઠા બોલ હવે પાસે બેસીને સાંભળવા નહી મળે, તે વિચારતાં જ આંખો અશ્રુ ભીની થઇ જાય છે. તેમના વિચારો, ઉપદેશ, અને તેમનું સાહિત્ય કેવળ વર્તમાન પેઢીનેજ નહીં, પરંતુ ભવિષ્યની પેઢીને પણ ઉપયોગી નીવડશે. તેમના પવિત્ર જીવન અને ઉમદા કાર્યોમાંથી બોધપાઠ લઇએ અને તેમનાં અધૂરાં

રહેલાં કાર્યો પૂરાં કરવાનો સંકલ્પ કરી તેમને ભાવભીની અંજલિ અર્પિત કરીએ.

ગૌત્તમ ભટ્ટ

*

પ. પૂ. શ્રી. યોગેશ્વરજી એક મહાન સંત, ઉચ્ચ કોટિના વિદ્વાન, વિચારક, સાહિત્ય સર્જક, આધ્યાત્મિક સમાજ સુધારક, પ્રેમાળ અને પ્રેરણાદાયક મૂર્તિ હતા. અને તેમના મુખારવિંદ ઉપર સદા પ્રસન્ન, હૃદય સ્પર્શી અને અવર્ણનીય સ્મિત વિલસતું હતું. સમાજને સ્વાનુભૂતિ સભર ભારતીય સંસ્કૃતિ અને ધર્મનો સંદેશ અને ઉપદેશ પ્રવાહી, સરળ અને અસરકારક વાણી અને શૈલીમાં તેઓ આપતા હતા.

નજરબાગમાં તેમના પ્રવચનોનું પાન કરવું એ જીવનનો અલૌકિક લ્હાવો હતો. અને આ લ્હાવો હવેથી સદા માટે સ્વપ્ન બની જાય છે: તેથી વડોદરાવાસી ભક્તજનો એક અભૂતપૂર્વ ગ્લાનિ અનુભવે એ સ્વાભાવિક છે.

પ્રો. સુરેશચંદ્ર કાંટાવાલા, વડોદરા

પૂ. ગુરુદેવના એકાએક દેહવિલયથી અમે સહુ દિગ્મૂઢ બનીને ખૂબ ઘેરા શોકમાં ડૂબી ગયા છીએ. પૂ. સર્વેશ્વરી માને તેમજ અન્ય સાધકોને અમે શું શાંત્વન આપી શકીએ ?

–નાથુભાઇ પટેલ, ભુસાકી



# મહાત્મા યોગેશ્વરજીને રાજકોટની અંજલિ

નરહરિપ્રસાદ જોષીપુરા

મુંબઈ ખાતે ભાગવત પ્રવચન કરતાં પ્રસિદ્ધ હિમાલયના સંત યોગેશ્વરજી હૃદયરોગના હુમલાથી બ્રહ્મલીન થયા તે પ્રસંગે પ્રણવાનંદ સંસ્કૃત ભવનમાં રાષ્ટ્રીય શાળાના સંચાલક શ્રી પુરુષોત્તમભાઈ ગાંધીના પ્રમુખ સ્થાને પ્રાર્થના સભા મળી હતી.

'સ્થિત પ્રજ્ઞનાં લક્ષણો'ની ગીતા પ્રાર્થના બાદ શ્રી પ્રાણભાઇ જોષી, શ્રી ગીતાનંદજી, શ્રી ઉમિયાશંકર વ્યાસ, શ્રી શાન્તિલાલ કનેરિયા, શ્રી ત્ર્યંબકભાઈ આચાર્ય, શ્રી નર્મદાશંકર વ્યાસ વગેરેએ બ્રહ્મલીન સંતને ભાવભીની શ્રદ્ધાંજલિ આપતાં એમની હિમાલયમાં કઠિન તપશ્ચર્યા, લાંબા ઉપવાસો, સાક્ષાત્કાર અને તે પછી એક કર્મયોગી મહાત્મા તરીકે પરોપકારી જીવનને બિરદાવેલ.

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી પુરુષોત્તમભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે–તેઓ ત્યાગી મહાત્મા હોવા છતાં માતૃભક્તિ અને રાષ્ટ્રભકિતમાં અનન્ય હતા. એમણે સંન્યાસીનાં ભગવા ધારણ કર્યાં ન હતાં. સ્વચ્છ સફેદ ખાદીધારી આ સંતપુરુષ મહાત્મા ગાંધીજી પ્રત્યે ખૂબ આદરભાવ રાખતા. એમના દેહવિલયથી જ્યારે ભારતને ખૂબ ખૂબ જરૂર હતી ત્યારેજ ન પૂરાય તેવી ભારે ખોટ પડી છે.

અંતમાં શ્રી નરહરિ પ્રસાદ જોષીપુરાએ પ્રાર્થના સંકલ્પનું વાચન કર્યું હતું.

# ભાઇલાલમાંથી શ્રીભગવાન

પ્રો. જયકૃષ્ણ ત્રિવેદી-મોરબી

ગુજરાતના એક નાના ગામડાના ગરીબ કુટુંબમાં જન્મેલા અને પિતાનું શિરછત્ર ગુમાવી બેઠેલા બ્રાહ્મણ બાળક ભાઇલાલે પુરુષાર્થથી અનેક મુશ્કેલીઓનો સામનો કરીને, હિમાલયની ગિરિ કંદરાઓ ઘૂમી વળીને, અનેક સાધુ સંતોનો સમાગમ કરીને, સાધના, તપ, ધ્યાન દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને પ્રભુપદ પામ્યા.

આદ્ય શંકરાચાર્યે માતાની આજ્ઞા લઈ સંન્યાસ ગ્રહણ કર્યો અને તેમની ઈચ્છા પ્રમાણે અંતકાળે આવી અગ્નિસંસ્કાર કર્યો પરંતુ મહાત્મા શ્રી યોગેશ્વરજીએ માતાના અંતિમ શ્વાસ સુધી તેમને જગદંબા ગણી પૂ.જ્યોતિર્મયીની માતાની અનન્યભાવે સેવા કરીને "માતૃદેવો ભવ" ની ઉકિતને ચરિતાર્થ કરી.

પૂજ્ય શ્રીને અગાઉ હૃદયરોગનો હુમલો થયો હતો છતાં પ્રભુના આ પ્યારા પ્રતિનિધિએ દેશ વિદેશ પ્રભુ પેગામ પહોંચાડ્યો.

તેમનું મૃત્યુ મોટા સાધુ સંતોને ઈર્ષા ઉપજાવે તેવું છે. આવું મોત તો માગ્યું પણ ન મળે.

મહાત્મા યોગેશ્વર અને પૂર્ણ પુરુષોત્તમ યોગેશ્વરની અંતિમ ક્ષણોમાં સમાનતા છે. ભગવાન શ્રી કૃષ્ણ પોતાના અંતરંગ સખા ઉદ્ધવને ભાગવત ધર્મનો ઉપદેશ આપતા સ્વધામ પધાર્યા. આપણા પ્યારા યોગેશ્વર પણ શ્રીમદ્ ભાગવત પરનાં પ્રવચનોનો ઉપદેશ મુંબઇના લક્ષ્મીનારાયણના મંદિરના પટાંગણના વિશાળ ભાવિક ભકતોને આપતાં પ્રભુ ધામ સિધાવ્યા.



"મૃત્યુ તો મરી ગયું રે લોલ"...એ પેલા કવિની પંક્તિ પૂજ્ય શ્રી ની બાબતમાં નિઃશંકપણે કહી શકાય. મૃત્યુ રંક બનીને મહાત્માને વંદન કરતું જોતું રહ્યું અને મા જ્યોતિર્મયી-ના પનોતા પુત્ર મહાજ્યોતિમાં મળી ગયા.

રામાનુજાચાર્ય કહે છે કે પ્રભુ પોતાના ભકતો પાછા ધામમાં આવે ત્યારે ઉત્સવ મનાવે છે. ગીતાના ગાયક શ્રી યોગેશ્વરે મહાત્મા યોગેશ્વરનો પણ ઉત્સવ મનાવ્યો જ હોય ને!

*



પ. પૂ. મહાત્માજીના લીલા સંવરણ પ્રસંગની મુખારવિંદની તસ્વીર. શોકમગ્ન પ. પૂ. મા સર્વેશ્વરી બાજુમાં બેઠેલાં છે.

# પૂ. ગુરુદેવ વ્યાપક બ્રહ્મમાં લીન

મહાત્મા પૂ. શ્રી યોગેશ્વરજી, જેઓને આપણે એક સાકાર રૂપે અત્યાર સુધી દર્શન કરી, તેમની અમૃતવાણીનો લાભ લેતા હતા, તે આજે સમસ્ત જગતના કલ્યાણ માટે નિરાકાર બ્રહ્મ ૐ સ્વરૂપે વ્યાપક સૂક્ષ્મ શરીરે વિરાજ્યા છે.

કોઈ વડીલ બાળકની આંગળી પકડી પાંચ સાત ડગલાં ભરાવી ને આંગળી છોડી દે, તો જે સ્થિતિ થાય તેવી સ્થિતિ પૂ. મા સર્વેશ્વરી, પૂ. શ્રી સાથે ચારપાંચ વર્ષ નજીકથી રહ્યા તે સાધકોની થઇ છે. પૂ. શ્રી અધ્યાત્મ ક્ષેત્રમાં પોતાનું કાર્ય કરવાનું તેમને સોંપી ગયા.

પૂ. ગુરુદેવ તથા પૂ. મા અંતર્યામી–સર્વ શકિતમાન હોવાના મને સચોટ અનુભવ મારા જીવનમાં થયા છે. તેમની છેલ્લી આફ્રિકાની વિદેશ યાત્રાથી પાછા ફરવાનાં હતાં ત્યારે હું માનસિક પ્રાર્થના કરતો કે મારા અધ્યાત્મ જગતની મા, તું તારા દીકરા માટે પરદેશથી વસ્ત્ર-કાપડ ના લાવે ! જે હું પહેરી સુખી થાઉ-યાદગીરી રહે !

પૂ. મા સર્વેશ્વરીનાં જન્મદાત્રી મા તા. ૨૨–૩–૮૪ના રોજ દેવલોક થયાં ત્યારે પૂ. મા સાથે મહાત્માજી કપુરા ૪ દિવસ રહ્યા. છેલ્લા દિવસે શ્રી ઈશ્વરભાઇ સાથે વાતોમાં હતા ત્યારે પૂ. શ્રી યોગેશ્વરજીએ મને પાસે બોલાવી તેમની ધોતી બતાવી. હું સમજ્યો કે ગુરુજી મને સંધાવી લાવવાનું કહેશે, પણ તેમની વાત પુરી થતાં ધોતી આપતાં મને જણાવ્યું કે "આ લો. ધોતી જરા જીર્ણ છે, તે સાંધી લેજો-પહેરજો-ધ્યાનમાં કામ આપશે" કેવી અદ્ભુત કરૂણા !



બીજો પ્રસંગ–ત્યાંજ કપુરા ગામમાં અમો–શ્રી ઈશ્વરભાઇ શ્રી જીતુભાઈ સાથે સવારે રોજ દૂધ આપવા જતા. મહાત્માજી જે રૂમમાં રહેતા તેનાં બારણા પાસે જઇ શ્રીઈશ્વરભાઇ "હરિ ૐ" કહી દૂર બેસતા. અને તેમનો અનુભવ–ચમત્કાર જોવાની ઉત્કંઠા રહેતી. અમારી સાથે ત્રણ બહેનો પણ હતી. અમારા આશ્ચર્યની વચ્ચે થોડીવાર પછી મહાત્માજીના રૂમનાં બે બારણાં એક સાથે ખૂલતાં અને પૂ. શ્રી યોગેશ્વરજીને અમે દૂર સામેના બારણા પાસે લેખન કાર્ય કરતા જોયા. આવું ત્રણ દિવસ જોયું. તો પછી એ બારણાં કોણે ખોલ્યાં ? એ પ્રશ્ન અમારા મનમાં સળવળતો. પૂ શ્રી કહે "માની શકિત કામ કરે છે" કેવો પ્રત્યક્ષ ચમત્કાર-જેણે જોયો તે જ પૂ. શ્રી-પૂ. માને સમજી શકે ! એ સર્વશકિતમાને કોણ પામી શકે ?

ડા. રાજેન્દ્ર ભટ્ટ, બારડોલી

"આત્માને દૂર શું ને નજીક શું ? પૂ. મા, તમે આત્મા નથી મહાત્મા છો. પૂ. શ્રી તમારી સાથેજ છે. તમારા તેઓ સદા માર્ગદર્શક રહેશે.

—દીનાબેન ઘડિયાળી, સુરત

# યોગીને અંજલિ કેવી ?

-ગોરધનભાઇ અમીન I.A.S.(R)

પૂજ્ય મહાત્મા યોગેશ્વરજી તા. ૧૮–૩–૮૪ના રોજ રાત્રે ૯.૪૫ કલાકે મુંબઈમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના ગીતા હોલમાં શ્રીમદ્ ભાગવત ઉપર પ્રવચન કરતાં, "જીવ શિવમાં ભળી જાય —" એવા છેલ્લા ઉદ્ગારો ઉચ્ચારતાં તત્ક્ષણ બ્રહ્મલીન થઇ ગયા. સારાયે યોગેશ્વર પરિવારમાં ઉંડા શોકની લાગણી વ્યાપી ગઇ. તેઓના નશ્વરદેહને બીજે દિવસે મોડી રાત્રે અમદાવાદમાં 'સકળ' એપાર્ટમેન્ટસ ના "સત્યપથ" માં લાવવામાં આવ્યો. હજારો ભકતજનોએ આખરી દર્શન કર્યાં અને ત્રીજે દિવસે તા–૨૦–૩–૮૪ના રોજ સવારે ૯ વાગે તેમના નિવાસસ્થાન 'સત્યપથથી' ભાવભીની ભવ્ય સ્મશાન યાત્રા નીકળી. સ્મશાન સુધીના આખાયે રસ્તે અનેક સાધકોએ ફૂલહાર કરી અંજલિ અર્પી. સ્મશાનમાં પણ અગ્નિસંસ્કાર પૂર્વે અનેક વ્યકિતઓએ ભવ્ય અંજલિ ધરી.

તા. ૨૫–૩–૮૪ના રોજ અમદાવાદના એચ. કે. હોલમાં જાહેર શોકસભા મળી વિદ્વાન ન્યાયમૂર્તિઓ, મહામંડલેશ્વર, સાહિત્યકારો, ઉચ્ચ કક્ષાના નિવૃત્ત સરકારી અધિકારીઓ તેમજ અન્ય ભકતોએ મહાત્માજીને અંજલિ આપી. મુખ્ય સૂર હતો કે મહાત્માજી જેવા સિદ્ધ યોગીને આપણે શું અંજલિ આપી શકવાના !

ગુજરાતના એક નાના ગામડામાં જન્મ લઇ મુંબઇમાં વિદ્યાભ્યાસ કરી, કાચી વયમાંજ હિમાલય પહોંચી જઈ, ઉગ્ર તપ–સાધના કરી સિદ્ધ યોગી બન્યા. આત્મસાક્ષાત્કાર પણ કર્યો. તેમને આપણે શું અંજલિ આપી શકવાના !



કેવળ આત્મસાક્ષાત્કારથી થંભ્યાથી નહિ. તેમાં જીવનનું સાર્થક અને સંતોષ સ્વીકાર્યા નહિ. દેશ પરદેશમાં ઘૂમી સાચો જીવન સંદેશ આપ્યો. લોકસંગ્રહાર્થે ઉચ્ચકોટિનાં અનેક પ્રકાશનો બહાર પડ્યાં અને કીફાયત કિંમતે વેચાણમાં મૂકયાં. આધ્યાત્મિકતાથી તરબોળ એવા વિદ્વતાપૂર્ણ પ્રવચનો આપ્યા. શિબિરો યોજી, ધ્યાનકેન્દ્રો સ્થાપ્યાં. બધાંજ કાર્યોમાં અકર્તાનો ભાવ રેડ્યો. વિચાર, વાણી, અને વર્તનની એકસૂત્રતા જાળવી રાખી. સત્ય અને ધર્મની સાચી અને અનોખી શીખ આપી. ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા તથા હિંદુધર્મના પ્રણેતા હોવા છતાં અન્ય ધર્મને તુચ્છ ગણ્યો નહિ. રાષ્ટ્રપ્રેમી હોવા છતાં અન્ય રાષ્ટ્રને ઉતારી પાડવાનો પ્રયત્ન સુદ્ધાં ન કર્યો. સમાજ–સુધારક હોવા છતાં કોઇ દુરાગ્રહ દાખવ્યો નહિ. ગુણગ્રાહી હોઈ દરેક ધર્મ, રાષ્ટ્ર, સમાજ તેમજ વ્યકિતનું સારી અને સાચી બાજુનું પ્રતિપાદન કર્યું. આવા સિદ્ધયોગી અને સંતમહાત્માને વળી અંજલિ કેવી ?

અંજલિ હોઈ શકે. તેમણે આપેલી શીખ જીવનમાં ઉતારી 'સ્વ' સાથે 'પર'નું કલ્યાણ કર્મ કરતાજ રહેવું. "સત્યપથ" ને કેન્દ્રમાં રાખી, પ્રેરણા મેળવી મહાત્માજીએ ચીંધેલા માર્ગે જીવનયાત્રા સફળ રીતે આટોપવી. સત્યપથની સતત સ્મૃતિ એ જ યોગીને અંજલિ.

---

तार मिला। एक धक्का सा लगा। कइ दिनो तक बिचार आते रहें। विश्वास नही होता। कि पू.श्री चले गये।

ગાંધી નિવાસ સોસાયટીના મંત્રી અને પૂ.શ્રીના અનન્ય ભક્ત શ્રી રતનલાલજી–મસૂરી.

# મહાત્મા શ્રી યોગેશ્વરજી–એક સંસ્મરણ

બાબુભાઈ ના. મહેતા

મહાત્માજીનું જીવન એટલે વાણી અને વર્તનની એકવાકયતા. સામાનું મન વાંચવાની અજોડ શકિત.

મહાત્માજી સાથેનો મારો પરિચય એ લગભગ વીસ વર્ષ જુની બાબત છે. લગભગ સત્તર વર્ષ પહેલાં મહાત્માજી અને માતાજી મારે ત્યાં પધારેલાં અને મારા વૃદ્ધ પિતાશ્રીને તેમના જીવનની સંધ્યા ટાંણે દર્શન આપી કૃતકૃત્ય કરેલા. મારા પરિચયનાં પહેલાં પંદર વર્ષમાં મહાત્માજી સાંસારિક, આધ્યાત્મિક રાજકીય અને બીજી જુદીજુદી બાબતોમાં એક સરખો રસ લેતા. ત્યાગી, વૈરાગીએ આ બધી જળોજથામાં શા માટે પડવું જોઇએ એ મારા વિચારોને લીધે મહાત્માજી સાથેનો મારો સંબંધ ગમા અણગમા વચ્ચે ચાલતો. પણ જયારે મને સમજાયું કે મહાત્માજી નકારાત્મક ત્યાગી–વૈરાગી જીવન નહિ પણ પણ આધ્યાત્મિકતા વણાયેલી, સર્વત્ર પરમાત્માનું દર્શન કરતી રચનાત્મક જીવન પદ્ધતિને અપનાવેલા સંત છે, ત્યારે મારો બધોજ અણગમો ઓગળી ગયો અને તેઓશ્રી મારા પૂજ્ય ગુરુદેવ બન્યા.

મેં ઘનશ્યામનગર કાંદીવલીમાં નવી જગા લીધી ત્યારે સામાન્ય રીતે મહાત્માજી કોઇને ત્યાં જતા ન હતા. મુંબઈ આવ્યા ત્યારે એક દિવસ મારા નવા ઘરમાં પુનિત પગલાં પાડી મારા ઘરને પાવન કરવાની મેં પ્રાર્થના કરેલી; તેના જવાબમાં તેઓશ્રી બોલેલા "હું હવે કયાંય જતો નથી તે



તમે જાણો છો. મારા આવવાથી શું વધુ છે? હું તમારી સાથે જ છું." આ જવાબથી નિરાશા તો થઇ પણ મન સાથે સમાધાન કરી લીધું. 'હું તમારી સાથેજ છુ" એ વચનને કસોટીએ ચઢાવવાની મારી લાગણી હતી. પણ ત્યાર પછી એક વખત રાત્રે અઢી વાગે મારી અર્ધનિદ્રામાં અને બીજી વખત દિવસે અઢી વાગે મારી સંપૂર્ણ જાગૃત અવસ્થામાં મારે ત્યાં પધાર્યાં. બન્ને અવસ્થા વખતે તેમને જોવાનો, સાંભળવાનો અને સ્પર્શનો હું પ્રત્યક્ષ અનુભવ કરતો હતો. જાગૃત અવસ્થાનો મારો અનુભવ બંધ આંખનો હતો. ઘણા પ્રયત્ન છતા મારી આંખ ખુલતીજ ન હતી. ચર્મ ચક્ષુથી હું જોઇ શકતો ન હતો. આ પ્રસંગો પછી મારી શ્રદ્ધા-ભકિત વધુ બળવત્તર બની. હું શિબિર અને બીજી પ્રવૃત્તિમાં યથાશકિત રસ લેતો હતો. આમ સમય વહી રહ્યો હતો તેવામાં મુંબઈમાં પ્રવચનો અને શિબિર યોજવાની તાજેતરની પ્રવૃત્તિનો સળવળાટ શરૂ થયો. મુંબઇના એક સાધક ભાઇ આગળ વિચારો વ્યકત કરતાં મહાત્માજી બોલ્યા 'બાબુભાઇ છે એટલે પ્રવચનો યોજવામાં વાંધો નહિ આવે.' તેઓશ્રીનું આ કથન મને જાણવા મળ્યું ત્યારે મારામાં અજબ આત્મવિશ્વાસ પેદા થયો. મને લાગ્યું કે મહાત્માજી જ આ કાર્ય કરવા માગે છે ફકત અમારા શરીરને નિમિત્ત બનાવવાનો અમારા પર ઉપકાર કરવા માગે છે. આ માન્યતામાં મારા સહકાર્યકર અને મિત્ર ડૉ. નરમ પણ મારી સાથે હતા. અમે ખંતથી કાર્ય શરૂ કર્યું" અને માધવબાગ અને કાંદીવલીનાં પ્રવચનોની ગોઠવણ સહજમાં જ બની ગઇ. આ પ્રયત્નમાં પ્રશંસનીય ફાળો કુ. પ્રેરણાબેન, સૌ. નીલાબેન, મધુભાઈ, હરગોવિંદભાઈ, હરિશ્ચન્દ્રભાઇ અને બીજાઓનો હતો.

માધવબાગનાં પ્રવચનો પૂરાં થતાં કાંદીવલીનાં પ્રવચનો

માટે તા. ૧૮-૩-૮૪ની બપોરે ગાડી લઈ મહાત્માજીને લેવા હું વાલકેશ્વર ગયો. મહાત્માજીનો કાંદીવલીનો ઉતારો મારે ત્યાં હતો. પૂજાની શરૂઆત મંત્રોચ્ચારથી મહાત્માજીએજ કરી. અને ત્યાર પછી શ્રી રંગ અવધૂતના પરમ ભકત મારા મિત્ર ભાઇશ્રી જગન્નાથભાઈએ પૂજન મંત્રોચ્ચારથી પૂરૂં કરાવ્યું. ત્યાર બાદ મહાત્માજી સાધકો સાથે વાતચીત કરતા હતા તે વખતે મેં કહ્યુ "મહાત્માજી એ યોગાનુયોગ છે કે આપ અહીં છો અને કાલે આ બેબીની S. S. C. ની પરીક્ષા શરૂ થાય છે. તે આપના આશીર્વાદ લઇ પરીક્ષા આપવા જશે. જવાબમાં મહાત્માજીએ આવેશયુકત વાણીમાં બોલવા માંડયું. "માગી લો, જેટલું મગાય તેટલું માગી લો, બધુંજ મળી જશે, આજે જ માગો, હમણાં જ માગો, કાલ પર ન રાખો, "કાલે બહુ મોડું થઇ જશે" જાણે કૃપા વરસાવવા અઢળક ઢળવા માગતા હતા. આ રીતે કાલ તેમને માટે નથી તેનો ગર્ભિત સંકેત આપી દીધો. મને મનમાં ધ્રાસકો પડ્યો પણ પરીક્ષા આપવા ચિ. રેણુ જશે ત્યારે મહાત્માજીનો રૂમનો દરવાજો ખુલ્યો નહિ હોય તેથી આમ કહે છે એમ મેં મનને મનાવી લીધું.

રાતના જમવામાં મહાત્માજીએ ખીચડી કે બટાટા પૌંઆ બનાવવાની આજ્ઞા કરી. આગમનનો પહેલો દિવસ હોઈ સાથે થોડો શીરો લેવા મેં પ્રાર્થના કરી અને તેમણે તે સ્વીકારી. શીરો બહુ ગમ્યો અને પ્રસન્નતાથી શીરો એકલોજ જમ્યા. ત્યાર પછી પોણા નવ વાગે અમે ગીતા ભવનમાં પ્રવચન માટે ગાડીમાં જઇ પહોંચ્યાં. માનાં ભજનોથી શરૂઆત થઇ. બાદમાં પ્રવચન શરૂ કરતાં મહાત્માજીએ ભકિતયોગને બદલે ભાગવતથી શરૂઆત કરી દૃષ્ટાન્તો સાથે પંદર મિનિટનું પ્રવચન કર્યું. [આ આખું પ્રવચન પ્રારંભમાં છાપ્યું છે.] ચાલુ પ્રવચનેજ હાર્ટએટેક આવ્યો. પછી રામાયણ ઉપર બોલવા માગતા હોય તેમ એક વખત સ્પષ્ટ અને ચારેક વખત અસ્પષ્ટ વાણીમાં રામનું ઉચ્ચારણ કરતાં કરતાં શરીર પીઠ તરફ ઢળવા માંડયું. અમે પાસે મંચની નીચે જ હતા. મંચ ઉપર દોડ્યા અને તેમને વ્યાસપીઠ પરજ સુવાડી દીધા. જે ડોકટરો-પ્રવચનમાં હાજર હતા તેમણે તરતજ સારવાર શરૂ કરી. પાંચ-છ ડોકટરોએ એક પછી એક તપાસ્યા. આખરે નિરાશાનો અભિપ્રાય બધાએ જ આપ્યો. મહાત્માજીએ કાયમી શાન્તિસાથે બ્રહ્મલીન સ્થિતિમાં પ્રવેશ કર્યો.



મહાત્માજીના દેહને એમ્બ્યુલન્સમાં મારે ત્યાં ઘનશ્યામ નગરમાં લાવવામાં આવ્યો. તા ૧૮ મીની રાત્રે અગિયાર વાગ્યાથી બીજા દિવસે સાંજે સાડા પાંચ વાગ્યા સુધી ભજન, કીર્તન, ધૂન અને સરળગીતાના પારાયણ વચ્ચે પુષ્પોથી લદાયેલો દેહ મારા ઘરમાં રહ્યો. બહાર ગામના ભકતો આવી જતાં જરૂરી તૈયારી પતાવી એમ્બ્યુલન્સમાં પૂજ્ય મા અને ભક્તો મહાત્માજીને લઇને લગભગ સાંજે છ વાગે અમદાવાદ જવા રવાના થયાં. અમદાવાદની મુસાફરીની વ્યવસ્થામાં સૌ. પ્રવીણા બહેનનું કુટુંબ, શ્રીજતુભાઇ, ભરતભાઈ, શ્રી બાબુભાઇ વ્હોરા અને બીજા ઘણા શ્રમયુકત ગોઠવણ કરવામાં રોકાયા હતા. હું નીચે વિદાય આપવા હાજર હતો. બધાં ગયા પછી બીજાઓની જેમ સ્મશાન યાત્રામાં જોડાવા અમદાવાદ જવાનો નિર્ણય કરી હું મારા ઘરમાં પ્રવેશ્યો. ઘરમાં મહાત્માજી અણુઅણુમાં પ્રસરી ગયા હોય એવો જીવંત અનુભવ મને થવા લાગ્યો. ઓરડો પ્રકાશમય દેદીપ્યમાન લાગતો હતો. હું મહાત્માજીના જીવંત સાન્નિધ્યનો અનુભવ કરતો હતો. આથી અમદાવાદ જવાનો નિર્ણય બદલી નાંખ્યો અને ગયો નહિ. મારે મન મહાત્માજી જીવંત છે. તેમના દેહને નષ્ટ થતો હું

જોવા માગતો ન હતો.

મારા જેવોજ મહાત્માજીના જીવંતપણાનો અનુભવ બીજા એક અજાણ્યા ભાઈને પણ થયો. તા. ૧૯મી ની રાત્રે દસ વાગે તેઓ મારે ત્યાં આવ્યા. અગાઉ મહાત્માજી પધાર્યા ત્યારે પણ તે અચાનક આવી ચઢેલા. મારા ઘરમાં શાન્ત ઉભા રહ્યા. અગાઉ મહાત્માજીની હયાતીમાં દર્શન કર્યાં ત્યારે બીજે દિવસે ગેરહાજરીમાં તેમનાં શરીરમાં વીજળીનો કરન્ટ વહી રહ્યો હતો. આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. મેં આશ્વાસન આપ્યું. મહાત્માજીના ઉતારાવાળા ઓરડામાં હું તેમને લઇ ગયો. તેમણે ઓરડાને અને મહાત્માજીના ફોટાને દંડવત્ પ્રણામ કર્યાં અને પછી ગયા.

મહાત્માજી એટલે વાણી અને વર્તનની એક વાકયતા "હું તમારી સાથેજ છું" મને આપેલા એ વચનનું મારે ત્યાં અંતિમ ખાણું, પીણું લઇને અને અંતિમ શયન કરીને અક્ષરસહ પાલન કર્યું. મને કાયમી સહવાસ આપ્યો.

ભગવન્ ! આપ વચનના પાકા છો. કૃપાના સાગર છો. આપનું વચન કાયમ માટે નીભાવો. આપના સંગમાં અમે રહી શકીએ એટલું પ્રાણવાન, પવિત્ર જીવન જીવવા જેટલી સુવિધા શકિત અમને આપો જેથી ઇચ્છીએ ત્યારે આપનું પ્રત્યક્ષ સાન્નિધ્ય અનુભવી શકીએ. ૐ શાન્તિ

અમદાવાદમાં સ્મશાનયાત્રીઓ ઉપર બે વખત સુગંધિત ચન્દનનાં અમી છાંટણાં થયાના છેલ્લા સમાચાર મને મળ્યા છે.

ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ

*

પૂ. મા, તમારી સેવાર્થે મારૂં જીવન હરપળે તૈયાર છે. મા ક્ષતિઓ ભરેલો હું તમારો દીકરો છું. મારા જીવનને તમારી સેવાથી સુગંધિત બનાવો. હિમાંશું પાઠક, સુરત.



# પ. પૂ. માતાજી જયોતિર્મયી વિશ્રામગૃહ

મહાત્મા યોગેશ્વરજીએ સ્થાપેલા સર્વમંગલ ચેરીટબલ ટ્રસ્ટ તરફથી પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહની સ્થાપના અંબાજીમાં કરવાનો નિર્ણય થયો છે. વળી ત્યાં સાધકોને એકાંતવાસ માટે સાધનાકુટિરોનું પણ આયોજન થશે.

વિશ્રામગૃહમાં એક ફરનીસ્ડ ઓરડાનો ખર્ચ રૂપીયા પચ્ચીસ હજાર અંદાજવામાં આવ્યો છે. જે ભાઈબેનો તેમાં એક ઓરડા પેટે વ્યક્તિગત કે સંયુક્ત રીતે મદદ મોકલવા માગતા હોય અથવા વિશ્રામગૃહના નિર્માણ કાર્યમાં બીજી નાની મોટી છૂટક મદદ કરવા માગતા હોય તેમણે તે મદદ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના નામના બેન્ક ડ્રાફ્ટથી કે રોકડ રકમથી કે મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવા વિનતિ છે.

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ.
C/o બાબુભાઈ વોરા
૩૧, ગવર્મેન્ટ સર્વન્ટસ સોસાયટી
નવરંગપુરા
અમદાવાદ-૩૮૦૦૦૯

આ ટ્રસ્ટને આપેલ દાનોની રકમ ૫૦% નિયમ પ્રમાણે ઇન્કમ-ટેક્સમાં કરમુક્ત છે.

૧૦૦૧ રૂા. શ્રી સૂર્યકાન્તભાઇ જે. મહેતા. સીલીસીટર્સ, મુંબઇ
૫૦૧ રૂા. ઇન્દ્રવદન મોહનલાલ શાહ, વડોદરા
૩૦૦૦ રૂા. છોટુભાઈ જગુભાઈ પટેલ
એકસપ્રેસ એન્જી સુરત. [કુલ રૂા. ૧૫૫૦૦ મળ્યા]
૯૦૦ રૂા. ઉતરાણના એક સાધક તરફથી એક ઓરડાની રકમ પેટે.

૨૫૨૫૧ રૂા. શ્રી કલ્યાણ મંડળ, ૪, કીંબરલી રોડ, રગ્બી યુ. કે.
૫૦૦૧ રૂા શ્રી કાન્તિલાલ શાહના સ્મરણાર્થે. હા. કુમુદબેન
કે. શાહ. મુંબઈ

## છૂટક રકમોની યાદી

૮૪૮ રૂા. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી
૫૦૧ રૂા. શ્રી હીરાલાલ ગોકલદાસ દોશી, મુંબઈ
૨૦૨ રૂા. એક ઓરડાની સહાય છૂટક રકમ

## અંજલિ

"મા, પરમ જ્યોત આપણ સર્વેને છોડી અદ્રશ્ય થઇ ગઈ એ માનવામાં નથી આવતું. પરંતુ એ દુઃખદ સત્યને સ્વીકાર્યા વગર છુટકો નથી. એ પરમ જ્યોત બુઝાઇ જવાથી જગતના સમગ્ર યોગેશ્વર પરિવારને અંધારૂં લાગશે, એમાં કોઈ સંશય નથી. એ પરમ જ્યોત સ્વરૂપ મહાત્મા પ.પૂજ્ય શ્રીને પણ પ્રાર્થના કરીએ. કે જે રીતે સ્થૂળ શરીરે અમારા જીવનને પ્રકાશીત કરી રહ્યા હતા તે જ રીતે સૂક્ષ્મે રહી અમારા જીવનને પ્રકાશીત કરતા રહેશો."


શ્રી મોહનભાઈ, બોલ્ટન.

કેટલા પ્રેમપૂર્વક પૂ. શ્રી આપ મને આગ્રહ કરી બીકાનેર લઇ ગયા ! સાત દિવસ ખૂબ પ્રેમપૂર્વક આપનું સાન્નિધ્ય મારા પરિવારે માણ્યું. ત્યારે ક્યાં ખબર હતી કે આ આપનું છેલ્લું સાન્નિધ્ય છે ? ડૉ. ઘનશ્યામભાઈ દેસાઇ, ભાવનગર

## * ભજન *

[ નોંધ : પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી હમણાં પુષ્કરમાં થઈ ગયેલ સંત બ્રહ્માનંદનાં હિંદી ભજનો ગુજરાતીમાં પૂ. માને ઉતરાવતાં. તેઓનાં લગભગ ૪૦૦ પદોમાંથી પૂ. શ્રીએ પસંદ કરેલાં ૧૧૩ જેટલાં પદોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે. તેમાંથી ૧૦૩નું ભજન તેઓએ તા. ૧૬-૩-૮૪ના રોજ પોતાના સ્વ અક્ષરે ઉતાર્યું છે. તે નીચે આપ્યું છે. —તંત્રી]

( તાલ-કવ્વાલી )




નોંધ : [ પાના ૨૦ ઉપર આ ભજન છાપેલું છે ]

## સલામી

અમે એને સલામી દીધી
જેણે જિંદગી બીજાની કીધી;
વેદનાઓ અવરની લીધી;
અમે સંસ્મૃતિ એની કીધી.

વિષપ્યાલીને પ્રેમથી પીધી,
તાપ વેઠીને છાંયડી દીધી;
અમે આરાધના એની કીધી.

પોતે સહવાનું કીધું પસંદ.
વાડી અન્યની કરી હરિયાળી,
સૂની પડી અંતરની સિતારી
વારિ વિના કરમાઈ ક્યારી,
અન્ય કેરી સિતારી સજાવી
જેણે સીંચી અવરની ક્યારી,
અમે એને સલામી દીધી.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨